♦ વર્ષ : ૫ ♦ અંક ૮૮ ♦ L2/36/RNP/BVR-430/18-20 ♦ RNI No.GUJ GUJ/2014/55492 ♦ મેનેજીંગ તંત્રી : મુન્તઝીર જે. સીદાતર ♦ નિવાસી તંત્રી : નરેન્દ્ર ચુડાસમા ♦ info@loksansar.in ♦ પાના : ૧૨ । કિંમત રૂા. ૩.૦૦



ભાવનગર આવૃત્તિ

લોકપ્રશ્નોને વાચા આપતું નિષ્પક્ષ દૈનિક

ભાવનગર અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક

# લોક સંસાર

LOK SANSAR
BHAVNAGAR

24•05•2018 | THURSDAY

9426153600 www.loksansar.in



ચિત્રાંગદા નિર્માણ ક્ષેત્રે કુદી પડવા માટે પૂર્ણ સુસજ્જ » Page 07

જેએમ ફાઈનાન્સિયલ ક્રેડિટ સોલ્યુશન્સ લિ.નો એનસીડી ઈસ્યુ ૨૮મેના ખુલશે » Page 05

સેરેના વિલિયમ્સ ફ્રેન્ચ ઓપનમાં બિનક્રમાંકિત ખેલાડી તરીકે રમશે » Page 07

WEATHER TODAY

SUMMER

| | |
|---|---|
| મહત્તમ | ૪૩.૦ ડિગ્રી |
| લઘુત્તમ | ૧૭.૪ ડિગ્રી |
| ભેજ | ૧૩ ટકા |
| પવન | ૦૬ કિ.મી. |

# કર્ણાટકમાં કુમારસ્વામીની મુખ્યમંત્રી તરીકે તાજપોશી

*વિપક્ષી એકતાનું 'વિરાટ પ્રદર્શન'*

**નાયબ મુખ્યમંત્રી તરીકે જી પરમેશ્વરના શપથ : વિધાનસભા ભવનમાં અનેક દિગ્ગજોની ઉપસ્થિતિમાં રાજ્યપાલ વાળાએ હોદ્દા-ગુપ્તતાના શપથ લેવડાવ્યા**





બેંગ્લોર,તા. ૨૩ (સંપૂર્ણ સમાચાર સેવા)
કર્ણાટકમાં હાઈડ્રામા અને પાવરબ્રોકિંગનો દોર અનેક દિવસ સુધી ચાલ્યા બાદ જેડીએસના નેતા એચડી કુમારસ્વામીએ આજે કર્ણાટકના ૨૪માં મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. કોંગ્રેસના રાજ્યપ્રમુખ જી પરમેશ્વરે નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. રાજ્યપાલ વજુભાઈ વાળાએ બેંગ્લોરમાં આયોજિત શપથગ્રહણ કાર્યક્રમમાં બંનેને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. શપથગ્રહણને હાઈપ્રોફાઈલ બનાવવા માટે તમામ પ્રયાસ થયા હતા.

કર્ણાટકમાં સત્તા સંઘર્ષ વચ્ચે ભાજપે શપથગ્રહણ સમારોહનો બહિષ્કાર કર્યો હતો. યેદીયુરપ્પાએ મિડિયા સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, સત્તાની ભુખ અને લાલચના આધાર પર બનાવવામાં આવેલી આ સરકાર ત્રણ મહિનાથી વધારે ચાલી શકશે નહીં. ૧૯મી મેના દિવસે સુપ્રીમ કોર્ટની દરમિયાનગીરી બાદ ફ્લોર ટેસ્ટ પહેલા જ યેદીયુરપ્પાને રાજીનામુ આપવાની ફરજ પડી હતી. વોકાલિગા સમુદાયના વરિષ્ઠ નેતા ૫૮ વર્ષીય કુમારસ્વામીનું કહેવું છે કે, સરકાર સામાન્ય લોકોના હિતમાં કામ કરશે. ૨૦૦૭ બાદથી કર્ણાટકના મુખ્યમંત્રી તરીકે તેમની આ બીજી અવધિ છે.

તે વખતે તેઓ ૨૦ મહિના સુધી આ હોદ્દો જાળવ્યો હતો. કર્ણાટકના મુખ્યમંત્રી પદની શપથ લેતા પહેલા જેડીએસ નેતા એચડી કુમારસ્વામીએ સોમવારે દિલ્હીમાં કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી અને સોનિયા ગાંધીને મળીને તેમની સાથે વાત કરી હતી.

## રમઝાન મહિનામાં યુદ્ધવિરામનો ભંગ કરી પાકિસ્તાનનો ગોળીબાર

# સરહદે પાકિસ્તાનનો ફરી ભીષણ ગોળીબાર : 4નાં મોત, 20 ઘાયલ



**જુદા જુદા ક્ષેત્રોમાં પાકિસ્તાનના ગોળીબારથી દહેશતમાં આવેલા 40000થી વધુ ગ્રામીણ લોકોની સુરક્ષિત સ્થળે હિજરત સરહદ પર વિસ્ફોટક સ્થિતિ**

શ્રીનગર,તા. ૨૩ (સંપૂર્ણ સમાચાર સેવા)
જમ્મુ કાશ્મીરમાં અંકુશ રેખા નજીક અને આંતરરાષ્ટ્રીય સરહદ નજીક પાકિસ્તાને પવિત્ર રમજાન મહિના દરમિયાન પણ યુદ્ધવિરામનો ભંગ કરીને ગોળીબાર જારી રાખ્યો છે. જમ્મુ કાશ્મીરના જુદા જુદા વિસ્તારોમાં પાકિસ્તાન તરફથી કરવામાં આવેલા ગોળીબારમાં આજે વધુ ચાર લોકોના મોત થયા હતા અને ૨૦થી વધુ લોકો ઘાયલ થયા હતા.

ઘાયલ થયેલા લોકો પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. ગોળીબારના કારણે દહેશતમાં રહેલા સરહદી ગામોના ૪૦૦૦૦થી વધુ લોકોને અન્યત્ર સુરક્ષિત સ્થળે ખસી જવાની ફરજ પડી છે. શૈક્ષણિક સંસ્થાઓને બંધ રાખવાની ફરજ પડી રહી છે. પાકિસ્તાની સૈનિકોએ જમ્મુ, કઠુઆ, સાંબા જિલ્લામાં આંતરરાષ્ટ્રીય સરહદ સાથે જોડાયેલા ગામોમાં અને સરહદી ચોકી ઉપર આજે મોર્ટારથી હુમલો કર્યો હતો. ત્યારબાદ ગોળીબાર કર્યો હતો. સાંબામાં આજે સવારે નવ વાગ્યાથી ગોળીબારની શરૂઆત થયા બાદ બે લોકોના મોત થઈ ગયા હતા. પાકિસ્તાની રેન્જરોએ કઠુઆ જિલ્લામાં આવાસ વિસ્તારોમાં તથા ચોકી પર ગોળીબાર કર્યો હતો. હિરાનગર સેક્ટરમાં ભારે ગોળીબાર કરવામાં આવ્યો હતો. સરહદ પર રહેતા લોકોને બુલેટપ્રુફ વાહનોથી ત્યાંથી કાઢવામાં આવ્યા હતા. જમ્મુ જિલ્લાના આરએસપુરા, અરણિયા, રામગઢ અને સાંબા સેક્ટરમાં ગોળીબાર જારી રહ્યો છે. મંગળવારના દિવસે પાકિસ્તાની ગોળીબારમાં એક આઠ મહિનાના બાળકનું મોત થયું હતું. ૪૦૦૦૦થી વધુ લોકો અન્યત્ર જતા રહ્યા છે. આંતરરાષ્ટ્રીય સરહદના આરએસપુરા, અરણિયા, રામગઢ અને અન્ય ક્ષેત્રોમાંથી હજારો લોકો સ્થળાંતર કરી ગયા છે.

# ઈસ્લામાબાદમાં શરૂ થતી આતંકી વિરોધી પરિષદમાં ભારત ભાગ લેશે

(જી.એન.એસ)ન્યુ દિલ્હી,તા.૨૩
ભારત આતંકવાદના મુદ્દે પાકિસ્તાનને તેના ઘરમાં જ ઘેરી લેશે. એસસીઓના બેનર હેઠળ ઈસ્લામાબાદથી શરૂ થતા આતંકવાદ વિરોધી પરિષદમાં ભારત તેના પ્રતિનિધિમંડળને મોકલશે. પાકિસ્તાની વિદેશ મંત્રાલયે મંગળવારે જાહેર કરેલા એક નિવેદન અનુસાર, ભારત અને પાકિસ્તાન બંને પરમાણુ સંપન્ન દેશો છે જેની વચ્ચે તાજેતરમાં તણાવ હોવા છતાં, ભારતીય પ્રતિનિધિમંડળ આ પરિષદમાં ભાગ લેવા જઈ રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે, પાકિસ્તાન ૨૦૧૭માં જૂન મહિનામાં શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશનના સભ્ય બન્યા બાદ પ્રથમ વખત આ મિટિંગનું આયોજન કરવા જઈ રહ્યું છે.

# અઠવાડિયામાં આધાર નંબર બેકાર બનશે...! સરકાર વર્ચ્યુઅલ આઈડીની ભેટ આપશે

(જી.એન.એસ)ન્યુ દિલ્હી,તા.૨૩
અઠવાડિયાનો સમય બાકી રહ્યો છે. જે પછી તમારે ક્યાંય તમારો આધાર નંબર નહી આપવો પડે. આધાર નંબર જારી કરતી સંસ્થા યૂઆઈડીએઆઈએ વર્ચ્યુઅલ આઈડીની ભેટ ભારતીય જનતાને આપી છે. યૂઆઈડીએઆઈએ આધાર કાર્ડનું વીઆઈડી બનાવવા માટે બીટા એડિશન લૉન્ચ કરી દીધું છે. ૧ જૂન ૨૦૧૮થી કોઈપણ પ્રકારની સેવા આપતી સંસ્થાઓ આધાર નંબરના સ્થાન પર આ વીઆઈડીને સ્વીકારવાનું શરૂ કરી દેશે.

## કેન્દ્ર સરકાર દ્વારા પણ પગલા

# નિપાહ વાયરસ વચ્ચે ચાર જિલ્લામાં ન જવાનું સૂચન



નવીદિલ્હી,તા. ૨૩ (સંપૂર્ણ સમાચાર સેવા)
નિપાહ વાયરસ સપાટી ઉપર આવ્યા બાદ કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા જુદા જુદા પગલા લેવામાં આવી રહ્યા છે. નિપાહ વાયરસનો મામલો સપાટી ઉપર આવ્યા બાદ કેરળ સરકારે કેરળના ચાર ઉત્તરીય જિલ્લા કોઝીકોડે, મલપ્પુરમ, વયનાડ અને કન્નુરમાં ન જવા માટે લોકોને સૂચના આપી છે. આરોગ્ય સચિવ રાજીવ સદાનંદ તરફથી આ પ્રકારની અપીલ કરવામાં આવી છે. આમા કહેવામાં આવ્યું છે કે, રાજ્યના બાકીના વિસ્તારોમાં જવામાં કોઈ તકલીફ નથી પરંતુ સાવચેતી રાખવામાં આવે તે જરૂરી છે. કેરળના કોઝીકોડે જિલ્લામાં નિપાહ વાયરસના કેટલાક મામલા સપાટી ઉપર આવ્યા છે.

## મદ્રાસ હાઈકોર્ટની મદુરાઈ બેંચે ચુકાદો આપ્યો

# તુતીકોરિન હિંસા : સ્ટરલાઈટ પ્લાન્ટના વિસ્તરણ પર હવે સ્ટે

**હિંસામાં ૧૧ લોકોના મોત અને ૬૫ લોકો ઘાયલ થયાના એક દિવસ બાદ હાઈકોર્ટે કન્સ્ટ્રક્શનપર સ્ટે મુકી દીધો**

નવીદિલ્હી,તા. ૨૩ (સંપૂર્ણ સમાચાર સેવા)
મદ્રાસ હાઈકોર્ટની મદુરાઈ બેંચે આજે સ્ટરલાઈટ ઈન્ડસ્ટ્રી દ્વારા નવા કોપર સ્મેલ્ટરના નિર્માણને બંધ કરવાનો આદેશ જારી કર્યો હતો. બીજી બાજુ આજે સતત બીજા દિવસે પણ હિંસક પ્રદર્શનનો દોર જારી રહ્યો હતો. આ મામલામાં હવે બે ફિલ્મ સ્ટાર રજનીકાંત અને કમલ હસન પણ ઉતરી ગયા હતા. છેલ્લા કેટલાક દિવસથી અહીં વ્યાપક રક્તપાતનો દોર પણ થયો છે. તુતીકોરિન વિરોધ પ્રદર્શનનો મામલો મદ્રાસ હાઈકોર્ટમાં પહોંચી ગયો છે. મદ્રાસ હાઈકોર્ટની મદુરાઈ બેંચે આજે સ્ટરલાઈટના વિસ્તરણ ઉપર સ્ટે મુકી દીધો હતો. આજની સુનાવણી દરમિયાન હાઈકોર્ટે પ્લાન્ટમાં વિસ્તરણ કામગીરીમાં બ્રેક મુકવાનો આદેશ જારી કર્યો હતો. આ મામલાની જાહેરમાં સુનાવણી કરવામાં આવ્યા બાદ આ ચુકાદો જારી કરવામાં આવ્યો હતો. મદ્રાસ હાઈકોર્ટના આદેશ મુજબ જ યુનિટની આસપાસના વિસ્તારોમાં સીઆરપીસીની કલમ ૧૪૪ લાગૂ કરવામાં આવી છે. અત્રે નોંધનીય છે કે, પ્રદૂષણને લઈને તુતીકોરિન ખાતે સ્ટરલાઈટ કોપર પ્લાન્ટ બંધ કરવાની માંગણીને લઈને ભારે વિરોધ પ્રદર્શન જારી રહ્યો છે. ૧૧ લોકોના મોત થઈ ચુક્યા છે. ૬૫થી વધુ લોકો ઘાયલ થયા છે. આજે પણ સ્થિતિ વિસ્ફોટક રહી હતી. અત્રે નોંધનીય છે કે, સ્ટરલાઈટથી થનાર પ્રદૂષણને ધ્યાનમાં લઈને સ્થાનિક લોકો છેલ્લા ઘણા મહિનાથી સ્ટરલાઈટ કોપર યુનિટનો વિરોધ કરી રહ્યા હતા.

# સિંધુ જળ સમજૂતી મુદ્દે પાક.ને ઝટકો : વર્લ્ડ બેન્કના અધિકારીઓએ અરજી ફગાવી

(જી.એન.એસ)જિનિવા/ન્યુ દિલ્હી,તા.૨૩
સિંધુ જળ સમજૂતી પર ભારતથી નારાજ થયેલા પાકિસ્તાને વર્લ્ડ બેંકના દરવાજા ખખડાવ્યા છે. પરંતુ અહીં પાકિસ્તાનને નિરાશા જ હાથ લાગી છે. વર્લ્ડ બેંકે પાકિસ્તાની પ્રતિનિધિઓ સાથેની બેઠકમાં જણાવ્યું હતું કે આ મામલામાં તેની ભૂમિકા મર્યાદીત અને પ્રક્રિયાત્મક છે. વર્લ્ડ બેંકે એમ પણ કહ્યું છે કે તેઓ ભારત અને પાકિસ્તાન સાથે સિંધુ જળ સમજૂતીની જોગવાઈઓને અનુરૂપ મામલાઓના ઉકેલ માટે કામ કરવાનું ચાલુ રાખશે. જમ્મુ-કાશ્મીરના બાંદીપોરા જિલ્લામાં કિશનગંગા હાઈડ્રોઈલેક્ટ્રિક પ્લાન્ટના તાજેતરના ઉદ્ઘાટન પર પણ વર્લ્ડ બેંક દ્વારા ચિંતા વ્યક્ત કરવામાં આવી છે.

૧૮મી મેના રોજ પાકિસ્તાનના વિદેશ પ્રધાને પણ હાઈડ્રોઈલેક્ટ્રિક પ્લાન્ટને લઈને ચિંતા વ્યક્ત કરી હતી અને ભારત પર સિંધુ જળ સમજૂતીના ઉલ્લંઘનનો આરોપ લગાવ્યો હતો.


# પેટ્રોલમાં 1 થી 2 રૂપિયાનો ઘટાડો કરીને સરકાર દગો આપે છે : પી. ચિદમ્બરમ



(જી.એન.એસ)ન્યુ દિલ્હી,તા.૨૩
પેટ્રોલ અને ડીઝલના દિવસેને દિવસે વધતા ભાવો વચ્ચે પૂર્વ નાણાં મંત્રી પી ચિદમ્બરમે બુધવારે કેન્દ્ર સરકારને ઘેરી. ચિદમ્બરે બુધવારે સવારે ટ્વીટ કરીને કેન્દ્ર સરકારને આડે હાથ લીધી અને જણાવ્યુ કે સરકાર ઈચ્છે તો એક લિટર પેટ્રોલની કિંમતોમાં ૨૫ રૂપિયા સુધીના ભાવ ઘટાડી શકાય તેમ છે.પી ચિદમ્બરમે જણાવ્યુ કે કાચા તેલની કિંમતોમાં પડતી આવવાથી કેન્દ્ર સરકાર પ્રતિ લિટર પેટ્રોલ પર ૧૫ રૂપિયા બચાવી રહ્યા છે. તેમણે એ પણ કહ્યુ કે સરકાર એક લિટર પેટ્રોલ પર ૧૦ રૂપિયાનો ટેક્સ લગાવી રહ્યા છે.

## ઇન્સોલ્વંસી એન્ડ બેંકરપ્સી કોડમાં સુધારાને મંજુરી

# કંપની ડુબવાની સ્થિતિમાં હોમ બાયર્સને હવે હરાજીમાં હિસ્સો



**અન્ડરકન્ટ્રક્શન રિયાલીટી પ્રોજેક્ટમાં જે લોકોના પૈસા ફસાયેલા છે તેવા હજારો પરિવારોને મોટી રાહત**

નવીદિલ્હી,તા. ૨૩ (સંપૂર્ણ સમાચાર સેવા)
કેન્દ્રની મોદી સરકારે હોમ બાયર્સ અથવા તો આવાસની ખરીદી કરનાર લોકોને મોટી રાહત આપીને ઈન્સોલ્વંસી એન્ડ બેંકરપ્સી કોડમાં ફેરફારને લીલીઝંડી આપી દીધી છે. આજે સવારે યોજાયેલી કેબિનેટ બેઠકમાં આ ફેરફારની ભલામણોને લીલીઝંડી આપવામાં આવી હતી. હવે કોઈ રિયાલીટી કંપની ડુબી જવાની સ્થિતિમાં તેમાં હોમ બાયર્સનો પણ હિસ્સો રહેશે. કંપની ડુબી જવાની સ્થિતિમાં આવાસ ખરીદનારને પણ હરાજીમાં હિસ્સો મળી શકશે. રિયાલીટી સેક્ટરની કંપનીઓના ડુબવાની સ્થિતિમાં હજુ સુધી સંપત્તિની હરાજીમાં બેંકનો હિસ્સો જ રહેવાની વાત થતી હતી પરંતુ હવે હરાજીમાં હોમ બાયર્સનો પણ હિસ્સો રહેશે.

# ઉ.પ્રદેશમાં ભાજપ નેતાઓને વોટ્સએપ પર ધમકી : 10 લાખની ખંડણી આપો

(જી.એન.એસ)લખનઉ,તા.૨૩
ઉત્તરપ્રદેશમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. આ કિસ્સાથી સનસની ફેલાઈ ગઈ છે. ભાજપના છ ધારાસભ્યો સહિત આઠ નેતાઓને એક જ નંબરથી વોટ્સએપ મેસેજ કરીને ૧૦ ૧૦ લાખ રૂપિયાની ખંડણી માંગવામાં આવી છે.

ત્રણ દિવસમાં જો રૂપિયા નહીં આપે તો પરિવારને મારી નાંખવાની પણ ધમકી આપવામાં આવી છે. દરેક નેતાઓ પાસેથી ખંડણી માંગવામાં એક જેવી ભાષાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. પોલીસ એ નેતાઓને સુરક્ષા આપતાં તપાસમાં લાગી ગઈ છે. તપાસમાં એટ-ીએસ અને એસટીએફને લગાવવામાં આવી છે. દરેક ભાજપના નેતાઓને +૧(૯૦૩)૩૨૯ ૪૨૪૦ નંબરથી વ્હોટ્સઅપ મેસેજ કરવામાં આવ્યો છે. એમાં લખ્યું છે, 'હું છું અવી બુદેશ ભાઈ.

## એમ્નેસ્ટી ઈન્ટરનેશનલના રિપોર્ટમાં ધડાકો

# મ્યાનમાર : 100થી વધુ હિન્દુ લોકોની ઘાતકી હત્યા થઈ હતી

નવીદિલ્હી,તા. ૨૩ (સંપૂર્ણ સમાચાર સેવા)
રોહિંગ્યા ત્રાસવાદી સંગઠનના લોકોએ મહિલાઓ અને બાળકો સહિત ૯૯ લોકોની હત્યા ૨૦૧૭ના ગાળામાં કરી હતી. મ્યાનમારના રાખીન પ્રાંતમાં હિન્દુ ગામોમાં આ લોકોએ કત્લેઆમ ચલાવ્યો હતો. નવા એમ્નેસ્ટી ઈન્ટરનેશનલ રિપોર્ટમાં આ અંગેનો ચોંકાવનારો ઘટસ્ફોટ કરવામાં આવ્યો છે. મધ્ય ૨૦૧૭માં અરાકન રોહિંગ્યા સાલ્વેશન આર્મી દ્વારા ગંભીર પ્રકારના માનવ અધિકારનો ભંગ કરવામાં આવ્યો હતો. ગેરકાયદે હત્યાકાંડ સર્જ્યા હતા. હિન્દુઓના અપહરણ કરી લેવામાં આવ્યા હતા. સુરક્ષા દળો સાથે પણ તેમની વ્યાપક અથડામણ થઈ હતી. રક્તપાતનો દોર ચાલ્યો હતો. મ્યાનમાર સરકારે બોર્ડર ગાર્ડ ઉપર હુમલા કરવા બદલ એઆરએસએ ઉપર ગંભીર આક્ષેપો કર્યા છે. સાથે સાથે કહ્યું છે કે, હિંસાને રોકવા માટે પ્રયાસો પણ કરાયા હતા. રક્તપાતના દોર વચ્ચે હજારોની સંખ્યામાં રોહિંગ્યા મુસ્લિમો મ્યાનમાર છોડીને ભાગી પણ ગયા હતા અને આ લોકો પડોશી બાંગ્લાદેશમાં શરણ લેવા પહોંચ્યા હતા. ૨૫મી ઓગસ્ટ ૨૦૧૭ના દિવસે એઆરએસએના ત્રાસવાદીઓએ હિન્દુ ગામમાં હુમલો કર્યો હતો

# વડા પ્રધાન બનવાના રાહુલના સપના પર કોઈ પ્રતિબંધ નથી : જાવડેકર



(જી.એન.એસ)મુંબઈ,તા.૨૩
કેન્દ્રીય પ્રધાન પ્રકાશ જાવડેકરે તાજેતરની કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીની ટિપ્પણી કે તેઓ દેશના વડા પ્રધાન બનવા તૈયાર છે સામે વ્યંગબાણ છોડતા જણાવ્યું હતું કે સપના જોવા પર કોઈ પ્રતિબંધ નથી.

કોંગ્રેસે ૨૦ રાજ્ય ગુમાવ્યા છે અને હવે તે માંડ બે-ચાર રાજ્યમાં રહી ગઈ છે. આ પાશ્ર્ચાદ્ ભૂમિકામાં રાહુલ ગાંધી જો વડા પ્રધાન બનવાના સપના જોતા હોય તો

# પેટ્રોલ-ડિઝલના ભાવ વચ્ચે વધુ એક ઝટકો, વિજળી કિંમતો વધે તેવી શક્યતા !

(જી.એન.એસ)ન્યુ દિલ્હી,તા.૨૩
સતત વધી રહેલા પેટ્રોલ-ડીઝલની કિંમતની અસર હવે સામાન્ય માણસો પર જોવા મળી શકે છે. પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં થઈ રહેલ વધારા વચ્ચે હવે વિજળીની કિંમત પણ વધરો થઈ શકે છે. ગરમી વધવાના કારણે થર્મલ પાવરની ડિમાન્ડ પહેલાથી જ ઘણી વધી ગઈ છે, અને વિજળી ઉત્પાદન માટે જરૂરી કોલસાની અછત અપર્યાપ્ત સાબિત થઈ રહી છે.






# ૪૧.૯ ડિગ્રી સાથે ભાવનગરમાં સુર્યપ્રકોપ યથાવત

## ૧૮ કી.મી. ઝડપે ગરમ લૂં ફૂંકાતા જનજીવન પ્રભાવીત : બપોરના સમયે રસ્તાઓ સુમસામ

તસવીર : મનિષ ડાભી



**તાપમાન ૪.૯ ડિગ્રીએ સ્થિર**

*છેલ્લા ચોવીસ કલાક પુર્ણ થતા ભાવનગરનું મહત્તમ તાપમાન ૪૧.૯, લઘુત્તમ તાપમાન ૨૭.૯, ભેજનું પ્રમાણ ૩૪ ટકા જયારે પવનની ગતિ ૧૮ કિલોમીટર પ્રતિકલાક રહેવા પામી છે.*

ભાવનગર તા. ૨૩

ભાવનગર શહેર-જિલ્લામાં કાળઝાળ ગરમી સાથે દાહક તાપનું પ્રમાણ યથાવત્ રહેવા પામ્યું છે. મહત્તમ તાપમાન ૪૧. ડીગ્રીને પાર થતા જાહેર જીવન પર ભારે અસર થવા પામી છે.

અધિક જેઠ (પ્રથમ જેઠ) માસના ૧૦ દિવસ પસાર થઈ ચુકયા છે. સામાન્તયઃ વેશાખ માસના સમાપન બાદ જેઠ માસના પ્રારંભીક આઠ- દસ દિવસ પસાર થયે વાતાવરણમાં પ્રિ મોન્સુન એકટીવીટી (ચોમાસા પુર્વેના હવામાનમાં ફેરફારો) જોવા મળતા હોય છે અને ૨૦ જુન બાદ ધીમીગતિએ ચોમાસાનું મંડાણ થતું હોય છે. પરંતુ આ વર્ષે અધિક માસ હોવાના કારણે હાલ તુરંત ચોમાસા લક્ષી કોઈ એંધાણી જોવા નથી મળી રહી મે માસના ૨૩ દિવસ પસાર થઈ ચુકયા છે. અને ઉનાળો ચરમ સિમાએ બરાબર જામ્યો છે. સપ્તાહમાં એકાદ વાર મહત્તમ તાપમાનં ૩ ડીગ્રીનો ઘટાડો થાય તો બીજા જ દિવસે ૪ ડીગ્રનો ધરખમ વધારો જોવા મળતો હોય છે. છેલ્લા એક સપ્તાહ કરતા વધુ સમયથી સરેરાશ તાપમાન ૩૮થી ૪૩ ડીગ્રી વચ્ચે જોવા મળી રહ્યું છે.

૪૧ ડિગ્રી જેવું તાપમાન સાથે ૧૮ થી ૨૦ કિલોમીટરની ઝડપે ફુંકાતા ગરમ પવનોના કારણે જાહેર જનજીવન પ્રભાવીત થયું છે. સવારે ૧૧ વાગ્યાથી લઈને સાંજના ૬ વાગ્યા સુધી જાહેર માર્ગો પર સ્વયંભુ કર્ફ્યુ જેવો માહોલ જોવા મળી રહ્યો છે. લોકો જરૂરી કામ સિવાય બહાર નિકળવાનું ટાળી રહ્યા છે.

એક ધારા ૪૦ ડિગ્રીથી વધુ તાપમાન સતત રહેવાના કારણે લોકોના રોજબરોજના કામો પર ગંભીર અસરો વર્તાઈ રહી છે. તો બીજી તરફ વાતાવરણમાં ભેજનું પ્રમાણ પણ ઉત્તરોત્તર વધતુ હોવાના કારણે તીવ્ર બફારાનો અનુભવ લોકો કરી રહ્યા છે. આકરા સ્વરૂપે તાપ વરસાવી રહેલ સૂર્યનારાયણને પણ લોકો પ્રાર્થના કરી રહ્યા છે કે હવે ખમૈયા કરો અને વહેલી તકે વર્ષા રાણી હેત વરસાવે.

### પાણી વ્યય માટે પ્રજા-તંત્ર બંન્ને દોષી ?!



ભાવનગર શહેરના તમામ વિસ્તારોમાં પાણી પ્રશ્ન પેચીદો બન્યો છે માત્ર ઉનાળામાં જ નહિ બારે માસ અત્રેની જનતા પાણીકાપ વેઠી રહી છે એવા સમયે અમુલ્ય પાણીનો સરેઆમ બેફામ બગાડ થતો હોય તો વેળા માટે જવાબદાર કોણ ? શહેરના વડવા વિસ્તારમાં દુધવાળી શેરીથી નેરા તરફ જવાના રોડ પર આવેલ સાર્વજનીક પાણીના સ્ટેન્ડ પર તુટેલા નળને કારણે પ્રતિદિન મોટી માત્રામાં પાણીનો વ્યય થાય છે આમ છતા સ્થાનિકો કે તંત્ર આવી ગંભીર બાબતે કોઈ ઉચીત પગલા નથી થઈ રહ્યા.

### તળાજાના પીગળી ગામે

# નરાધમ કાકાએ બળજબરીથી ભત્રીજી સાથે આચર્યુ દુષ્કર્મ

## ભત્રીજીને ગર્ભ રહી જતાં ભાંડો ફુટયો : છ માસ પહેલા બનેલો બનાવ



ભાવનગર તા. ૨૩

તળાજા તાલુકાના પીંગળી ગામે છ માસ પુર્વે નરાધમ કાકાએ એકલતાનો લાભ લઈ બળજબરીપ-ુર્વક ભત્રીજી સાથે દુષ્કર્મ આચાર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે. તળાજા તાલુકાના પીંગળી ગામે રહેતી ૧૯ વર્ષીય યુવતિએ પોલીસ ફરિયાદ આપે છે કે છ માસ પહેલા યુવતીના પરિવારજનો ખેત મજુરી ગયા હતાં. તે વેળાએ તેના કાકા જીવણ માવજી પરમાર ઘરે આવ્યો હતો અને યુવતીની એકલતાનો લાભ લઈ મોઢું દબાવી મારી નાખવાની ધમકી આપી યુવતીની ઈચ્છા વિરૂધ્ધ દુષ્કર્મ આચર્યું હતું. દુષ્કર્મનો શિકાર બનેલી યુવતિને ગર્ભ રહી જતા સમગ્ર ઘટનાનો ભાંડો ફુટયો હતો. અને પરિવારજનોને વાતની ખબર પડતા મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો. બનાવ અંગે પોલીસે કાકા જીવણ પરમાર વિરૂધ્ધ ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

# ભાવનગર યુનિવર્સિટી દ્વારા યોજાયેલ સમર કેમ્પનો સમાપન સમારોહ યોજાયો

ભાવનગર તા. ૨૩

મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીના શારીરિક શિક્ષણ વિભાગ દ્વારા જુદી-જુદી ૭ રમતો ક્રિકેટ, ફુટબોલ, બાસ્કેટોલ, ટેબલ ટેનિસ, બેડમિન્ટન, જુડો, યોગાસનનો સમર કેમ્પ પ્રથમવાર તા. ૮-૫-૨૦૧૮થી ૧૫ દિવસ માટે પ્રશિક્ષક કોચ દ્વારા વિદ્યાર્થીઓને પદ્ધતિસરની તાલીમ મળે તે માટે યોજવામાં આવેલ જેનો સમાપન સમારોહ મા. કુલપતિ ડો.એસ.એન. ઝાલાના અધ્યક્ષસ્થાને વિવેકાનંદ હોલ, શામળદાસ આર્ટસ કોલેજ, ભાવનગર ખાતે યોજાઈ ગયેલ.



શારીરિક શિક્ષણ નિયામક ડો. દિલીપસિંહ ગોહિલ દ્વારા આ સમર કેમ્પનું મહત્વ, તેના લાભો તથા ઉપયોગીતા વિશે પ્રવચન કરેલ, તેમજ આગામી રમત-ગમત કેમ્પમાં ડાયટેશિયન, અને તબીબી ડોકટરોને સામેલ કરવા વિશે માહિતી આપેલ. અધ્યક્ષ સ્થાનેથી કુલપતિ ડો. એસ.એન.ઝાલાએ જણાવેલ કે વિવિધ રમત-ગમતના એસોસીએશનના સહકારથી યુનિવર્સિટી દ્વારા આવા સમર કેમ્પનું આયોજન પ્રથમવાર કરવામાં આવેલ છે અને આગામી વર્ષોમાં પણ આવા આયોજનો કરવામાં આવશે.

સમાપન સમારોહમાં આ કેમ્પમાં માનદ સેવા આપનાર વિવિધ રમત-ગમત ક્ષેત્રના કોચનું પુષ્પગુચ્છ અને પ્રમાણપત્ર આપી કુલપતિના હસ્તે બહુમાન કરવામાં આવેલ હતું. ભાગ લેનાર તમામ વિદ્યાર્થી ખેલાડીઓને પણ ઉપસ્થિત મહેમાનોના હસ્તે પ્રમાણપત્ર આપવામાં આવેલ હતાં. આ ઉપરાંત સમર કેમ્પમાં ક્રિકેટમાં ભાગ લેનાર વિદ્યાર્થી ખેલાડીઓને ૫૦ જેટલી ટી-શર્ટ જાણીતા ઉદ્યોગપતિ સંતોષભાઈ કામદારના સૌજન્યથી આપવામાં આવેલ હતાં.

# ખાનગી શાળાઓની ફી સંદર્ભે તંત્ર સ્પષ્ટતા કરે : વાલી મંડળ

## તમામ શાળાઓમાં નિયમોનું ચૂસ્તપાલન સાથે ફરિયાદ નિવારણ પંચની નિમણુંક કરવા માંગ

ભાવનગર તા. ૨૩

ભાવનગર શહેર જિલ્લામાં આવેલ ખાનગી શાળાઓમાં સરકાર તથા કોર્ટ દ્વારા નિયત કરાયેલ ફીના દરનો ચુસ્ત અમલ કરાવવાની માંગ ભાવનગર જાગૃતવાલી મંડળ દ્વારા કરવામાં આવી છે.

હાલના સમયે ભાવનગર શહેર - જિલ્લામાં આવેલ ખાનગી શાળાઓમાં નવા એડમીશન પ્રવેશ પ્રક્રિયા શરૂ થઈ ચુકી છે. ત્યારે ગત વર્ષે ખાનગી શાળાઓ દ્વારા વસુલવામાં આવતી શૈક્ષણિક ફીના ધારા ધોરણ સમાન રાખવા માટે કોર્ટે આદેશ કર્યો હતો. તથા રાજય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા નિયમો જાહેર કરી તમામ શાળાઓમાં ફીનું ધોરણ એક સમાન રાખવા આદેશો કર્યા છે. આમ છતા ભાવનગરમાં આવેલી અનેક શાળાએ નિયમોનું ઉલંઘન કરી ફી વસુલી રહી છે. ત્યારે ભાવનગર જાગૃત વાલી મંડળ દ્વારા જિલ્લા શિક્ષણાધિકારીને સંબોધી એવા પ્રકારે માંગ કરી છે કે પ્રવેશ પ્રક્રિયા તથા ફી ના ધારાધોરણ સંદર્ભે સરકારની ગાઈડ લાઈનનું ચૂસ્તપણે પાલન કરાવવામાં આવે તેમજ પ્રવેશ તથા ફી સંદર્ભે લોકોને પડી રહેલ હાલાકી દુર કરવા વિશેષ પંચની નિમણુંક કરવામાં આવે તથા નિયમોનું પાલન ન કરનારી શાળાઓ સામે શિક્ષાત્મક પગલા લઈ માન્યતા રદ કરવાની માંગ કરી છે.

### વલ્લભીપુર તાલુકા કચેરીએ

# ગૌચરની જમીન મામલે પ્રતિક ઉપવાસ બેસેલા માલધારીનું મોત

## ગૌચર જમીનો પ્રશ્ન હલ ન થાય ત્યાં સુધી મૃતદેહ સ્વીકારવા ગ્રામજનોનો ઈન્કાર

તસવીર : મનિષ ડાભી



ભાવનગર તા. ૨૩

વલ્લભીપુરના ચમારડી ગામે આવેલ ગૌચરની જમીન મામલે ગામના માલધારીઓ તાલુકા કચેરીએ પ્રતિક ઉપવાસ પર બેઠા હતાં ત્યારે એક માલધારીની તબીયત લથડતાં સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાતા જયાં ફરજ પરના તબીબે તપાસી મૃત જાહેર કર્યા હતાં.પ્રાપ્ત વિગત મુજબ વલ્લભીપુરના ચમારડી ગામે ગૌચરની જમીન ફળાવવાને ન ફાળવાતા ગામના માલધારીઓએ અનેક વખત જિલ્લા પંચાયત તાલુકા પંચાયત, મામલદતાર કચેરીમાં રજુઆતો તેમજ આંદોલનો કર્યા છે. જે બાબતે ગત તા. ૧૬ના રોજ ચમારડી ગામના માલધારીઓ વલ્લભીપુર તાલુકા કચેરીએ પ્રતીક ઉપવાસ પર બેઠા હતાં. જેમાં ગામમાં રહેતા રેવાભાઈ ગોહડભાઈ સાસલા (ઉ.વ.૪૫) પણ જોડાયા હતાં. તેમની આજરોજ તબીયત લથડતાં સારવાર અર્થે હોસ્પિટલખસેડયા હતાં. જયાં ફરજ પરના તબીબે રેવાભાઈને તપાસી મૃત જાહેર કર્યા હતાં. ઉપવાસીનું મોત નિપજતા ગ્રામજનો રોષે ભરાયા છે. અને મૃતદેહને હોસ્પિટલમાંથી સ્વીકારવાનો ઈન્કાર કર્યો છે. જયાં સુધી કલેકટર ગૌચરની જમીનનો પ્રશ્ન હાલ ન કરે ત્યાં સુધી મૃતદેહ નહીં સ્વીકારવા ગ્રામજનોએ માંગ કરી છે.

### પ્રિમોન્સુન કામગીરી માત્ર કાગળ પર - જયદિપસિંહ

ભાવનગર તા.૨૩

ભાવનગર શહેરના ૧૩ વોર્ડ વિસ્તારોમાં પ્રિમોન્સુનની વાસ્તવીક કામગીરી થતી નથી માત્ર કાગળ અને બીલ પર જ આવી કામગીરી થાય છે અને તેનો શાસકો દેખાવ કરતા હોય છે. ભાવનગર મહાનગર પાલિકા કોંગ્રેસ પાર્ટીના નેતા જયદિપસિંહ ગોહિલે આજે મહાનગર સેવા સદન ખાતે ડ્રેનેજ વિભાગ દ્વારા થઈ રહેલી આવી કામગીરીનો ટીકાત્મક આક્ષેપ કરી વખોડતા ગોહિલે જણાવ્યુ કે, માત્ર ને માત્ર શાસકો અવા દેખાવ જ કે છે તેમ જણાવ્યુ છે.

શહેરમાં ૩ થી ૪ ઈંચ વરસાદ પડે તો પાણી ભરાય જતા હોય છે, એટલે સેવા સદને આવી પ્રિમોન્સુનની કામગીરીમાં કાળજી રાખી ડ્રેનેજોની લાઈનો, મેન હોલો અને ગટરોની સાફ સુફીમાં ધ્યાન આપવુ જોઈએ તેવી તેમણે માંગ ઉઠાવી છે.

# મહુવા તથા અમરેલીમાં ઘરફોડ ચોરી કરતી ગેંગને ઝડપી લીધી

## મહુવા પોલીસે અનેક ઘરફોડ અને મોટર સાયકલ ચોરીના ગુના ઉકેલ્યા

તસવીર : મુસ્તાક વસાયા



મહુવા તા. ૨૩

મહુવા તથા અમરેલીમાં છેલ્લા ઘણા સમયથી ચોરી કરતી ગેંગ સક્રિયા હતી જે અનુસંધાને મહુવા પોલીસે સઘન પેટ્રોલીંગ હાથ ધરતાં બે શખ્સોને શંકાસ્પદ હાલતે ઝડપી લઈ સઘન પુછપરછ કરતા બન્નેએ મહુવા તથા અમરેલીમાંથી અનેક ઘરફોડ અને મોટર સાયકલ ચોરી કર્યાની કબુલાત આપી હતી.

મહુવા પો.સ્ટેના પો.ઈન્સ એસ.એમ.વારોતરીયાના માર્ગદર્શન હેઠળ મહુવા પો.સ્ટે થયેલ ચોરીની ફરીયાદો દાખલ થતા તેમજ અન્ય સોસાયટી વિસ્તાર અક્ષરવિલા એપાર્ટમેન્ટ, શ્રીજી હાઈટસ એપાર્ટમેન્ટ, જગજીવન સોસાયટી, ગોકુલધામ સોસાયટી, શીવનગર વિગેરે વિસ્તારમાં રાત્રીના સમયે ઘરફોડ ચોરીનો તરખાટ મચાવતી ગેંગ સકિય થયેલ હોય જે અનુંસધાને ચોરી કરતી ગેંગને પકડી પાડવા મહુવા અધિક પોલીસ અધિક્ષક બી.યુ.જાડેજાની સીધી સુચનાથી નાઈટ રાઉન્ડ ની ફરજો અસરકારક કરેલ જેથી મહુવા ડિ.સ્ટાફના હેડ.કોન્સ જીવણભાઈ આહિર તથા પી.આર.ગોહિલ, બી.બી.ગુજજર, ઓમદેવસિંહ ઝાલા, બનેસંગભાઈ મોરી, નરેશભાઈ બારૈયા, બનેસંગભાઈ મકવાણા, હામુભાઈ ભાદરકા, રઘુવીરસિંહ ગોહિલ, નાનુભાઈ ચેલાણા, વરૂભાઈ પરમાર, મહેશભાઈ બારોટ, પાતાભાઈ ગઢવી અને મહુવા પોલીસ સ્ટાફ તેમજ હોમગાર્ડ જવાનો તેમજ ગ્રામ રક્ષક દળ (જી.આર.ડી) તેમજ એસ.આર.ડી (સાગર રક્ષક દળ) ને ખાસ સઘન નાઈટ પેટ્રોલીંગ ફરવા માટે સુચના આપેલ જે અન્વયે પો.ઈન્સ સ્ટાફ સાથે નાઈટ રાઉન્ડમાં હતા દરમ્યાન સોસાયટી વિસ્તારમાંથી શકાદાર પકડી પાડેલ જે પૈકી નં(૧) વિકમસિંહ સરનસિંહ રાવત રહે. ગામ ભીમ પીપલી તા.ભીમ જી.રાજસમત રાજય રાજસ્થાનવાળો તથા નં(૨) સતપાલસિંગ સતનામસિંગ ટાંક રહે. બાબરા જી.અમરેલીવાળો હોવાનું જણાવેલ જેને આગવી ઢબે પુછપરછ કરતા તેણે પુછપરછ દરમ્યાન જુદા જુદા સમય સ્થળે તેઓના સાગરીતો સાથે મળી ગુન્હાઓ આસરેલાની કબુલાત કરેલ.

### તગડી ગામની પરણિતાએ ઝેરી દવા પી આપઘાત કર્યો

ભાવનગર તા. ૨૩

ઘોઘા તાલુકાના તગડી ગામે રહેતી પરણીતાએ કોઈ કારણોસર ઝેરી દવા પી આપઘાત વ્હોરી લીધો હતો. ઘોઘા તાલુકાના તગડી ગામે રહેતી સવીતાબેન મહેશભાઈ મકવાણા (ઉ.વ.૨૬) એ કોઈ કારણોસર પોતાના ઘરે ઝેરી દવા પી લેતા સારવાર અર્થે સર.ટી. હસ્પિટલ ખસેડાયેલ જયં સારવાર દરમ્યાન યુવદતીનું મોત નિપજવા પામ્યું હતું.

લોકસંસાર

લોકસંસારમા સમાચાર, નગરનોંધ, મૃત્યુનોંધ માટે બિઝનેસ સેન્ટર, ઘોઘાગેટ ખાતે રખાયેલી પેટી સાંજે ૬-૩૦ કલાકે ખુલશે. ત્યારબાદ લોકસંસાર કાર્યાલય, ૩૧૫, સુરભી મોલ, વાઘાવાડી રોડ, ભાવનગર ખાતે આપી જવું.

# જિલ્લા કોંગ્રેસની વિસ્તૃત કારોબારી બેઠક આવતીકાલે પાલિતાણામાં મળશે

## પ્રદેશ અધ્યક્ષ અમીત ચાવડા, વિપક્ષનેતા ધાનાણી હાજર રહેશે

ભાવનગર તા. ૨૩

ભાવનગર જિલ્લા કોંગ્રેસ સમિતિની વિસ્તૃત કારોબારી સમિતિની બેઠક તા. ૨૫ને શુક્રવારના રોજ સવારના ૧૦ કલાકે પાલિતાણા મુકામે તળેટી રોડ, શહેનાઈ ભવનની સામે પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમીતભાઈ ચાવડાના અધ્યક્ષસ્થાને અને ગુજરાત વિરોધપક્ષના નેતા પરેશભાઈ ધાનાણી અને જીલ્લા પ્રભારી વિરેન્દ્રસિંહ વાઘેલા અને રાજેશભાઈ ગોહિલની ઉપસ્થિતમાં મળશે. વિસ્તૃત કારોબારીમાં પ્રદેશના જિલ્લાના હોદ્દેદારો, જિલ્લા કોંગ્રેસના હોદ્દેદારો, ભાવનગર જિલ્લાના જુદા-જુદા તાલુકા અને નગરપાલિકા વિસ્તારના કોંગ્રેસ પક્ષના પ્રમુખ અને હોદ્દેદારો અને ભાવનગર જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકાની ચૂંટણી લડેલા કોંગ્રેસ પક્ષના ઉમેદવાર અને હોદ્દેદારો, જિલ્લા કોંગ્રેસની જુદી જુદી પાંખના વડાઓ અને હોદ્દેદારો અને સહકારી આગેવાનોએ આ વિસ્તૃત કારોબારીમાં અચુક હાજર રહેવા જિલ્લા કોંગ્રેસના પ્રમુખ પ્રવિણભાઈ વાળા અને જિલ્લા પંચાયતના પ્રમુખ સંજયસિંહ સરવૈયાએ અનુરોધ કર્યો છે.

# સીહોરની ગૌત્તમી નદીની સફાઈ શરૂ

## નદી સફાઈ અભિયાનના પ્રારંભથી સોસાયટીના રહીશોમાં આનંદ છવાયો

તસવીર : કૌશિક વ્યાસ



સિહોર,તા. ૨૩

સિહોરની પવિત્ર ગૌત્તમી નદી ઘણા જ સમયથી પ્રદુષીત હતી. જે સત્તાધીશોને વારંવાર રજુઆત થતા આખરે નીચેની સોસાયટીઓની માંગ સંતોષાય છે.

પુનિતનગર, શિવશકિત કૈલાસનગર, જગદીશરવરાનંદ કેશવપાર્ક, અલ્કાપુરી સહિતની સોસાયટીમાં ગૌત્તમી નદીમાં જે ગટરના પાણી વહેતા જેના હિસાબે ભયંકર દુર્ગંધ આવતી અને મચ્છરના ઉપદ્રવને લીધે હિજરત કરવી પડે તેવી પરિસ્થીતિ હતી. આખરે પાલીકા દ્વારા આ માંગ ધ્યાને લઈ ગૌત્તમી નદી સફાઈ અભિયાન શરૂ કરેલ છે. જેના શ્રીગણેશ થતા ઉપરોકત સોસાયટીના રહીશોએ હર્ષની લાગણી અનુભવી છે. ગૌત્તમી નદીમાં વહેતા પ્રદુષીત પાણી બંધ થયે જ આ પ્રોબલમ દુર થશે માટે લોકો દ્વારા પણ જણાવાયું છે કે ખુલ્લામાં વહેતી ગટરો બંધ કરી કાયમી ઉકેલ લાવવો જરૂરી છે.

# પાવઠી ગામના યુવાનને લગ્નની લાલચ આપી રૂા. ૧૭ લાખ પડાવ્યા

## તળાજા પોલીસમાં યુવતી સહિત ૪ શખ્સો વિરૂધ્ધ છેતરપીંડીની ફરિયાદ નોંધાવાઈ

ભાવનગર તા. ૨૩

તળાજા પાવઠી ગામે રહેતા આહીર યુવાનને લગ્નની લાલચ આપી મહુવાની યુવતી સહિત ચાર શખ્સોએ યુવાન પાસેથી રોડક અને દાગીના મળી રૂા. ૧૭ લાખ પડાવ્યાની પોલીસમાં છેતરપીંડીની ફરિયાદ નોંધાઈ છે. પ્રાપ્ત વિગત મુજબ તળાજાના પાવઠી ગામે રહેતા પંચોળી આહીર યુવાને પોલીસમાં ફરિયાદ આપી છે કે મહુવા ખાતે રહેતા રમીલાબેન લગ્ન ભાદ્રોડ ગામે ભાવેશ સામત કવાડ સાથે કરેલ હોયા છતા પોતાની સાથે વલ્લભ મયુર કાતરીયા, જશુ વલ્લભ કાતરીયા સહિત કુલ ચારએ મળીને કરાવેલ ૧ માસ રમીલાબેન પાવઠી ગામે આહીર યુવાન સાથે રહ્યા હતાં. તે વેળાએ આ કામના આરોપીઓએ ૧૪ લાખ રોકડા અને ત્રણ લાખના દાગીના યુવાન પાસેથી પડાવી લઈ છેતરપીંડી અને વિશ્વાસ ઘાત કર્યો છે.

બનાવ અંગે પોલીસે યુવતી સહિત ચાર શખ્સો વિરૂધ્ધ વિવિધ કલમો મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પાલિતાણા સ્થિત સરકારી માનસિંહજી હોસ્પિટલમાં નિષ્ણાંત તબીબોનો અભાવ

## વિશાળ તાલુકાની એક માત્ર સરકારી હોસ્પિટલને અપગ્રેડ કરી સુવિધાઓ વધારવા માંગ



પાલિતાણા તા. ૨૩

ભાવનગર જિલ્લાની પાલિતાણની સરકારી હોસ્પિટલને વર્ષાથી એગ્રેડની જાહેર કરી પરંતુ એ ગ્રેડ જેવુ કશુ નથી ૫૬ બેડ ધરાવતી હોસ્પિટલ ફકત તાવ, ઉધરસ, સાદા પાટા પીંડી અને પી.એમ. (પોસ્ટ મોટમ) થઈ શકે છે. ફરજ પરના તમામ ડોકટરો એમબીબીએસ છે. કોઈ સ્પેશાયલીસ્ટ નથી. બાળકોના ડોકટરન થી, આંખ, નાક, કાન, ગળા, દાંતના ડોકટર નથી. પાલિતાણાથી રાજકીય કારર્કિદી ધડનાર હાલ કેન્દ્રમંત્રી બનેલા (રાજયસભામાંથી) ડો. મનખસુભાઈ માંડવિયા શું નથી ઈચ્છતા કે પોતાનો મત વિસ્તાર જે તાલુકાએ ધારાસભ્ય બનાવ્યો તે તાલુકામાં જિલ્લાની સારી એક સરકારી હોસ્પિટલ અને તમામ ડોકટર કાયમી ન હોય પરંતુ વિઝીટીંગ ડોકટર હોવા જરૂરી છે. પ્રજા તેમની પાસે હોસ્પિટલ જે માંદગીના બિછાને છે તેની સારવાર કરાવવા ઈચ્છી રહી છે. હાલ પાલિતાણા સરકારી હોસ્પિટલમાં રાજકીય લોકોના આર્શીવાદથી સબ સલામતના બણગા ફુંકે છે પરંતુ પ્રજા કહે કાંઈ સલામત નથી ખરેખરની હોસ્પિટલની ડોકટરોની ભરતી કરી સારવારની જરૂર છે.

પાલિતાણાની હોસ્પિટલ તાલુકામાં ચાલતા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર જેવી જ છે. પરંતુ માનસિંહજી હોસ્પિટલ મોટી છે. પ્રજાની અપેક્ષામાં ન તો ભાજપ ન તો કોંગ્રેસ ખરી ઉત્રી શકી ! વર્ષોથી પડતર પ્રશ્ન હોસ્પિટલનો કોઈ ઉકેલવા પ્રયત્ન નથી કરતા નહીંતર ઉકેલાય તેમ છે. પ્રાઈવેટ હોસ્પિટલને તાળા લાગી જાય દર વર્ષે એક બે નવી હોસ્પિટલ પ્રાઈવેટ પાલિતાણામાં પ્રવેશ કરે છે. ખરેખર સરકારી હોસ્પિટલમાં હાડકાના, હૃદય સ્પેશાલીસ્ટ, બાળકોના, ચામડી ડોકટરની ખાસ જરૂરીયાત છે જો કાયમી શકય ન હોય તો પાર્ટ ટાઈમ ડોકટરની ભરતી થાય તેમ પ્રજા ઈચ્છી રહી છે. હાલ હોસ્પિટલના ખર્ચાથી ગરીબ નહીં પૈસાદાર પણ ખર્ચાથી લાચાર છે. પાલિતાણાની હોસ્પિટલમાં તમામ ડોકટરર્સની સેવા ઉપલબ્ધ બને તો પાલિતાણા જેસર, ગારિયાધાર તાલુકાના લોકોને જિલ્લા સુધી દોડુ ન પડે. તેમજ યાત્રાધામની સરકાર વાતો કરે પરંતુ સરકારી હોસ્પિટલમાં યાત્રાધામ પાલિતાણાની સરકારી હોસ્પિટલને ખાસ કોઈ લાભ મળેલ ન હોય તેમ લોકમુખે ચર્ચાય રહ્યું છે. ગુજરાત સરકારમાં કેન્દ્રી મંત્રી પાસે પાલિતાણાની પ્રજા હોસ્પિટલમાં ડોકટસની ભરતીનો પ્રશ્ન ઉકેલે તેમ ઈચ્છી રહી છે.

## માળનાથ ગ્રૃપ દ્વારા પક્ષીઓ માટે પાણીના કુંડાનું વિનામુલ્યે વિતરણ

ભાવનગર,તા.૨૩

ચૈત્ર મહિનો બેસતાની સાથે જ ગરમીનો પારો ૪૫ ડીગ્રીએ આંબવા જઈ રહ્યો છે. આવી અસહ્ય ગરમીમાં દરેક જીવને શિતળતા અને પાણીની જરૂરીયાત વધુ રહે છે. માનવી પોતાની રીતે પાણી અને ઠંડકનો પુરવઠો મેળવી લેશે. પરંતુ અબોલ પંખીં પાણી માટે ખુબજ હેરાન પરેશાન થતા હોય છે.

પંખીઓને પાણી મળી રહે તે માટે જીવદયા પ્રેમી 'જય માળનાથ ગ્રૃપ'તા.૨૪-૫-૨૦૧૮નો ગુરૂવારનાં રોજ પાણીનાં કુંડાનું વિતરણ કરવામાં આયોજન કરી રહ્યું છે.

આ વખતે વિતરણ ભાવનગરની પ્રખ્યાત મઢુલી ગ્રૃપનાં વેશભુષાથી સજધજ થયેલા બાળકોના હસ્તે સમાજના દરેક વ્યક્તિઓને યોગ્ય સન્માન મળે તેવા ઉમદાહેતુને અનુસરી કુંડા વિતરણનું કાર્ય ભુલકાઓ દ્વારા થશે.

## માહે રમઝાન-૮

**સહેરી : ૪:૨૭, ઈફ્તારી : ૭:૨૨**

**ઉપરોક્ત તકવીમ ભાવનગર શહેર પુરતી છે.**

# ઈન્સાની અક્લો દંગ રહી જાય એવી ઈલાહીયતની વાતો

આપે ફરમાવ્યું : અય મુફઝ્ઝલ, શક અને સંદેહ વાળાઓ મખ્લૂકાતની પૈદાશના સામાન અને સાધનોને અને તેની બારીકીઓને સમજ્યા નહીં. અને તેઓની સમજશક્તિ એ બાબતોના રહસ્યને સમજી શકતી નથી. કેમકે તે ખાલિક અને માલિકે જંગલ તેમજ દરિયામાં જાત જાતની મખ્લૂકાત પૈદા કરી છે. અને તેમાં ઘણી હિકમતો ભરેલી છે. પણ એ શંકાશીલ લોકો પોતાની અજ્ઞાનતાના કારણે તેનો ઈક્રાર કરે છે. અને પોતાની અક્કલની સુસ્તીના કારણે જૂઠલાવે છે. એટલું જ નહીં પણ દુશ્મની કરવા તૈયાર થાય છે અને દુનિયાની તમામ ચીજો કોઈએ પૈદા કરી છે તેનો ઈક્રાર કરે છે અને કહે છે કે આ તમામ ચીજો આપોઆપ એમજ બની ગઈ. તેમાં કોઈની કારીગરી નથી, તેમજ કોઈ મહા હિકમત અને અક્કલવાળાએ કાંઈ મસ્લેહત અને હિકમત રાખી નથી અને તે દરેક ચીજ જે હાલમાં (અસ્તિત્વ)માં છે તેવા રંગ, રૂપ, સ્વાદ, લઝ્ઝત અને લાંબી ટૂંકી વિગેરે વિચારી તથા સમજીને હિકમતથી બનાવેલ હોય તેવુ નથી.

મુફઝ્ઝલ કહે છે કે એ બંનેની આવી નકામી વાતો સાંભળીને મને બહુજ ગુસ્સો આવ્યો, અને મારામાં સબ્ર કરવાની શક્તિ રહી નહીં. તેથી મેં તેને કહ્યું કે અય ખુદાના દુશ્મન ! તું ખુદાના દીનમાં કુફ્ર કરે છે. તે તો તને પૈદા કરવાવાળાનો તદન ઈક્રાર કર્યો કે જેણે તને આવી રૂપાળી સૂરતમાં પૈદા કર્યો છે. અને તારા અંગ બનાવ્યા છે, અને તુ કંઈ નહોતો તેમાંથી તને એવી હિકમત અને કારીગરીથી બનાવ્યો કે એક ટીપામાંથી જુદી જુદી હાલતમાં ફેરફાર થતા થતા આ જ તુ જુવાન થઈને આટલી ઉંમરે પહોંચ્યો છે. અગર કાંઈ નહી તો તુ ફક્ત પોતાના નફસ વિશે વિચાર કર અને તુ તટસ્થ રીતે અક્કલનો ઉપયોગ કરીને ઈન્સાફ કર તો પૈદા કરનાર અને બનાવનારની દલીલ તુ પોતાના નફસમાં મૌજૂદ જોઈશ. અને કોઈપણ એક પૈદા કરનાર છે તે તારા ધ્યાનમાં આવશે, અને એ વિશેની ગવાહી તુ તારા શરીરના અવયવોમાં સ્પષ્ટ રીતે જોઈશ.

આ સાંભળીને તેણે કહ્યું : અય સાહેબ જો તમારામાં એ વિશે કંઈ વાત કરવાની શક્તિ હોય, તો અમે તમારી સાથે વાત કરીએ. જો તમારી પાસે કોઈ સ્પષ્ટ અને આધારભૂત દલીલ હશે તો તેને અમે માની લઈશુ. અને જો તમે વાતચીતનું ઈલ્મ ધરાવતા ન હો તો તમને બોલવાનો કંઈ પણ હક નથી. અને તમે હઝરત ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામના અસ્હાબમાંથી હોવ એમ લાગતુ નથી. કેમકે તેઓના અસહાબની વાતચીત કરવાની ઢબ જુદી જ જાતની છે. તમે તેઓના જેવી વાતચીત કરતાં નથી, અને તમારી જેમ તેઓ અમારી સાથે દલીલ કરી ચર્ચા કરતાં નથી. તેઓએ અમારી વાતો આ કરતાં વધારે સાંભળી છે પણ તેઓ વાતચીતમાં ન સખ્ત્રી કરે છે, ન જવાબ આપવામાં હદથી વધી જાય છે, અને તેઓ ઘણા જ સહનશીલ અને ઠંડા મિજાજના અને અક્કલવાળા હોય છે, એટલું જ નહીં પણ તેઓ પુખ્ત અક્કલના, સારા સ્વભાવ વાળા, ગંભીર હોય છે. તેઓ ગુસ્સે થતા નથી, તેમજ તેઓ સખ્ત્રી પણ કરતાં નથી. તેઓ અમારી ગુફતગૂ બહુ જ ધ્યાન દઈને સાંભળે છે અને અમારી દલીલોને પૂછે છે. એટલે સુધી કે જ્યારે અમે તમામ દલીલો બયાન કરી લઈએ છીએ ત્યારે તેઓ સાબિતી અને દલીલથી અમારી વાતને બાતિલ કરી નાખી અમારા ઉપર હુજ્જત તમામ કરે છે અને એવો જવાબ આપે છે કે અમે કોઈ બહાનુ રજૂ કરી શકતા નથી. અને તે પછી અમે તેઓને જવાબ આપવાની શક્તિ રાખતા નથી. માટે અગર તમે પણ તેઓના અસ્હાબમાંથી હોવ તો તેઓ જેવી જ ગુફતગૂ કરો.

મુફઝ્ઝલ કહે છે કે આ સાંભળીને હું ત્યાંથી ગમગીન અને ઉદાસ ચહેરે નીકળ્યો, અને વિચાર કરવા લાગ્યો કે આવા બેદીન (અધર્મી) લોકોના કારણે ઈસ્લામને કેવુ નુકસાન થયુ છે.અને કેવી બલામાં ગિરફતાર થયા છે કે એ લોકો ખુદાને તો બિલ્કુલ માનતા જ નથી અને દુનિયાને આપોઆપ પૈદા થએલ અને પોતાની મેળે ચાલે છે એમ માને છે.અને એ જ વિચાર કરતો કરતો મારા આકા હ.ઈમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામની ખિદમતમાં ગયો.આપે મારો ઉદાસ ચહેરો જોઈને ફરમાવ્યું : તમોને શું થઈ ગયુ છે ? તે વખતે મેં જે કંઈ એ નાસ્તિકોથી વાત સાંભળી હતી અને જે દલીલથી તેઓની વાતોને રદ કરી હતી તે બયાન કરી. તે વખતે આપે ફરમાવ્યું : હું તમને ખુદાએ તઆલાની એ હિકમતો કે તમામ દુનિયામાં અને પશુ પંખી અને જીવજંતુ વગેરેમાં છે તેમજ દરેક જાતના ઝાડ, ફળ અને ફૂલ જે ખાઈ શકાય છે અને ખાઈ શકાતા નથી તેવા ભાજી પાલા વિગેરેમાં સમાએલી હિકમત તથા ફાયદા વિગેરે સંભળાવુ કે તેથી શિખામણ લેનારાઓ શિખામણ લે. અને મોઅમિનોના દિલ વધારે મજબૂત થાય અને નાસ્તિકો આશ્ચર્યમાં પડી જાય. માટે તમે મારી પાસે આવતી કાલે આવજો.

આ સાંભળીને મને બહુજ ખુશી થઈ. હઝરતની ખિદમતમાંથી પાછો ઘરે આવ્યો અને હઝરતે જે વાયદો કર્યો હતો તેના ઈન્તેઝારમાં તે રાત ઘણી લાંબી લાગી. કેમકે મારા દિલમાં એ જ શોખ હતો કે ક્યારે સવાર પડે અને હઝરતની ખિદમતમાં હાજર થઈ એ બાબતો સાંભળુ અને મારી જાણકારીમાં વધારો કરૂં. જ્યારે સવાર થઈ ત્યારે હઝરતની ખિદમતમાં ગયો અને રજા માંગીને અંદર દાખલ થઈ અદબની સાથે સામે ઊભો રહ્યો. તે વખતે આપે મને બેસી જવાનો હુકમ કર્યો તેથી હું બેસી ગયો. તે પછી આપ અલય્હિસ્સલામ ઉભા થઈને એક ઓરડી તરફ ચાલ્યા. જેની અંદર આપ ઘણે ભાગે એકાંત માટે જતા હતા. હું પણ આપની પાછળ પાછળ ચાલ્યો. પછી આપ અંદર જઈને બેઠા અને હું પણ સામે જઈને બેઠો. તે વખતે આપે ફરમાવ્યું : અય મુફઝ્ઝલ, મને લાગે છે કે આજની સવારના ઈન્તેઝારમાં ગઈ રાત તમને ઘણી જ લાંબી લાગી. મેં અરજ કરી હા, મૌલા એમજ છે.

પછી આપે ફરમાવ્યું : ખુદાવંદે કરીમ મૌજૂદ હતો.અને કોઈ ચીજ તેની પહેલાં ન હતી. અને તે હંમેશા બાકી રહેશે. અને તેનો અંત નથી. તો તેના જ માટે તે બાબત વિશેની તારીફ છે કે તેણે અમને ઈલ્હામ ... કર્યુ અને તેના જ માટે શુક્ર છે કે તેણે અમને અતા કર્યુ અને તેણે સૌથી શ્રેષ્ઠ ઈલ્મ અમને અતા કર્યુ. અને ખાસ કરીને ઉચ્ચ કક્ષાનો મરતબો અમને આપ્યો. અને તમામ સૃષ્ટિ કરતાં પોતાનું ખાસ ઈલ્મ અમને આપ્યું. અને પોતાની હિકમતો અમને આપી અને તેમના અમાનતદાર અમને મુકર્રર કર્યા. આ સાંભળીને મેં અરજ કરી : યા મૌલા, શું આપ રજા આપો છો કે આપ જે કાંઈ ફરમાવો તે હું લખી લઉં ? આપે ફરમાવ્યું કે ભલે લખી લ્યો. અને હું લખવાના સાધન સાથે લાવ્યો હતો. ક્રમશ



આરંભ પણ પ્રકાશ, અંત પણ પ્રકાશ
અંધકારથી પ્રકાશ તરફ લઈ જનાર

**દિવાદાંડી**



- સૈયદ કાઝી રફિકબાપુ ચિશ્તી અલ હુસૈની

**રમજાન કરીમમાં જાણી અજાણી ઈલાહીયતનો સાક્ષાત્કાર કરાવતી હકીકતો આપ કરીમ ઈબ્ને કરીમ સખી ઈબ્ને સખી રહીમ ઈબ્ને રહીમ મોહમ્મદે મુસ્તુફા સલ્લ્લાહો અલયહે વસલ્લમ, મૌલા અલી કરમલ્લાહુ વજહૂલ કરીમ અને એહલેબૈત એ અત્હાર ના ખુત્બાઓ નસીહતો હદિશો**

# સિહોર, ગારિયાધાર અને પાલિતાણામાં જળસંચયના કામ પ્રગતિમાં : કા.પા.ઈ.

તસવીર : મુકેશ પંડિત



ભાવનગર તા. ૨૩

ભાવનગર જિલ્લાનાં શિહોરના ગૌતમેશ્વર તળાવને ઉંડુ ઉતારવાનું કામ ૦૧ જેસીબી, ૦૫ ટ્રક, ૦૧ ઈટાચી થકી થઈ રહ્યુ છે. ગારીયાધાર તાલુકાના નાની વાવડી ગામે ૦૪ ચેકડેમ ઉંડા કરવાનું કામ પ્રગતિમાં છે આ કામ રૂપિયા ૦૬ લાખના ખર્ચે પૂર્ણ થશે. ગારીયાધારનું ટોલપાણ તળાવ ઉંડુ ઉતારવાનું કામ પ્રગતિમાં છે આ કામ કુલ રૂપિયા ૪૮ લાખના ખર્ચે પૂર્ણ થશે. આ કામ થકી ૧.૬૦ લાખ ઘનમીટર માટી નીકળશે જે લોકોના ઉપયોગમાં વપરાશે.

ગણેશગઢ ગામે તળાવ ઉંડુ કરવાનું કામ પ્રગતિમાં છે.

પાલીતાણા તાલુકાના આદપુર ગામે તળાવ ઉંડુ કરવાનું કામ ૦૮ દિવસ ચાલ્યુ હતુ આ કામ પૂર્ણ થયેલ છે. ઘેટી ગામે તળાવ ઉંડુ ઉતારવાનું કામ ઝડપથી થઈ રહ્યુ છે આ કામ માં ૦૧ જેસીબી અને ૦૭ ટ્રેકટર ઉપયોગમાં લેવામાં આવે છે.

આ તમામ કામો જનભાગીદારી થકી થઈ રહ્યા છે. આ કામો પર સિંચાઈ કચેરી પાલીતાણાના નાયબ કાર્યપાલક ઈજનેર આર. એન. ગોસ્વામી દેખરેખ રાખી રહ્યા છે.

# એફવાય બીએસસીની પ્રવેશ પ્રક્રિયા હાલ સ્થગિત રાખવા ABVPની માંગણી

ભાવનગર,તા.૨૩

યુનિ દ્વારા એફ.વાય.બી.એસ.સી.ની પ્રવેશ પ્રક્રિયા શરૂ છે.

દર વર્ષોના સર્વર ડાઉન અને સાઈટના કોઈ તકલીફ હાલ ધ્યાન પર નથી યુનિ. દ્વારા એફ.વાયબી.એસસીમાં પ્રવેશ માટે ગુજરાત બોર્ડના વિદ્યાર્થીઓના પરિણામો જાહેર થતાની સાથે ૧૪-૫-૨૦૧૮થી પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. અને ૨૪-૫-૨૦૧૮એ અંતિમ તારીખ છે પરંતુ હાલ સી.બી.એસ.સી.ના ધોરણ ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના પરિણામો જાહેર થયા નથી અને દર વર્ષે એફ.વાય.બી.એસસીનું મેરીટ લીસ્ટ એ ગુજરાત બોર્ડ અને સી.બી.એસ.સી.ના વિદ્યાર્થીઓનું કોમન મેરીટ બંને છે તો આ પરિસ્થિતીમાં સી.બી.એસ.સી.ના આ વિદ્યાર્થઈઓ સાથે અન્યાય થઈ રહ્યો છે.

હાલની આ પરિસ્થિતીમાં સી.બી.એસ.સી.ના વિદ્યાર્થીઓને તેમના પરિણામો જાહેર ન થાય ત્યાં સુધી એફ.વાય.બી.એસસીની પ્રવેશ પ્રક્રિયા સ્થગિત રાખવા અથવા આ સી.બી.એસ.સી.ના વિદ્યાર્થીઓને અન્યાય ન થાય તેવો યોગ્ય નિર્ણય કરવા એ.બી.વિ.પી.ના નગરમંત્રી બ્રિજરાજસિંહ ગોહિલ દ્વારા કુલપતિને આવેદનપત્ર પાઠવી માંગણી કરવામાં આવી હતી.

# સામાજિક અને યુવા પ્રવૃત્તિઓ અદા કરતુ સરદાર યુવા મંડળ

ભાવનગર,તા.૨૩

ભાવનગર શહેર અને જિલ્લામાં સામાજીક અને યુવા પ્રવૃત્તિો કરતા સરદાર યુવા મંડળ ભાવનગર દ્વારા છેલ્લા ૨૦ વરસથી પામી બચાવો અભિયાન ચલાવે છે જેમા આમ લોકોમાં પાણી વીશેની જાગૃતિ આવે તે હેતુથી વીવીધ કાર્યક્રમો કરે છે જેમા ચીત્ર સ્પર્ધા નિબંધ સ્પર્ધા સેમીનાર સ્લોગન સહીતના વીવીધ અનેક કાર્યક્રમો સરદાર યુવા મંડળ ભાવનગર દ્વારા કરે છે તેમજ ચોમાસામાં વૃક્ષારોપણના પર્યાવરણની જાળવણીના હેતુથી કાર્યક્રમો કરે છે હાલા આ ઉનાળામાં પાણી બચાવો અભિયાનથી પાણી બચાવો માટેની લોક જાગૃતિમાં વધારો જોવા મળે છે લોકોને ઉપયોગ કરતા વધારે પાણીનો બગાડ થાય છે. આવી લોકોને જરૂરી હોય તેટલુ પાણીનો ઉપયોગ કરે તો ૫૦ પાણીનો બચાવ થાય દાત પીવા માટે આંખો ગ્લાસ ભરે છે પણ પીવે છે અડધો ગલાસ આમ દરેક જગ્યાએ ડબલ પાણી વાપરે છે ઉપયોગ ખોટો થાય છે આથી લોકો તેમ સરદાર યુવા મંડળ પ્રમુખ ભરત મોણપરાએ ખાસ અનુરોધ કરે છે.

## જીએચસીએલ સામે આંદોલન - આવેદન અપાયું



પીપાવાવ ગામ સાથે ૩૧ ગામોના મજુરી, ખેડુતો જીએચસીએલ કંપની સામેના આમરણાંત ઉપવાસ આંદોલનના ૨૯માં દિવસે કોઈ ન્યાય ન મળતા છેવટે ઉપવાસી બૈરાઓ છોકરાઓ સાથે જન ચેતના પાર્ટીના પ્રમુખ મનુભાઈ ચાવડાની આગેવાનમાં અમરેલી જિલ્લા કલેકટરને રૂબર આવેદનપત્ર અપાયું. તસવીર : અમરૂભાઈ બારોટ

## પ્રખર સાહિત્યકાર વિનોદ ભટ્ટને મોરારીબાપુની શ્રધ્ધાજલિ

કુંઢેલી,તા.૨૩



વરિષ્ઠ સાહિત્યકાર વિનોદભાઈ ભટ્ટનાં અવસાનથી ગુજરાતી સાહિત્ય ક્ષેત્રને જ નહિ પરંતુ વૈશ્વિક સાહિત્યને અને ઉચ્ચ માનવીય મુલ્યોને જીવવા મથતા ભાવકોને તેમજ સાહિત્ય પ્રેમીઓને પણ મોટી ખોટ પડી છે સરળ સ્વભાવના અને આપણી ભાષાના પ્રતિષ્ઠીત સાહિત્યકાર એવા આદરણિય વિનોદભાઈ ઉત્તમ હાસ્ય લેખક હતા. રોજબરોજના માનવ જીવનને એમણે એક અદકેરી સૂક્ષ્મતાથી જોયુ હતું. એમની આ સૂક્ષ્મ દ્રષ્ટિ અને જીવનના મર્મોને સમજવાની અનોખી સૂઝ એમના સાહિત્યિક સર્જનોમાં સતત અભિવ્યકત થતી રહી છે. આવા સમર્થ વ્યક્તિત્વને અને તેમની ચેતનાને પ્રણામ કરી મોરારિબાપુએ શ્રધ્ધાજલી પાઠવી હતી.


# જળ સંગ્રહ વાત અને વિકાસ ઐતિહાસિક જળસ્થાનોનો વિનાશ



ઈશ્વરિયા,તા.૨૩

વિકાસના નામે કેટલો ભયંકર વિનાશ સર્જાય રહ્યો છે તે બાબત આપણે જામવાં છતા અજાણ્યા બની રહ્યા છીએ ; બનવું પડે છે ! જળસંગ્રહ માટે વાત અને તેના કામથી વિકાસ વિકાસ વિકાસ કરી રહ્યા છીએ, સારી વાત છે. તેમાં કોઈ શંકા નથી આ સાથે આપણી ઐતિહાસિક જળ ધરોહરોનાં થતો વિનાશ કેમ આપણે જોતા નથી ?

વાત માંડીને કરી તો...વર્ષોના વહાણા વા'ચયા તે પહેલા પણ કોઈ તરસે ના રહે તે માટે સખાવતીઓએ વાવ, કુવા અને નાના મોટા જળાશયો નિર્માણ કરી સમાજને અર્પણ કર્યા હતા પ્રસ્તુત તસવીરમાં દશ્યમાન અવાવરૂ વાવ ભાવનગરથી તળાજા મહુવા જતાં ધોરી માર્ગ પર બુધેલ ગામ નજીકની છે આ કલાત્મક વાવ છે (કે હતી). એક સૈકા પહેલાની એટલે કે લગભગ ૧૧૫ વર્ષ પહેલાની આ વાવ છે (હતી) 'શ્રી ૧।' સાથે કોતરાયેલી આરસની તકતીમાં તત્કાલિક ભાષા પ્રયોગ મુજબ વિગતો આપી છે કે આ વણારશી વાવ ભાવનગરના રહીશ કપોળ જ્ઞાતિના વણીક પૂંજા અમરાવાળા સ્વર્ગવાશી શા વણારશી જાદવજીના પૂણ્યાર્થે તેમના પુત્રો ભાઈ મગનભાઈ તથા પરમાનંદદાસે વાવડી દરબાર દેવાણી નથુભાઈ ગોદડભાઈના વખતમાં સવંત ૧૯૫૮ના ફાગણ વદ ૫ને શનિવારે ગળવીને બંધાવી છે અને ૧૯૦૨ આ લખાણ ઉલ્લેખ મુજબ આ વાવ આજે ૧૧૫ વર્ષથી વધુની છે સદી પહેલા આ કલાત્મક વાવ આજે કઈ સ્થિતીમાં છે ?



આપણા આવો આર્ષ દ્રષ્ટા ઈતિહાસ આજે ખંડીયર બન્યો છે તે તો ઠીક પણ આ ઐતિહાસિક વાવ કદાચ દટાઈ રહી છે કે દાટી દેવામાં આવશે. ભાવનગરથી મહુવા ધોરીમાર્ગમાં આ વાવ આવી ગઈ છે. એટલે હવે આ વાવ છે કે હતી ? ત્યાં જઈએ તો જાણવા મળે.


વિકાસ અવશ્ય થવી જોઈએ પણ આપણાં ઈતિહાસને જ દાટી દઈને થતો વિકાસ કેટલો વ્યાજબી ? વણારથી વાવની આ સ્થિતી અંગે એક પણ ઈતિહાસ વિદ્ સમાજ સુધારક કે કાર્યકર કશુ બોલ્યા નથી. નેતાઓને તો કશી ખબર જ નહી હોય તેની પાસે શું અપેક્ષા રાખવી ?

આ વાવ ઉપર ધોરીમાર્ગને ઢોળાવ આપીને ઐતિહાસિક સ્મારક બનાવી શકાયુ હોત પણ માત્ર જળ સંગ્રહની વાત અને વિકાસની વાત ચિતરવાની છે તેનું ઘેલુ લાગ્યુ છે અને ઐતિહાસિક જળસ્થાનોનો વિશ સૌ જોઈ રહ્યા છે.

## જાફરાબાદના વારાહ સ્વરૂપ ગામે

# ભીમ પગલા હનુમાનજી મંદિરે સત્યનારાયણની કથા યોજાઈ

તસવીર : તુષાર બારોટ



જાફરાબાદ તા. ૨૩

જાફરાબાદના ભાંકોદર, વારાહસ્વરૂપ ગામે અસામાજીક તત્વો દ્વારા પૌરાણીક હનુમાનજીનું ભીમ પગલા નામ મંદિરની કરોડોની ખનીજ સંપતિ હડપ કરવા પ્રયત્નો કરેલને ૩ ગામની સંગઠીત ગ્રામ વિકાસ ગૌ સેવા ટ્રસ્ટ દ્વારા કંપની પાસે તે જ જગ્યાએ નવા નિર્માણ કરાવવાની કાર્યવાહીને આજે ૧ મહિને સત્યનારાયણની કથા યોજાઈ.

જાફરાબાદના ભાંકોદર, વારાહસ્વરૂપની હદમાં આવેલ પૌરાણિક ભીમ પગલા નામથી ઓળખાતું હનુમાનજીનું મંદિર કોઈ અસામાજીક તત્વો દ્વારા તોડી પાડી મંદિરની હદમાં કરોડોની કિંમતી ખનીજ સંપત્તી હડપ કરવા થયેલ રાક્ષસી કૃત્યને ત્રણ ગામની બનેલ ગ્રામ વિકાસ ગૌ સેવા ટ્રસ્ટના પ્રમુખ કાળુભાઈ ગુજરીયા, અરજણભાઈ સાંખટ, બાબુભાઈ સાંખટ, ભરતભાઈ ચાવડા, હિંમતભાઈ કવાડ, જીણાભાઈ કવાડ, વાલાભાઈ ભીલ, ભરતભાઈ શિયાળ, મનુભાઈ શિયાળ અને જીણાભાઈ બારૈયા દ્વારા ભાંકોદર વારાહસ્વરૂપ અને બાબરકોટની જનતા બહોળી સંખ્યામાં ભીમ પગલા ઘટના સ્થળે જઈ કંપની ઉપર હલ્લો કરવા હજારોની સંખ્યા એકત્રીત થયાના સમાચાર પુનાભાઈ ભીલ તથા તે વખતના ધારાસભ્ય હીરાભાઈ સોલંકીના કાફલા સાથે ઘટના સ્થળે આવી પબ્લીકને શાંત પાડી કંપની પાસે જ આ સ્થળે નવું મંદિર બનાવવાની બાહેધરી ૧ મહીનાની આપેલ પણ મંદીર હજુ પુર્ણ ન થતા નવ નિર્માણ ભીમ પગલા મંદિરે ગ્રામ વિકાસ ગૌ સેવા ટ્રસ્ટના પદાધિકારીઓ તેમજ જીલ્લા પંચાયતના પુનાભાઈ ભીલની હાજરી સાથે મંદીર બાંધવાનો આપેલ ૧ વર્ષનો વાયદો પણ મંદીરની કાર્યવાહી ન થતા તે જ જગ્યાએ આજે સત્ય નારાયણની કથા અને આવતા સમયમાં આ જ જગ્યાએ બ્લડ ડોનેશન કેમ્પનું પણ આયોજન થશે.

## તંત્રી સ્થાનેથી

# -તો કોંગ્રેસે એક અખતરો કરવા જેવો છે

ગુજરાત વિધાનસભાના વિપક્ષ નેતા પરશે ધનાણીએ એવો આક્ષેપ કર્યો છે કે, 'ગુજરાતમાં પ્રવર્તતી અછતની પરિસ્થિતિમાં રાજ્ય સરકાર રૂા. ૧૫થી ૧૬ના ભાવે ખરીદીને જે સુકુ ઘાસ સબસિડી આપીને રૂા. બેના ભાવે માલધારીઓને આપવાનો દાવો કરે છે તે ઘાસ વાસ્તવમાં રૂા. ૧.૯૦ પૈ. પ્રતિ કિલ્લોના ભાવે છૂટથી મળે છે.' આજે સવારના એક અખબારમાં છપાયેલા અહેવાલ પ્રમાણે ધનાણીએ બિહારના લાલૂ યાદવના ઘાસચારા કૌભાંડ કરતાં ય આ કૌભાંડ મોટું હોવાનો દાવો કર્યો છે. જે લાલૂપ્રસાદ યાદવ સાથે કોંગ્રેસના અધ્યક્ષ રાહુલ ગાંધી ગુપચુપ બેઠકો કરે છે તે લાલૂપ્રસાદ કૌભાંડી હોવાનું ગુજરાત કોંગ્રેસના નેતા પરેશ ધનાણી સ્વીકારે છે તે જુદી ચર્ચાનો વિષય છે. અમારે અત્રે રસાતળે જઈ રહેલી કોંગ્રેસને બચાવવા ધનાણીના આક્ષેપના સંદર્ભમાં એક વિનમ્ર સૂચન કરવું છે.

કોંગ્રેસ ચૂંટણી જીતવા કરોડો અબજોનું ફંડ કરીને પ્રચાર પાછળ વાપરે છે. જો તે ગુજરાતનો આ પ્રશ્ન ઉપાડીને એક નવતર પ્રયોગ કરે તો તેને ચૂંટણી પ્રચાર દરમિયાન થતા ખર્ચમાં ઘણી રાહત મળી શકે અને સંભવતઃ સત્તાની પુનઃ પ્રાપ્તિ પણ થઈ શકે. જો રૂા. ૧.૯૦ પૈસા પ્રતિ કિલોના ભાવે એ જ ઘાસ મળતું હોય જે રાજ્ય સરકાર ૧૫થી ૧૬ રૂપિયાના ભાવે ખરીદીને બે રૂપિયાના સબસિડીયુક્ત ભાવે વેચી રહી છે તે ઘાસ જો કોંગ્રેસ ૧.૯૦ના ભાવે ખરીદીને તેની ઉપર અંદાજે ૨૦ ટકા નફો ચડાવીને અછતગ્રસ્ત વિસ્તારોમાં વેચવાનું શરૂ કરે અને સરકાર કરતાં તેના 'સેવાભાવી કાર્યકરો' દ્વારા જરૂરતમંદોને રૂા. ૨.૨૫ના ભાવે પૂરૂં પાડવાની યોજના બનાવે તો લોકોને સરળતાથી અને સમયસર ડિલીવરી મળતી હશે તો લોકો રાજીખુશીથી સરકાર કરતાં ૨૫ પૈસા કોંગ્રેસને વધુ આપવા તૈયાર થશે. પરિવહન ખર્ચ કાઢ્યા પછી કોંગ્રેસને તેનો ફાયદો થશે. તે નાણાં તેને પક્ષ ચલાવવામાં ઉપયોગી થશે અને લોકોની તથા મુંગા પશુઓની દુઆ મળશે તે વધુમાં. કોંગ્રેસ આક્ષેપો તો હંમેશા કરે છે પણ એના પુરાવા ભાગ્યે જ આપે છે.

ભાજપના સુબ્રહ્મણ્યમ સ્વામી પાસેથી કોંગ્રેસે શીખવા જેવું છે. સ્વામી જ્યારે આક્ષેપ કરે છે ત્યારે તેઓ આ આક્ષેપોને લઈને અદાલતમાં જાય છે અને ત્યાં પુરાવા રજુ કરીને સરકારમાં બેઠેલા જવાબદારોને સજા કરાવવાના તમામ પ્રયત્નો પણ કરે છે. કોંગ્રેસ આક્ષેપ કરે છે તો તેની પાસે પુરાવા પણ હશે. જો તેની પાસે પુરાવાઓ હોય તો તેણે આ માટે અદાલતમાં જવું જોઈએ અને લાલૂપ્રસાદ કરતાં મોટું કૌભાંડ હોય કે નાનું, જે કૌભાંડ હોય તે બદલ જવાબદારોને સજા કરાવવા પ્રયાસ કરવા જોઈએ. કોંગ્રેસ એક તરફ અદાલોતમાં જાય અને બીજી બાજુ સરકાર સામે સસ્તુ ઘાસ વેચવાની સ્પર્ધામાં ઉતરે તો તેના આક્ષેપનું વજન વધી જશે. ૧૫-૧૬ રૂપિયાની કિંમતનું ઘાસ સરકારને બે રૂપિયામાં વેચવામાં બહુ તકલીફ ન પડે. કારણ કે સરકારથી મોટો કોઈ શેઠ નથી. એટલે એજ ઘાસ કોંગ્રેસ બે નહીં પણ સવા બેના ભાવે વેચે તો પણ તેનો આક્ષેપ સાચો ઠરાવવામાં મદદ મળી જાય. લોકો પણ આક્ષેપને જલ્દી સાચો માની જશે અને અદાલતને પણ તેના તરફ અચૂક ધ્યાન આપશે. બાકછ વિપક્ષના આક્ષેપોનો જનતા મુદલ વિશવાસ કરતી નથી. જનતા વિશવાસ કરતી હોત તો વિપક્ષના પ્યાસોનું સમર્થન કરીને જનતા સ્વયંભૂ આંદોલન છેડી દેત. તેના બદલે વિપક્ષ સરકાર સામે જનજુહાળ ઉભો કરી શકતો નથી. ગુજરાતમાં વીતેલા વરસોમાં કોંગ્રેસ કોઈ પણ મોટું આંદોલન આપી શકી નથી. હા, હાર્દિક પટેલ જેવાઓએ ઉભા કરેલા આંદોલનોને ટેકો આપવા એના સમર્થનમાં જોરદાર નિવેદનો કોંગ્રેસ નેતાઓ આપતા રહે છે. પણ જનતાના હિતમાં કોંગ્રેસનું પ્રદાન શું એવો પ્રશ્ન સહેજે થાય છે. ૨૦૧૮ની વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસનો જે સારો દેખાવ થયો તે અન્યોના આંદોલનો અને ટેકાને આભારી હતું. કોંગ્રેસે પોતાના બલબૂતા પર કોઈ દેખાવ સુધાર્યો નથી.

કોંગ્રેસને ભાજપ જેવું ચૂંટણી ફંડ નહીં મળતું હોય પણ ગૌસેવા માટે કોંગ્રેસ પહેલ કરે તો ગુજરાતની ગૌપ્રેમી જનતા તેને વધુ ઉમંગથી ફંડ આપવા તૈયાર થશે. સેવા કાર્યોમાં યોગદાન આપવામાં ગુજરાતની જનતા કદિ પાછું વાળીને જોતી નથી. કોંગ્રેસે વિરોધ અને આક્ષેપો કરવામાં આ રચનાત્મક રીત અપનાવવા જેવી છે. એને એક અર્થમાં ગાંધીગીરી પણ કહી શકાશે.

## સુપ્રભાતમ્

-રાજજ્યોતિષ, ડો. મહેન્દ્રકુમાર પંડયા

| | | |
|---|---|---|
| તારીખ : ૨૪ મે ૨૦૧૮ | વિક્રમ સંવત : ૨૦૭૪ | શા. શાકે. : ૧૯૪૦ |
| માસ : અધિક જેઠ | પક્ષ : સુદ | તિથિ : ૧૦ |
| જૈન સંવત્ : ૨૫૪૪ | હિજરી : ૦૮ | શાબાન : ૧૪૩૯ |
| પારસી : ૧૧ | આદર : ૧૩૮૭ | દિન કક્ષા : શુભ |
| ભાવનગર સુર્યોદય : ૬.૦૧ | ભાવનગર સુર્યાસ્ત : ૧૯.૧૯ | કન્યા (પ.ઠ.ણ) |
| દિન વિશેષતા : પારસી જરથોસ્તનો દિ ઓ | | |

## આજનું ભવિષ્ય

તા.૨૪-૫-૨૦૧૮ ગુરુવાર

મેષ (અ,લ,ઇ) : ભૂતકાલીન રોકાણનું આકર્ષક વ્યાજ મળી શકે, સામાજીક બાબતો પણ સાનુકુળ, મહિલાવર્ગને સાનુકુળતા.

વૃષભ (બ,વ,ઉ) : આર્થિક બાબતોમાં કાળજી લેવી, સામાજીક બાબતો દોડધામમય રહે, મહિલાવર્ગને કાળજી રાખવી.

મિથુન (ક,છ,ઘ) : આર્થિક બાબતો સરળ રહે, સામાજીક બાબતોમાં સંભાળવું, મહિલાવર્ગને શાંત દિવસ.

કર્ક (ડ,હ) : સામાજીક દોડધામ અકળાવશે, આર્થિક બાબતો પણ ખર્ચાળ રહે,મહિલાવર્ગને શાંતિ જાળવવી.

સિંહ (મ,ટ) : કોઇ સામાજીક કાર્ય આટોપી શકશો, આર્થિક બાબતો સાનુકુળ, મહિલાવર્ગને સાનુકુળતા.

કન્યા (પ,ઠ,ણ) : કોઇ આર્થિક કાર્ય પાર પડે, સામાજીક બાબતો અકળાવી જાય, મહિલાવર્ગને શાંતિ જાળવવી.

તુલા (ર,ત) : કોઇ સામાજીક બાબતોમાં કાળજી રાખવી, આર્થિક બાબતો પણ સાનુકુળ રહેશે, મહિલાવર્ગને સંભાળવું.

વૃશ્ચિક (ન,ય) : કોઇ આકસ્મિક ખર્ચ આવી પડે, સામાજીક બાબતો પણ કષ્ટપ્રદ, મહિલાવર્ગને શાંતિ જાળવવી.

ધન (ભ,ધ,ફ) : આર્થિક બાબતો ખર્ચાળ છતાં સામાજીક બાબતો સાનુકુળ, મહિલાવર્ગને શાંતિ જાળવવી.

મકર (ખ,જ) : કોઇ સામાજીક અંતરાય પાર કરવો પડે, આર્થિક બાબતો પ્રતિકુળ, મહિલાવર્ગને મૌન સેવવું.

કુંભ (ગ,શ,સ) : કોઇ આર્થિક કાર્ય પાર પડશે, સામાજીક બાબતોમાં સાનુકુળતા, મહિલાવર્ગને સંભાળવું.

મીન (દ,ચ,ઝ,થ) : સામાજીક બાબતો દોડધામમય, આર્થિક બાબતો ખર્ચાળ રહે, મહિલાવર્ગને સંભાળવું.

# ટ્રમ્પ-કિમ જોંગ વિશ્વમાં શાંતિ સ્થાપવા માટે એકબીજાને મળશે ખરા!?

વૈશ્રિ્વકસ્તરે રાજકીય નેતાઓની મુત્સદ્દીગીરી સતત ઉકળતા રહેતા ચરુ માટે પૂરેપૂરી જવાબદાર હોય છે. વિશ્ર્વભરમાં મોટાભા થઈને ફરતા અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ અને યુદ્ધ કરવા માટે સતત પોતાની હથેળી ખજવાળતા ઉત્તર કોરિયાના સરમુખત્યાર પ્રમુખ કિમ જોન્ગ ઉન વચ્ચે આગામી ૧૨મી જૂને બેઠક યોજાવાની પ્રચાર પિપૂડી જોરશોરથી વાગી રહી છે ત્યારે આ બેઠક ખરેખર યોજાશે ખરી એ વિશે શંકાના કાળાં ડિબાંગ વાદળો છવાયેલાં છે. એમાંય પ્રમુખ ટ્રમ્પ અને દક્ષિણ કોરિયાના પ્રમુખ મૂન જે ઈન વચ્ચે વાઈટ હાઉસમાં કૂલડીમાં કેવો ગોળ ભંગાશે એના પર બારમી જૂનની બેઠકનો ઘણો મોટો મદાર હોવાની અટકળો વહેતી થઈ છે.

વાઈટ હાઉસે અમેરિકી પ્રમુખ અને ઉત્તર કોરિયાના પ્રમુખ વચ્ચેની એ બેઠકની સ્મૃતિમાં 'ટ્રિપ કોઈન' બહાર પાડ્યો છે. એ બેઠકને 'શાંતિ મંત્રણા' ગણાવી છે અને ઉત્તર કોરિયાના પ્રમુખને 'સુપ્રીમ લીડર' તરીકે વર્ણવ્યા છે. અને અમેરિકાની મુત્સદ્દીગીરી કહેવી કે હકારાત્મક વલણ વિશ્ર્વના આ મોટાભાની લાક્ષણિકતા છે કે કયા દેશે કોની સાથે કેવા સંબંધો રાખવા એ પણ એ નક્કી કરે. કયા દેશ પર પ્રતિબંધો મૂકવા એનો નિર્ણય કરે, ચીન સાથે 'ટ્રેડ વૉર' જાહેર કરે, ટૂંકમાં બન્ને બાજુ એ જ ચેસ રમે અને એ જ ચેકમેટ કરે. વાહ મોટાભા વાહ!

વાઈટ હાઉસે તો સિંગાપુરમાં બારમી જૂને યોજાનારી 'શાંતિ મંત્રણા' માટેની તૈયારી જોરશોરથી આદરી દીધી છે. આમ છતાં રાજકીય પંડિતોનું કહેવું છે કે દક્ષિણ કોરિયાના પ્રમુખ મૂન સાથેની મંત્રણા સિંગાપુરની 'શાંતિ મંત્રણા'માં આગળ વધવું કે નહીં એ મહદઅંશે નક્કી કરશે.

ઉત્તર કોરિયાની અણુ પરિક્ષણની હરકતોથી દક્ષિણ કોરિયા સતત ચિંતાશિલ હતું. અમેરિકાએ પોતાના આ સાથી દેશની ચિંતાને પામી જઈને ઉત્તર કોરિયાના અણુ પરીક્ષણો બંધ કરી દેવાનો હુકમ કર્યો. સ્વાભાવિક રીતે તનાવભરી સ્થિતિએ બન્ને દેશોને મંત્રણા માટે પ્રેરણા આપી. યુદ્ધ કોઈને પોસાય એમ નથી એ વાત દીવા જેવી સ્પષ્ટ છે અને સંબંધિત દરેક દેશ સારી રીતે જાણે છે. ઉત્તર કોરિયા અને દક્ષિણ કોરિયા મામલો નિપટાવવા સંમત તો થયા છે, પરંતુ શું ઉત્તર કોરિયા અણુ નિશસ્ત્રીકરણ કરશે ખરું? યુદ્ધ પાલવે એમ નથી, પરંતુ વિશ્ર્વને ડરાવવા માટે અણુશસ્ત્રોથી વધુ ભયાનક શસ્ત્રો બીજાં કયાં હોઈ શકે એ વાતની કિમ જોન્ગને જાણ છે. અમેરિકા અને દક્ષિણ કોરિયાએ સજોડે કરેલી લશ્કરી કવાયતને પણ કિમે 'કયામત' ગણી લીધી હોય તો નવાઈ નહીં. એવામાં અમેરિકા અને દક્ષિણ કોરિયાની બેઠક કેવા રંગ લાવશે એ બાબત ઘણીબધી રીતે નિર્ણાયક સાબિત થશે. ઉત્તર કોરિયાના પ્રચાર-પ્રસાર સાધનો આ બન્ને દેશો વચ્ચેની લશ્કરી કવાયત પર ત્રાટકતા એટલે સુધી કહી દીધું કે બન્ને દેશો વચ્ચે તંગદિલી હળવી થવાની જે આશા હતી એની પર પાણી ફરી વળવાની દહેશત છે. દક્ષિણ કોરિયા અમેરિકાની સાથે મળીને 'શક્તિ પ્રદર્શન' કરી રહ્યું છે અને પોતાની સામેની આ 'વૉર ડ્રિલ' હોવાના ઉત્તર કોરિયા તરફથી આક્ષેપ થઈ રહ્યા છે.

ઉત્તર કોરિયાનું આ બદલાયેલું વલણ, તેની મીડિયાના તીખા પ્રહારો કદાચ ટ્રમ્પની 'શાંતિ મંત્રણા'ની નાવડીને ડૂબાડી દેશે એવો ભય રાજકીય વિશ્ર્લેષકોને લાગે છે. ખુદાર અને મુત્સદી ટ્રમ્પે પણ એવો અણસાર આપી જ દીધો છે કે કિમ મંત્રણાનું ફળદાયી પરિણામ ઈચ્છતા ન હોય તો કિનારો કરી લેવો જ બહેતર રહેશે. આમેય બન્ને દેશોના એજન્ડા એકબીજાની સાથે બિલકુલ મેળ ખાતા નથી.

બીજી બાજુ, ઉત્તર કોરિયાએ પણ તેના અણુમથકે વિખેરી નાખવાની યોજના પડતી મૂકી હોય એવો નિર્દેશ કર્યો નથી. અને આ જ તો 'શાંતિ મંત્રણા'ના હવનની સમિધ છે. દક્ષિણ કોરિયાના પત્રકારોની ઉત્તર કોરિયાના અણુમથકની મુલાકાત પર મનાઈ ફરમાવાઈ એ શું દર્શાવે છે? ઊલટું સાફ ગર્ભિત શબ્દોમાં સૂણાવી દેવાયું કે આનાથી મંત્રણા ભાંગી પડશે.

'સંવાદ' અને 'લશ્કરી તાકાતનું પ્રદર્શન' - આ બન્ને એકીસાથે શક્ય નથી, એવું ઉત્તર કોરિયાના એક અખબારે લખ્યું છે. આ અખબારી લાઈન ઘણું બધું કહી આપે છે.

વિશ્ર્વભરમાં સંભવિત આંચકો આપનારા દક્ષિણ અને ઉત્તર કોરિયા વચ્ચેના તણાવપૂર્ણ સંબંધો છતાં, અમેરિકાના ટ્રમ્પ મૂન સાથે મંત્રણા કર્યા બાદ ઉત્તર કોરિયાના પ્રમુખ સાથે પણ સિંગાપુરમાં 'શાંતિ મંત્રણા' કરીને પોતાની પોઝિટીવ પહેલનું જાહેર પ્રદર્શન કરશે.(જી.એન.એસ)

# ચૂંટણીપંચના વડા જોતિએ નિર્ણય કર્યો ત્યારે પૂર્વ વડાઓની બોલતી કેમ બંધ હતી...?

દેશના ચૂંટણીપંચ ઉપર લોકોનો વિશ્વાસ કાયમી બની રહ્યો છે. ચૂંટણી પંચે એટલે કોઈ ગરબડ નહીં થાય પરંતુ જ્યારે ચૂંટણી પંચના પૂર્વ કમિશ્નરો કે જેઓએ કદી ચૂંટણી પંચને દાગ લાગવા નથી દીધો તેઓ જ જ્યારે ચૂંટણી પંચની નિષ્ઠા ઉપર શંકાઓ વ્યક્ત કરે ત્યારે સવાલ ઉઠે છે કે ચૂંટણી પંચના વડાએ જ્યારે હિમાચલ અને ગુજરાતની ચૂંટણી બાબતે નિર્ણયો લીધા હતા અને આપના ધારાસભ્યોને સાંભળ્યા વગર બરતરફ કરી દીધા ત્યારે ચૂંટણી પંચ વડા એ.કે.જોતી સામે કેમ કોઈએ અવાજ ના ઉઠાવ્યો..? પૂર્વ ચૂંટણી વડાઓને ચિંતા એ છે કે ચૂંટણી પંચની ૭૦ વર્ષની પ્રતિષ્ઠા ધૂળમાં મળી જાય તેવી સંભાવના-આશંકા છે.

મૂળ વાત એ છે કે ચૂંટણી પંચની નિષ્ઠા સામે કોઈ હારેલા ઉમેદવારે નહિ પણ જેઓએ ચૂંટણીપંચની વિશ્વસનીયતા સામે કદી આશંકા ઊભી થવા દીધી નથી કે દાગ લાગવા દીધો નથી તચેવા ચૂંટણી પંચના પૂર્વ વડાઓએ સંયુક્ત પણે ચૂંટણી પંચના વડા એ.કે.જોતીએ લીધેલા નિર્ણયો સામે સવાલ ઉઠાવ્યા છે કહો કે શંકા વ્યક્ત કરી છે.

ચૂંટણીપંચ એક સ્વતંત્ર સંસ્થા છે. જેને સરકાર સાથે કોઈ લેવા-દેવા નથી ચૂંટણીપંચ ચૂંટણીઓ અને તેને સંબંધિત તમામ કાયદાઓનું પાલન કરાવવા બનતા તમામ પ્રયાસો કરે છે. પરંતુ જ્યારે ચૂંટણી પંચના તમામ પૂર્વ વડાઓએ એક સૂરે એ.કે.જોતિના નિર્ણયો સામે જાહેરમાં આંગળી ઉઠાવી-શંકા વ્યક્ત કરી છે ત્યારે સવાલ એ ઊઠે છે કે જ્યારે જોતિએ આપના ૨૦ ધારાસભ્યોની વિરુદ્ધ વિવાદિત નિર્ણય લીધો અને પછીથી સુપ્રિમ કોર્ટ તેમાં ફેરફાર કર્યો ત્યાં આ પૂર્વ આયુક્તો ક્યાં હતા...? જો કે જોતિ આપના સભ્યોને બરતરફ કર્યા પછી નિવૃત્ત થઈ ગયા છે.

જ્યારે જોતિએ ગુજરાતની ચૂંટણીઓ અને હિ.પ્રદેશની ચૂંટણીઓ યોજવા અંતર્ગત બંન્ને રાજ્યોના ચૂંટણી સમયમાં મોટો ફેરફાર કર્યા હતા. ત્યારે આ ચૂંટણી પંચના પૂર્વ વડાઓએ એક પણ હરફ કેમ ઉચ્ચાર્યો ન હતો? જો કે હિમાચલ અને ગુજરાતની ચૂંટણી એક સાથે યોજાયેલી છે. પરંતુ જોતિએ બંન્ને રાજ્યોની ચૂંટણી એક સાથે ન કરાવતા હિમાચલ રાજ્યની ચૂંટણીઓ વહેલા સર કરાવવી અને ત્યારબાદ ઘણા દિવસો બાદ ગુજરાતમાં બે તબક્કામાં વિધાનસભા ચૂંટણીઓ યોજી હતી. આ કોની સુવિધા માટે કરેલ તે તો માત્ર જોતિ જ કહી શકે છે. એ સમયે કોઈ પણ પૂર્વ ચૂંટણી કમિશ્નરોએ આ બાબતે વિરોધ કરવાનો પ્રયત્ન કર્યો ન હતો કે અવાજ ઉઠાવ્યો ન હતો. જેટલા દોષિ એ.કે.જોતિ છે એટલા જ દોષી ચૂંટણી પંચની નિષ્ઠા સામે શંકા વ્યક્ત કરનાર કે સવાલ ઉઠાવનાર પૂર્વ ચૂંટણી કમિશ્નરો છે. કે જેમણે હવે કેટલાક મહિનાઓ પછી એક સુરમા એક સાથે ચિંતા વ્યક્ત કરી છે. તેઓએ જોતિના નિર્ણયો પર સવાલ ઉઠાવ્યો છે. પરંતુ હવે તે શું કામના? ગુજરાત અને હિ.પ્રદેશની ચૂંટણીઓ થઈ ગઈ છે. નવી સરકારો બની ગઈ છે અને હવે તેના વિરુદ્ધ બોલવું એટલે હવે પસ્તાવાનો અર્થ શું? એક કહેવત જેવું છે 'જબ ચીડિયા ચુગ ગઈ ખેત' જોતિએ પોતાનું કાર્ય મોટી નિષ્ઠાથી કરી નાંખ્યુ પરંતુ પૂર્વ ચૂંટણી પંચ વડાઓએ પોતાની નિષ્ઠા બનાવી ન હતી. અગર એ સમયે જો બધા પૂર્વ ચૂંટણી પંચ વડાઓએ જોતિના નિર્ણય વિરુદ્ધ કોર્ટમાં રાવ નાંખી હોત તો લોકોનો તેમના પર વિશ્વાસ અને શ્રધ્ધા વધી ગઈ હોત. તે સમયે મૌન ધારણ કરવું અને હવે અવાજ ઉઠાવવો એટલે તેમનાથી દેશના લોકો આશા રાખી શકે જ્યારે પક્ષ ચૂંટણીઓ યોજાય ત્યારે વર્તમાન ચૂંટણી પંચ વડા જોતિ જેવા કોઈ પગલાં લેવાના પ્રયાસો કરે તો આ બધા ચૂંટણી પંચની ૭૦ વર્ષની પ્રતિષ્ઠાને બચાવવા માટે અડધી રાત્રે અદાલતના દરવાજા ખટખટાવવાની હિંમત બતાવી શકશે? હવે આવનાર ચૂંટણીઓ ક્યાં દૂર છે. સવાર તો થવાની જ છે અને સૂર્ય પણ નીકળવાનો છે.(જી.એન.એસ)

# ના..હોય... પાણીની અછત પતિને બીજા લગ્ન કરવા મજબૂર કરે છે..??

તમને જાણીને નવાઈ લાગશે કે રાજસ્થાનની અમુક જગ્યાઓ પર જયારે પત્ની ગર્ભવતી બનતા પતિ બીજા લગ્ન કરી લે છે. તમને જાણીને નવાઈ લાગશે કે કોઈ પતિ તેની પત્ની ગર્ભવતી બનતા તેને છોડીને બીજા લગ્ન શા માટે કરી લે છે પરંતુ લગ્નના પહેલા દિવસથી જ યુવતીઓને અહીં આ વાતની જાણ હોય છે કે આવો દિવસ જરૂરથી આવવાનો છે.

આપણા દેશમાં ઘણા ગામડાઓમાં આવી પ્રથા છે જ્યાં પતિ એકથી વધુ લગ્ન કરે છે. આ પ્રથા રાજસ્થાનના બાડમેર જીલ્લાના દેરાસર નામના ગામની છે. જ્યાં પાણીની એટલી અછત છે કે અહીંની મહિલાઓને પાણી માટે ભાર ઉનાળામાં પણ આખો આખો દિવસ પાણીની શોધમાં ચાલવું પડે છે. નાનપણથી જ આ ગામમાં બાળકીઓને પાણીના ઘડા ભરીને ચાલતા શીખવાડવામાં આવે છે જેથી મોટા થઈને તે બે-ત્રણ ઘડા ઉપાડીને ચાલી શકે.

આ રીતે પાણી ભરીને આલવું ગર્ભવતી મહિલા માટે ખૂબ જોખમી કામ છે માટે પત્નીના ગર્ભ ધારણ કર્યા બાદ પતિ બીજા લગ્ન કરી લે છે જેથી બીજી પત્ની પાણી લાવવા અને ગર્ભવતી મહિલાની દેખરેખ રાખવાનું કામ કરે. ૨૦૧૧ના જનગણનાના આંકડા અનુસાર તેમની સંખ્યા ૫૯૬ છે જેમાં ૩૦૯ પુરુષ અને ૨૮૭ મહિલાઓ છે.

રાજસ્થાન અને મહારાષ્ટ્રમાં ઘણા એવા ગામ છે જ્યાં પાણીની અછતના કારણે 'બહુવિવાહ' કરવામાં આવે છે. અમુક એવા પણ ગામો છે જ્યાં પાણી ભરવા માટે ૧૦ થી ૧૨ કલાક ફક્ત ચાલવું જ પડે છે. મહારાષ્ટ્રમાં આવા લગભગ ૧૯,૦૦૦ ગામો છે. આ ગામોમાં બીજી પત્નીને 'વોટર વાઈફ' અથવાતો 'વોટર બાઈ' કહેવામાં આવે છે. આવા ગામડાઓમાં સરકારી અધિકારીઓ પણ બહુવિવાહ નથી રોકી શકતા અને આશ્ચર્યની વાત તો એ છે કે આ બહુવિવાહ પહેલી કે બીજી પત્નીની મરજીથી થાય છે. આ પ્રથાઓને બંધ કરવા માટે સરકારે ઢોસ પગલા ભરવાની જરૂર છે. (જી.એન.એસ)

## સુડોકુ નં. ૮૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | 1 | | | 3 | | |
| 2 | | | | | 6 | | 1 | |
| | 6 | 1 | 2 | 8 | | | | 9 |
| | | 9 | | | 7 | | 6 | 2 |
| | 1 | | | | | | 5 | |
| 3 | 2 | | 9 | | | 7 | | |
| 6 | | | | 1 | 8 | 2 | 3 | |
| | 5 | | 7 | | | | | 1 |
| | | 8 | | | 4 | | | |

અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૮૬નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | 9 | 1 | 7 | 3 | 2 | 6 | 4 | 8 |
| 8 | 4 | 3 | 5 | 1 | 6 | 7 | 9 | 2 |
| 7 | 6 | 2 | 8 | 9 | 4 | 1 | 3 | 5 |
| 4 | 2 | 8 | 6 | 5 | 9 | 3 | 7 | 1 |
| 6 | 5 | 9 | 3 | 7 | 1 | 8 | 2 | 4 |
| 1 | 3 | 7 | 2 | 4 | 8 | 9 | 5 | 6 |
| 2 | 8 | 5 | 9 | 6 | 3 | 4 | 1 | 7 |
| 9 | 1 | 6 | 4 | 2 | 7 | 5 | 8 | 3 |
| 3 | 7 | 4 | 1 | 8 | 5 | 2 | 6 | 9 |

## જનરલ નોલેજ કોર્નર

# GPSC, PSI, નાયબ મામલતદાર, GSSB પરીક્ષાની તૈયારી માટે



- જરજીસ એ. કાઝી
8264292929

(૨૪૧) પ્રથમ સરસ્વતી સન્માન કોને મળ્યો હતો ?

– હારી વંશરાય બચ્ચનને

(૨૪૨) થાઈલેન્ડ માં યોજનારા પાવર પેરમોટરના વર્લ્ડકપમાં ભારતની ટીમમાં ક્યાં ગુજરાતી ખેલાડીની પસંદગી થઈ છે ?

– રામદેવસિંહ જાડેજા

(૨૪૩) રામદેવસિંહ જાડેજા ક્યાં જિલ્લાના વાતની છે ?

– ભાવનગરના

(૨૪૪) ઈઝરાયેલી મોર્ડન આર્ટ એક્ઝિબિશનનું ઉદઘાટન ક્યાં કરવામાં આવ્યું હતું ?

– ન્યુ દિલ્હી ખાતે

(૨૪૫) ભારતીય હોકી ટીમના કેપ્ટન કોને બનાવાયા ?

- પી.આર.શ્રીજેશ

(૨૪૬) પી.આર.શ્રીજેશ પહેલા ભારતીય હોકી ટીમના કેપ્ટન કોણ હતું ?

– શ્રી માનપરિત સિંઘ

(૨૪૭) ભારતીય મહિલા હોકી ટીમના કેપ્ટન કોને બનાવવામાં આવ્યા છે ?

– શ્રીમતી રાની રામપાલ

(૨૪૮) ભારતની પ્રથમ ઈન્ડસ્ટ્રીયલ સોલાર માઈક્રોગ્રીડ ક્યાં લોન્ચ કરાશે ?

– વડોદરામાં

(૨૪૯) વડોદરામાં ઈન્ડસ્ટ્રીયલ સોલાર માઈક્રોગ્રીડ કઈ કંપની દ્વારા લોન્ચ કરાશે ?

– સ્વીક કંપની ABB દ્વારા

(૨૫૦) UNO ની કઈ સંસ્થાનો વર્કશોપ હાલમાં ભારતમાં યોજાઈ ગયો ?

– UNCCD (યુનાઈટેડ નેશન્સ કન્વેન્શન ટુ કોમ્બેટ ડેઝર્ટીફિકેશન)

(૨૫૧) UNO ની UNCCD સંસ્થાનો વર્કશોપ હાલમાં ભારતમાં કઈ જગ્યાએ યોજાયો છે ?

– ન્યુ દિલ્હી

(૨૫૨) UNO ની UNCCD સંસ્થાનો વર્કશોપ હાલમાં ભારતમાં કેટલા દિવસ ચાલ્યો હતો ?

– ૪ દિવસ

(૨૫૩) UNO ની UNCCD સંસ્થાનો વર્કશોપ હાલમાં ભારતમાં કોના દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું ?

– ભારત સરકારના પર્યાવરણ, વન અને ક્લાઈમેન્ટ ચેન્જ મંત્રાલય દ્વારા

(૨૫૪) UNCCD ની સ્થાપના ક્યારે કરવામાં આવી હતી ?

– ૧૯૯૪

(૨૫૫) ભુતપૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ દ્વારા હાલમાં કઈ બુક લોન્ચ કરવામાં આવી હતી ?

– માય જર્ની ળોમ માર્કસિઝમ લેનિનીઝમ ટુ નેહરૂવિયન સોશિવલિઝમ નામની

(૨૫૬) માય જર્ની ળોમ માર્કસિઝમ લેનિનીઝમ ટુ નેહરૂવિયન સોશિવલિઝમ નામની બૂક કોની હતી ?

- સી.એન.હનુમંત રાવની

(૨૫૭) વર્ષ ૨૦૧૮ માં માસ્ટર દીનાનાથે મંગેશકર એવોર્ડ કોને અપાશે ?

– અમજદ અલી ખાન, આશા ભોસલે અને અનુપમ ખેરને

(૨૫૮) આશા ભોસલેને ક્યાં એચિવમેન્ટ માટે આ પુરસ્કાર અપાશે ?

– લાઈફ ટાઈમ એચિવમેન્ટ

(૨૫૯) ૧૫ મી વિશ્વ ગ્રામ્ય આરોગ્ય કોન્ફરન્સ ક્યાં યોજાઈ ગઈ ?

– નવી દિલ્હી

(૨૬૦) ૧૫ મી વિશ્વ ગ્રામ્ય આરોગ્ય કોન્ફરન્સનું ઉદઘાટન કોના દ્વારા કરવામાં આવ્યું હતું ?

– વૈંકેયા નાયડુ

(૨૬૧) તાજેતરમાં ચાલેલી બે દિવસની કોસ્ટલ સિક્યુરિટી એક્સરસાઈઝ "સાગર કવચ" ક્યાં યોજાઈ ગઈ ?

- કેરળના દરિયા કિનારે

(૨૬૨) ૨૦૨૧ માં વર્લ્ડબેન્ક અને IMF ની વાર્ષિક મિટિંગ ક્યાં યોજવામાં આવશે ?

– મોસ્કોમાં

(૨૬૩) મિસ યૂનિવર્સલ-૨૦૧૭ સ્પર્ધાનું ભારતનું પ્રતિનિધિત્વ કોણે કર્યું હતું ?

– શ્રદ્ધા શશીધર

(૨૬૪) વર્ષ ૨૦૧૭ સુધીમાં ભારતની કુલ કેટલી યુવતીઓએ મિસ યુનિવર્સ સ્પર્ધા જીતી છે ? કઈ કઈ ?

– બે, સુષ્મિતા સેન અને લારા દતા

(૨૬૫) ડેવિસ કપ ૨૦૧૭ વિજેતા દેશનું નામ શું છે ?

– ળાન્સ (બેલ્જિયમ ને પરાજય કરીને)

(૨૬૬) કઈ સ્પર્ધા 'ટેનિસના વિશ્વ કપ' તરીકે ઓળખાય છે ?

– ડેવિસ કપ

(૨૬૭) ૨૮ નવેમ્બર ૨૦૧૭ ના રોજ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતના ક્યાં શહેરમાં મેટ્રો ટ્રેનનો પ્રારંભ કરાવ્યો છે ?

– હૈદરાબાદ

(૨૬૮) ૮ નવેમ્બર ૨૦૧૭ ના રોજ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ હૈદરાબાદના ક્યાં સ્ટેશનેથી મેટ્રો ટ્રેનનો પ્રારંભ કરાવ્યો છે ?

– મિયાપૂર


(૨૬૯) ભારતમાં સૌપ્રથમ મેટ્રોટ્રેનનો પ્રારંભ ક્યાં શહેરમાં ? ક્યારે થયો હતો ?

– કોલકાતા, ૨૪ ઓક્ટોબર ૧૯૮૪

(૨૭૦) ૨૯ નવેમ્બર ૨૦૧૭ ના રોજ ઉતાર કોરિયા દ્વારા કઈ મિસાઈલનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું ?

– હાંગસાંગ-૧૫






## સેન્સેક્સ

| | |
|---|---|
| આજનો બંધ | ૩૪૩૪૪.૯૧ |
| છેલ્લો બંધ | ૩૪૬૫૧.૨૪ |
| વધઘટ | -૩૦૧.૩૩ |

## નિફ્ટી

| | |
|---|---|
| આજનો બંધ | ૧૦૪૩૦.૩૫ |
| છેલ્લો બંધ | ૧૦૫૩૬.૭૦ |
| વધઘટ | -૧૦૬.૩૫ |

## તેલ બજાર

| નામ | ઓછોભાવ | વધુભાવ |
|---|---|---|
| સીંગતેલ જૂના | ૧૩૮૦ | ૧૪૦૦ |
| સીંગતેલ નવા | ૧૪૮૦ | ૧૪૯૦ |
| કપાસિયા જુના | ૧૨૫૦ | ૧૨૬૦ |
| કપાસિયા નવા | ૧૩૫૦ | ૧૩૬૦ |
| સોયાબીન જૂના | ૧૩૧૦ | ૧૩૫૦ |
| સોયાબીન નવા | ૧૪૧૦ | ૧૪૨૦ |
| દીવેલ | ૧૩૮૦ | ૧૪૧૦ |
| પામોલિન જુના | ૧૨૦૦ | ૧૨૧૦ |
| પામોલિન નવો | ૧૨૨૦ | ૧૨૯૦ |
| કોપરેલ | ૩૩૪૦ | ૩૩૬૦ |
| વનસ્પતિ | ૧૦૮૦ | ૧૧૧૦ |
| સરસીયુ મોળુ | ૧૩૪૦ | ૧૩૬૦ |
| સરસીયુ તીખુ | ૧૪૩૦ | ૧૪૫૦ |
| સનફલાવર | ૧૩૦૦ | ૧૩૨૦ |
| મકાઈ તેલ | ૧૨૪૦ | ૧૩૪૦ |
| તિરૂપતિ | ૧૩૫૦ | - |
| સિંગતેલ ૫ લીટર | ૪૫૦ | - |

## સોના-ચાંદી બજાર

| નામ | ઓછોભાવ | વધુભાવ |
|---|---|---|
| ચાંદી ચોરસા | ૪૦૩૦૦ | ૪૦૮૦૦ |
| રૂપુ | ૪૦૧૦૦ | ૬૦૦ |
| સિક્કાજૂના(નંગ) | ૬૫૦ | ૮૦૦ |
| સોનું (૯૯.૯) | ૩૧૮૦૦ | ૩૨૩૦૦ |
| સોનું (૯૯.૫) | ૩૧૬૫૦ | ૩૨૧૫૦ |
| નવા દાગીના | ૩૧૬૫૫ | - |
| હોલમાર્ક | - | - |

## ખાંડ બજાર

| નામ | ઓછોભાવ | વધુભાવ |
|---|---|---|
| અમદાવાદ મધ્યમ | ૨૯૫૦ | ૩૦૫૦ |
| અમદાવાદ ઝીણી | ૨૮૫૦ | ૨૯૫૦ |
| ગુજરાત મધ્યમ | ૨૬૪૦ | ૨૭૦૦ |
| ગુજરાત ઝીણી | ૨૫૪૦ | ૨૬૦૦ |
| કોલ્હા. મધ્યમ | ૨૬૫૦ | ૨૭૫૦ |
| કોલ્હા. ઝીણી | ૨૫૩૦ | ૨૬૦૦ |
| બેલારપુર મધ્યમ | ૨૬૦૦ | ૨૭૦૦ |
| બેલારપુર ઝીણી | ૨૪૭૦ | ૨૫૭૦ |

## ફૂલ બજાર

| નામ | ઓછોભાવ | વધુભાવ |
|---|---|---|
| ગુલાબ (૧ કિ.) | ૪૦ | ૭૦ |
| ટગર | ૧૬૦ | ૧૮૦ |
| ડમરો | ૬ | ૮ |
| મોગરો | ૧૦૦ | ૧૨૦ |
| પારસ | - | - |
| લીલી | ૦.૫૦ | ૧.૦૦ |
| હજારીગલ | - | - |
| ડેઝી | - | - |
| ગોટી | - | - |
| ઝેનિયા | ૪૦ | - |

# જેએમ ફાઈનાન્સિયલ ક્રેડિટ સોલ્યુશન્સ લિ.નો એનસીડી ઈસ્યુ ૨૮મેના ખુલશે

અમદાવાદ તા. ૨૩

જેએમ ફાઈનાન્શિયલ ગ્રૂપની એનબીએફસી કંપની જેએમ ફાઈનાન્શિયલ ક્રેડિટ સોલ્યુશન્સ લિમિટેડ (“કંપની”) રિયલ એસ્ટેટ ડેવલપર્સને સંપૂર્ણ નાણાકીય સોલ્યુશન પ્રદાન કરે છે, જેનો પબ્લિક ઈશ્યૂ ૨૮ મે, ૨૦૧૮નાં રોજ ખુલશે. આ સીક્યોર્ડ, રેટેડ, લિસ્ટેડ, રિડીમેબલ, નોન-કન્વર્ટિબલ ડિબેન્ચર્સ (“એનસીડી”) ઈશ્યૂની બેઝ સાઈઝ રૂ. ૩૦૦ કરોડ છે, જેના દરેક ડિબેન્ચરની ફેસ વેલ્યુ રૂ. ૧,૦૦૦ (“સીક્યોર્ડ એનસીડી”) છે. આ એનસીડીમાં રૂ. ૪૫૦ કરોડ સુધીનું ઓવરસબસ્ક્રિપ્શન જાળવવાનો વિકલ્પ છે, જેથી કુલ ઈશ્યૂ રૂ. ૭૫૦ કરોડ (“ટ્રેન્ચ”)નો છે, જેની શેલ્ફ લિમિટ રૂ. ૨,૦૦૦ કરોડની અંદર છે.

ઈશ્યૂ ૨૦ જૂન, ૨૦૧૮નાં રોજ બંધ થશે, જેમાં કંપનીનાં બોર્ડ ઓફ ડિરેક્ટર્સ (“બોર્ડ”) કે એનસીડી પબ્લિક ઈશ્યૂ કમિટીનાં નિર્ણય મુજબ વહેલાસર ક્લોઝર કે ઈશ્યૂને લંબાવવાનો વિકલ્પ છે.

ટ્રેન્ચ આઈ ઈશ્યૂ હેઠળ થનાર સીક્યોર્ડ એનસીડી તેનાં ૨૭ એપ્રિલ, ૨૦૧૮નાં પત્ર મુજબ રૂ. ૨,૦૦૦ કરોડ સુધીની રકમ માટે ઈક્રા દ્વારા [ICRA] AA/Stable રેટિંગ મળ્યું છે




અને તેને ૧૧, ૨૦૧૮નાં પત્ર દ્વારા વધારે પુષ્ટિ આપવામાં આવી છે તથા ઈન્ડિયા રેટિંગ્સ દ્વારા તારીખ ૨૭ એપ્રિલ, ૨૦૧૮નાં પત્ર મુજબ

રૂ. ૨,૦૦૦ કરોડની રકમ માટે IND AA/Stable રેટિંગ મળ્યું છે, જેને ૧૦ મે, ૨૦૧૮નાં પત્ર દ્વારા સુપરસીડ કરવામાં આવ્યું છે. ઈક્રા અને ઈન્ડિયા રેટિંગ્સ દ્વારા સીક્યોર્ડ એનસીડીનું રેટિંગ નાણાકીય જવાબદારીઓ સમયસર અદા કરવાનાં સંબંધમાં ઊંચી સુરક્ષાનો સંકેત આપે છે.

જેએમ ફાઈનાન્શિયલ ક્રેડિટ સોલ્યુશન્સ લિમિટેડનાં સીઈઓ શાશ્વત બેલાપુરકરે કહ્યું હતું કે, “જેએમ ફાઈનાન્શિયલ ક્રેડિટ સોલ્યુશન્સ લિમિટેડનાં એનસીડીનો પબ્લિક ઈશ્યૂ જેએમ ફાઈનાન્શિયલ ગ્રૂપનો પ્રથમ ઈશ્યૂ છે, જે માન્યતાપ્રાપ્ત અને ભરોસાપ્રાપ્ત બ્રાન્ડ સાથે સ્થાપિત નાણાકીય સેવા પ્રદાન કરતું ગ્રૂપ છે. અમારી કંપની સ્થિર અને સ્થાયી નાણાકીય કામગીરીનો ટ્રેક રેકોર્ડ ધરાવે છે, જે કન્ઝર્વેટિવ ડેટ ઈક્વિટી રેશિયો અને અસ્કયામતની શ્રેષ્ઠ ગુણવત્તા સાથે આવક અને નફાકારકતા એમ બંનેમાં સતત વધારો પ્રતિબિંબિત કરે છે. નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬થી નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ સુધી અમારી કુલ આવકમાં ૧૦૯.૯ ટકાનાં સીએજીઆર (વાર્ષિક ચક્રવૃદ્ધિ દરે) પર વધારો થયો હતો અને આ જ સમયગાળામાં કરવેરાની ચુકવણી પછીનાં અમારાં નફા (પીએટી)માં ૮૮.૮ ટકાનાં સીએજીઆર (વાર્ષિક ચક્રવૃદ્ધિ દરે) પર વધારો થયો હતો. અમારો એનસીડી ઈશ્યૂ ફંડનાં ખર્ચને અસરકારક બનાવવા અને વિવિધતાસભર ફંડિંગ પોર્ટફોલિયો જાળવવા મહત્ત્વપૂર્ણ પગલું છે, જે ભારતનાં સૌથી વધુ ઝડપથી વિકસતાં અને ભરપૂર તકો ધરાવતાં બજારમાં સ્થિરતા અને પ્રવાહિતા હાંસલ કરવા સક્ષમ બનાવશે.”

ક્રિસિલ રિસર્ચે નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦૨૦ સુધીમાં આગામી બે વર્ષ સુધીમાં એનબીએફસી કંપનીઓ દ્વારા હોલસેલ ફાઈનાન્સિંગ ૨૩ ટકાથી ૨૬ ટકા વધીને રૂ. ૨.૦ ટ્રિલિયન ની ધારણા વ્યક્ત કરી છે. આગામી પાંચ વર્ષમાં ક્રિસિલને એનબીએફસી કંપનીઓની અસ્કયામતો નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭થી નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૦૨૨ સુધીમાં ૨૦થી ૨૫ ટકાનાં સીએજીઆરનાં દરે વધવાની અપેક્ષા છે, જે માટે રિયલ એસ્ટેટ (નિયમન અને વિકાસ) ધારા, ૨૦૧૭ (“રેરા”)નાં અમલ પછી ફંડ માટેની જરૂરિયાતમાં વધારો મુખ્ય પરિબળ બનશે.

એનસીડીનાં તમામ વિકલ્પોમાં અરજી કરવાની લઘુતમ રકમ સંયુક્તપણે રૂ. ૧૦,૦૦૦ છે અને લઘુતમ અરજી પછી રૂ. ૧૦૦૦ની ફેસ વેલ્યુનાં એક (૧) એનસીડીનાં ગુણાંકમાં છે. ફાળવણી વહેલા-તે-પહેલાનાં-ધોરણે (ઓવરસબસ્ક્રિપ્શનની તારીખને બાદ કરતાં, જો કોઈ હોય તો, જ્યારે તમામ રોકાણકારો કથિત તારીખે સપ્રમાણ આધારે અરજી કરશે. રોકાણકારોને ડિમટિરિઅલાઈઝ ફોર્મમાં એનસીડીમાં અરજી કરવા માટે અરજી કરવી પડશે.

# દુબઈ : રોકાણ માટે સલામત અને આકર્ષક બજાર

## ડેવલપર્સ રોકાણ પર ૧૫ ટકા જેટલું વાર્ષિક વળતર ઓફર કરે છે, જે અન્ય બજારોમાં મેળવવા મુશ્કેલ છે

રાજકોટ તા. ૨૩

પ્રથમ વખત રિયલ એસ્ટેટમાં રોકાણ કરવું મુશ્કેલ બની શકે છે, ખાસ કરીને પહેલી વખત ખરીદનારો માટે. જો કે, રિયલ એસ્ટેટ ઈન્વેસ્ટમેન્ટ પણ એક વિશાળ મિલકત હોઈ શકે છે, અને એક સ્થિર આવક સ્ત્રોત પણ હોઈ શકે છે. તેથી, જ્યારે કેટલાંક પોઈન્ટ કે જ્યાં દરેકને ધ્યાનમાં રાખવાની જરૂર છે ત્યાં રોકાણ કરવું જોઈએ.

રોકાણની અલ્ટિમેટ સિક્યુરિટી, રોકાણ પર હાઈ ઈન્વેસ્ટમેન્ટ, હાઈ કેપિટલ એપ્રેસિએશન, સ્થાન અને ઉપલબ્ધતા કી, તમે રોકાણ કરો છો તે સ્થળાંતર અને કનેક્ટીવીલી, ગ્રેટ હેલ્થ ફેસિલીટીસ ઉપરમાંથી, સૌથી મહત્વનો મુદ્દો તે દેશ છે કે જેમાં તમે તમારી મહેનતની કમાણી



કરી રહ્યાં છો તે સુરક્ષિત હાથમાં હોવું જોઈએ. આ પ્રદેશમાં વેપાર, પરિવહન અને સંસ્કૃતિ માટેનું વૈશ્વિક કેન્દ્ર છે. તે સલામત, વૈવિધ્યસભર અને ગગનચુંબી ઈમારતો, ચળકતી ઈમારતો અને ફાઈવ સ્ટાર હોટેલ દ્વારા વિકસતા જતા મહાનગર તરીકે વિકસાવવામાં આવે છે. દુબઈમાં રિયલ એસ્ટેટ માર્કેટમાં ઘણાં નાગરિકો, ખાસ કરીને ભારતીયમાં રોકાણમાં થયેલા તાજેતરના ઉછાળાના કારણે તે સૌથી નોંધપાત્ર કારણોમાંનું એક છે.

આ રિપોર્ટમાં યુએઈના નાણાંની આયાત માટેના પ્રયત્નોની પણ પ્રશંસા કરવામાં આવી છે કે જે કુદરતી સ્ત્રોતો પર આધાર રાખતું નથી, તેનાથી વ્યવસાય અને લેઝર પ્રવાસીઓને આકર્ષવા માટે અનન્ય પર્યાવરણ બનાવવામાં આવ્યું છે. તેથી, યુએઈ વૃદ્ધિના એક નવા તબક્કાના થ્રેશોલ્ડ પર છે જે ફક્ત ચાર દાયકાના વધુ સારા ભાગ માટે જ તેલની આવકના જથ્થા પર આધાર રાખે છે. તેના બદલે, તે આર્થિક વૈવિધ્યકરણની નીતિના અમલીકરણ બાદ બિન-ઓઈલ ક્ષેત્રના વિકાસ પર નિર્ભર કરે છે, જેના કારણે તાજેતરના વર્ષોમાં મુખ્ય ક્ષેત્રોમાં પ્રભાવશાળી વિકાસ થયો છે, જેમ કે પ્રવાસન અને હવાઈ પરિવહન, વેપાર અને નાણાંકીય સેવાઓ તેમજ ઉત્પાદન અને વૈકલ્પિક ઉર્જા વિકાસ પર નિર્ભર કરે છે

યુએઈએ વિકાસની ગતિ અને ઊંચા જીવનધોરણ જાળવી રાખીને ફુટના પાકને લણવાની શરૂઆત કરી છે. તેમના નવા રાષ્ટ્રના વિકાસ અને વિકાસની ખાતરી કરવા માટે, યુએઈ સરકારે વર્ક વિઝા, નવા વ્યવસાયો માટે પ્રોત્સાહનો આપીને વિશ્વની વસ્તી માટે દરવાજા ખોલવાનો નિર્ણય કર્યો છે. આજે, દેશોમાં વિશ્વના તમામ ખૂણેથી ઈમિગ્રન્ટ્સનું એક કરોડરજ્જૂ છે, જે તેમને અસંખ્ય ધર્મો, સંસ્કૃતિઓ અને ભાષાઓ સાથે લાવે છે.

તેથી, આ તમામ આર્થિક હકીકતો આપવામાં આવે છે, યુએઈ રિયલ એસ્ટેટ રોકાણ માટે એકદમ સારું સ્થાન છે અને વિકાસકર્તાઓ જેમ કે ડેન્યુબ આકર્ષક યોજના અને સમયસર ડિલિવરી સાથે આવે છે.

ISO 9001 : 2015 CERTIFIED
॥ રોકાણકારોની શ્રદ્ધા અતૂટ.... અને વિશ્વાસનું પ્રતિક ॥
ઈન્વેસ્ટમેન્ટ પોઈન્ટ
www.Investmentpoint.in
Stock Market Trading Consultancy
નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808
hellonikhilbhatt@gmail.com

## તા. ૨૪.૦૫.૨૦૧૮ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે....

## નિફ્ટી ફ્યુચર ૧૦૪૯૪ પોઈન્ટ મહત્વની સપાટી ....!!!

- **તા. ૨૩.૦૫.૨૦૧૮ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ @ ૧૦૪૧૮ પોઈન્ટ :-** આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૪૬૪ પોઈન્ટના પ્રથમ અને ૧૦૪૯૪ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૧૦૩૯૬ પોઈન્ટ થી ૧૦૩૮૮ પોઈન્ટ, ૧૦૩૭૩ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. નિફ્ટી ફ્યુચરમાં ૧૦૪૯૪ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!
- **તા. ૨૩.૦૫.૨૦૧૮ ના રોજ બેંક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ @ ૨૫૫૫૩ પોઈન્ટ :-** આગામી સંભવિત બેંક નિફ્ટી ફ્યુચર ૨૫૪૦૪ પોઈન્ટના પ્રથમ અને ૨૫૩૩૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૨૫૬૦૬ પોઈન્ટ થી ૨૫૬૩૦ પોઈન્ટ, ૨૫૬૪૬ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૬૬૪૬ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!

***હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક.....***

- **લાર્સેન લિમિટેડ ( ૧૩૨૭ ) :-** કન્સ્ટ્રક્શન ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૩૧૩ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૩૦૩ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૩૩૭ થી રૂ.૧૩૪૪ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૩૫૦ ઉપર તેજી તરફી ધ્યાન...!!!

**એશિયન પેઈન્ટસ ( ૧૨૮૩ ) :-** ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૨૬૦ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૨૪૪ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૨૯૬ થી રૂ.૧૩૦૩ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!

**ઇન્ફોસિસ ( ૧૧૮૫ ) :-** રૂ.૧૧૬૦ નો પ્રથમ તેમજ રૂ.૧૧૪૭ ના બીજા સપોર્ટથી ટેક્નોલોજી સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૧૯૭ થી રૂ.૧૨૦૩ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!!

**ટેક મહિન્દ્રા ( ૭૦૧ ) :-** ટેક્નોલોજી સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૭૧૩ થી રૂ.૭૧૭ ના ભાવની સંભાવના ધરાવે છે.!! અંદાજીત રૂ.૬૭૬ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!

**ઓરબિન્દો ફાર્મા ( ૫૭૬ ) :-** રૂ.૦૧ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૫૬૦ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક ફાર્મા સેક્ટર ના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૫૮૪ થી રૂ.૫૯૦ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ....!!!

**કોટક બેંક ( ૧૨૪૮ ) :-** ટેકનીકલ ચાર્ટ મુજબ બેંક સેક્ટર નો આ સ્ટોક રૂ.૧૨૬૦ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૨૩૬ થી રૂ.૧૨૨૭ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૧૨૭૩ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!

**BEML લિમિટેડ ( ૯૨૧ ) :-** રૂ.૯૩૯ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૯૪૪ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૯૦૯ થી રૂ.૮૯૬ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૯૫૭ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!!

**રામકો સિમેન્ટ ( ૭૮૮ ) :-** સિમેન્ટ સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૮૦૮ ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૭૭૭ થી રૂ.૭૭૦ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!!

**હેવલ્સ ઈન્ડિયા ( ૫૪૪ ) :-** ટેકનીકલ ચાર્ટ મુજબ ઇલેક્ટ્રીક ઇક્વિપમેન્ટ સેક્ટરનો આ સ્ટોક રૂ.૫૫૭ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૫૩૭ થી રૂ.૫૩૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૫૬૬ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!

**રિલાયન્સ કેપિટલ ( ૩૭૪ ) :-** રૂ.૩૮૮ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૩૯૩ ના સ્ટોપલોસે વેચવાલાયક આ સ્ટોક તબક્કાવાર રૂ.૩૬૬ થી રૂ.૩૬૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!!! રૂ.૩૯૯ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!

**ખાસ નોંધ :** ડિસ્ક્લેમર / પોલીસી / શરતો **WWW.NIKHILBHATT.IN** ને આધીન...!!!

***તબક્કાવાર નફો બુક કરે એ શાણો રોકાણકાર...!!!***

## બીએસઈના મુખ્ય શેરોની હલચલ

| કંપનીનું નામ | બંધ ભાવ | વધ-ઘટ(રૂા) | લો સપાટી | હાઇ સપાટી |
|---|---|---|---|---|
| બજાજ ઓટો | ૨૭૭૫.૮૦ | -૩૫.૪૫ | ૨૭૬૨.૪૦ | ૨૮૩૦.૦૦ |
| ભેલ | - | - | - | - |
| ભારતી એરટેલ | ૩૫૬.૮૦ | -૫.૧૦ | ૬૫૪.૫૫ | ૩૬૫.૧૫ |
| સીપલા | - | - | - | - |
| ડીએલએફ | ૧૯૩.૯૦ | -૩.૩૫ | ૧૯૨.૨૫ | ૧૯૯.૨૦ |
| બીઓબી | ૧૨૯.૭૦ | ૩.૧૫ | ૧૨૬.૩૫ | ૧૩૧.૭૦ |
| એચડીએફસી | ૧૯૬૬.૯૫ | -૨૪.૨૦ | ૧૯૬૧.૦૦ | ૧૯૯૦.૦૦ |
| હિરોહોન્ડા મોટર્સ | ૩૪૮૨.૧૫ | -૨૭.૧૫ | ૩૪૫૩.૦૦ | ૩૪૮૬.૯૫ |
| કોલ ઈન્ડિયા | ૨૭૫.૮૦ | -૨.૬૫ | ૨૭૪.૪૦ | ૨૭૯.૫૫ |
| હિન્ડાલ્કો ઈન્ડ. | - | - | - | - |
| આઈસીઆઈસીઆઈ | ૨૯૧.૭૦ | ૦.૯૫ | ૨૮૮.૦૦ | ૨૯૮.૨૦ |
| ઈન્ફોસિસ ટેકનો. | ૧૮૮૫.૨૫ | -૮.૩૦ | ૧૧૮૦.૯૦ | ૧૨૦૬.૭૦ |
| આઈટીસી | ૨૭૩.૪૫ | -૫.૩૫ | ૨૭૨.૮૦ | ૨૮૦.૦૦ |
| જિંદાલ સ્ટીલ | - | - | - | - |
| જયપ્રકાશ એસો. | - | - | - | - |
| લાર્સન | ૧૩૨૭.૨૦ | ૭.૨૫ | ૧૩૧૫.૧૦ | ૧૩૪૯.૮૦ |
| મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા | ૮૩૧.૮૦ | ૦.૯૫ | ૮૨૧.૨૦ | ૮૩૫.૩૫ |
| મારૂતિ ઉદ્યોગ | ૮૫૦૦.૯૦ | -૫૮.૫૦ | ૮૪૬૨.૦૫ | ૮૫૮૨.૮૫ |
| એનટીપીસી | ૧૬૬.૩૫ | ૧.૩૫ | ૧૬૪.૨૦ | ૧૬૮.૦૦ |
| ઓએનજીસી | ૧૭૫.૫૫ | -૮.૭૫ | ૧૭૪.૪૦ | ૧૮૭.૦૦ |
| રિલાયન્સ ઈન્ડ. | ૯૧૨.૨૫ | -૧૪.૬૫ | ૯૦૯.૦૫ | ૯૨૭.૧૦ |
| સ્ટેટ બેંક | ૨૬૩.૨૦ | ૯-૦૫ | ૨૫૪.૧૫ | ૨૬૯.૭૦ |
| સ્ટરલાઈટ ઈન્ડ. | - | - | - | - |
| ટાટા મોટર્સ | ૩૦૯.૨૫ | ૧.૫૦ | ૩૦૫.૬૫ | ૩૧૭.૦૦ |
| ટાટા પાવર | - | - | - | - ટાટા સ્ટીલ |
| ૫૩૯.૨૫ | -૩૭.૯૫ | ૫૩૬.૬૦ | ૫૭૬.૯૦ | |
| ટીસીએસ | ૩૪૯૭.૦૫ | -૧૧.૦૦ | ૩૪૮૨.૮૦ | ૩૫૪૪.૯૫ |
| વિપ્રો | ૨૬૩.૨૫ | -૧.૮૦ | ૨૬૨.૭૫ | ૨૬૬.૧૦ |

## ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ સરદાર પટેલ માર્કેટ

### જથ્થાબંધ શાકભાજી ભાવ (ભાવ ૨૦ કિગ્રા)

| શાકભાજી | ઓછો ભાવ | વધુ ભાવ |
|---|---|---|
| બટાકા પંજાબ | - | - |
| બટાકા દેશી | ૧૬૦ | ૨૫૦ |
| બટાકા ડીસા | ૧૮૦ | ૩૦૦ |
| ડુંગળી સૌરાષ્ટ્ર | ૭૦ | ૧૨૦ |
| ડુંગળી મહારાષ્ટ્ર | ૧૦૦ | ૧૫૦ |
| રીંગણ | ૪૦ | ૧૬૦ |
| રવૈયા | ૧૨૦ | ૬૦૦ |
| કોબીજ | ૩૦ | ૧૬૦ |
| ફુલાવર | ૨૦૦ | ૫૦૦ |
| ટામેટા પાકા | ૧૪૦ | ૨૦૦ |
| દૂધી | ૬૦ | ૨૪૦ |
| કાકડી | ૧૦૦ | ૬૦૦ |
| મરચાં દેશી | ૧૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૭૦૦ |
| આદુ | ૧૩૦૦ | ૧૬૦૦ |
| ગાજર | ૧૬૦ | ૨૬૦ |
| કોથમીર | ૧૬૦ | ૫૦૦ |
| ગિલોડા | ૨૦૦ | ૬૫૦ |
| પરવર | ૪૪૦ | ૬૮૦ |
| વાલોર | - | - |
| કારેલા | ૨૪૦ | ૧૦૦૦ |
| ભીંડા | ૨૦૦ | ૬૦૦ |
| ચોળી | ૨૦૦ | ૭૦૦ |
| ગવાર | ૨૦૦ | ૮૦૦ |
| તુરીયા | ૪૦૦ | ૭૦૦ |
| ગલકા | ૧૨૦ | ૨૪૦ |

## કોમોડિટીઝના ભાવ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | પાટણ | | | હિંમતનગર | | મોતી | ૨૬૫ | ૨૯૩ |
| જીરૂ | ૨૩૫૦ | ૨૮૩૫ | મગફળી | ૭૫૦ | ૮૮૦ | ઘઉં | ૩૧૧ | ૪૩૦ |
| વરિયાળી | ૧૧૪૧ | ૧૪૧૩ | એરંડા | ૭૦૦ | ૭૮૮ | એરંડા | ૭૫૦ | ૭૫૮ |
| મેથી | ૪૩૧ | ૬૨૯ | ઘઉં | ૩૩૨ | ૪૦૧ | મગ | ૯૫૦ | - |
| સવા | ૬૦૦ | ૯૩૪ | બાજરી | ૨૫૦ | ૨૬૫ | રજકો | ૧૯૦૦ | ૨૫૦૦ |
| રાયડો | ૬૬૦ | ૭૬૭ | મકાઈ | ૨૪૫ | ૨૬૧ | રાયડો | ૬૨૦ | - |
| એરંડા | ૭૫૦ | ૭૮૯ | ગવાર | ૬૯૧ | ૭૩૦ | જવ | ૨૬૦ | - |
| ઈસબગુલ | ૮૦૦ | ૮૧૦ | | ઈડર | | જીરૂ | ૨૬૫૦ | ૨૮૬૧ |
| અજમો | ૫૮૦ | ૧૧૩૮ | ઘઉં | ૩૩૦ | ૪૧૬ | | ઊંઝા | |
| ઘઉં | ૩૧૮ | ૩૯૮ | મકાઈ | ૨૩૪ | ૨૯૦ | ગુ.૧૭ | ૨૮૦ | ૨૯૪ |
| બાજરી | ૨૧૧ | ૨૬૨ | એરંડા | ૭૬૫ | ૭૭૪ | ગુજરી | ૩૦૧ | ૩૯૯ |
| બંટી | ૩૩૬ | - | બાજરી | ૨૪૦ | ૨૬૯ | સફેદ ઘઉં | ૩૩૫ | ૩૭૧ |
| જવ | ૨૭૦ | ૨૮૭ | જુવાર | ૫૦૦ | ૫૬૫ | ટુકડા દેશી | ૩૩૮ | ૩૬૮ |
| ચિકુડી | ૧૨૨૦ | ૧૩૦૦ | મગ | ૯૦૦ | ૧૦૬૪ | તુવેર | ૫૦૦ | - |
| રાજકો | ૧૮૦૦ | ૨૮૦૦ | તુવેર | ૬૫૦ | ૭૪૬ | એરંડા | ૭૫૪ | ૭૭૭ |
| | ખેડબ્રહ્મા | | ચણા | ૬૦૦ | ૬૭૫ | ચણા | ૬૧૬ | ૬૬૮ |
| ઘઉંલોકવન | | ૩૨૫ | ગવાર | ૬૮૦ | ૭૦૩ | રાઈ | ૫૭૪ | - |
| | ૩૩૬ | | સોયાબીન | ૬૯૦ | ૭૧૦ | | મહેસાણા | |
| ૪૯૬ | ૩૩૫ | ૩૪૫ | | કડી | | ઘઉં | ૩૧૨ | ૩૮૦ |
| મકાઈ | ૨૪૫ | ૨૫૫ | ઘઉં | ૩૨૦ | ૩૬૮ | બાજરી | ૫૨૦ | ૬૭૧ |
| એરંડા | ૭૬૮ | ૭૭૫ | બાજરી | ૨૪૦ | ૨૫૪ | ઈસબગુલ | ૧૧૨૫ | ૧૨૩૨ |
| ચણા | ૬૪૦ | ૬૯૦ | જુવાર | ૪૮૬ | ૫૩૭ | જીરૂ | ૨૦૫૧ | - |
| મગ | ૧૦૦૦ | ૧૦૪૪ | ગવાર | ૭૨૭ | ૭૩૫ | વરિયાળી | ૧૧૦૦ | ૧૩૩૭ |
| જુવાર | ૫૧૫ | ૫૪૦ | એરંડા | ૭૮૦ | ૭૯૧ | એરંડા | ૭૭૦ | ૭૮૧ |
| | મોડાસા | | રાયડો | ૭૭૦ | - | રાયડો | ૬૭૭ | ૭૩૪ |
| એરંડા | ૭૪૦ | ૭૭૦ | જીરૂ | ૧૯૫૧ | ૨૮૪૧ | ગવાર | ૬૪૦ | ૭૧૦ |
| સોયાબીન | ૬૦૦ | ૬૬૦ | વરિયાળી | ૯૦૧ | ૧૨૦૦ | મેથી | ૪૦૦ | ૬૪૦ |
| બાજરી | ૨૩૦ | ૨૭૩ | કપાસ | ૬૫૦ | ૧૦૫૦ | સવા | ૭૦૦ | ૯૦૨ |
| મકાઈ | ૨૦૦ | ૨૫૭ | | પાલનપુર | | અજમો | ૫૨૦ | ૧૩૮૫ |
| ઘઉં | ૩૨૫ | ૩૭૦ | ઘઉં | ૩૧૫ | ૪૮૨ | | આંબલિયાસણ | |
| ચણા | ૬૦૦ | ૭૮૭ | બાજરી | ૨૪૦ | ૨૫૭ | ઘઉં | ૩૧૮ | ૩૬૮ |
| | ટીંટોઈ | | એરંડા | ૭૭૦ | ૭૮૮ | બાજરી | ૨૨૪ | ૨૬૦ |
| એરંડા | ૭૪૦ | ૭૫૮ | રાયડો | ૭૦૦ | ૭૨૫ | એરંડા | ૭૬૦ | ૭૭૮ |
| મકાઈ | ૨૦૦ | ૨૫૫ | વરિયાળી | ૧૨૦૦ | ૨૧૪૦ | રાયડો | ૭૦૮ | - |
| ઘઉં | ૩૧૫ | ૩૫૬ | મગફળી | ૮૦૮ | ૮૬૧ | ગવાર | ૭૧૧ | ૭૩૫ |
| | દહેગામ | | રાજગરો | ૮૪૧ | ૧૨૨૫ | | કલોલ | |
| બાજરી | ૨૪૬ | ૨૬૪ | | સિદ્ધપુર | | ઘઉં | ૩૨૫ | ૩૬૩ |
| ઘઉં | ૩૨૪ | ૩૪૦ | વરિયાળી | ૧૨૬૧ | - | એરંડા | ૭૭૫ | ૭૮૪ |
| ડાંગર | ૩૪૦ | ૩૫૦ | રાયડો | ૬૯૨ | ૭૫૮ | ગવાર | ૭૦૦ | ૭૩૪ |
| એરંડા | ૭૭૫ | ૭૭૯ | એરંડા | ૭૪૦ | ૭૮૪ | જુવાર | ૪૦૦ | ૫૪૫ |
| ગવાર | ૭૦૬ | ૭૧૫ | મેથી | ૪૮૧ | - | બાજરી | ૨૦૦ | ૨૬૬ |
| તુવેર | ૫૦૮ | ૫૪૫ | ગવાર | ૭૦૦ | ૭૩૨ | રાયડો | ૬૯૧ | ૭૦૪ |
| | રખિયાલ | | ઘઉં | ૩૨૦ | ૪૫૮ | ડાંગર | ૨૯૧ | ૩૭૫ |
| બાજરી | ૨૪૫ | ૨૬૦ | બાજરી | ૨૩૦ | ૨૬૫ | | બાયડ | |
| ઘઉં | ૩૨૦ | ૩૩૫ | જુવાર | ૫૫૭ | ૭૪૬ | ઘઉં | ૩૨૦ | ૩૪૫ |
| ડાંગર | ૩૩૦ | ૩૪૫ | સવા | ૮૬૦ | ૯૩૦ | બાજરી | ૩૨૫ | ૩૪૦ |
| એરંડા | ૭૭૦ | ૭૭૫ | | સાણંદ | | મકાઈ | ૨૩૦ | ૨૫૦ |
| ગવાર | ૭૦૫ | ૭૧૦ | ગુજરી | ૩૦૦ | ૩૭૫ | એરંડા | ૭૩૦ | ૭૫૦ |



# નગર નોંધ

નગર નોંધ આપવા માટે કાર્યાલય અથવા
મો. નં. ૯૯૯૮૮૫૩૫૯૦ પર વ્હોટસએપ કરો અથવા કોલ કરો..

## શિશુવિહાર અનુવભ તાલીમ વર્ગ પ્રવેશ મળશે

શિશુવિહાર સંસ્થા સંચાલિત મોંઘીબહેન બધેકા બાલમંદિરના ૭૨માં અનુભવ તાલીમવર્ગમાં પ્રવેશ આપવામાં આવે છે. ૬ માસની તાલીમ દરમિયાન સ્ટાઈપેન્ડ તેમજ પ્રમાણપત્ર અનેબ ાલમંદિર શરૂ કરવા સાધન સહાય આપવામાં આવતા અભ્યાસક્રમમાં જોડાવા માંગતા બહેનોએ પોતાની અરજી મોકલી આપવી.

## ગૌશાળા મહાતમ્ય વિશે વકતવ્ય

સ્વાશ્રયી આરોગ્ય પરિવાર તથા મહાજન ગૌશાળાના ઉપક્રમે આગામી તા. ૨૪ ગુરૂવારે સવારે ૯ થી ૧ દરમિયાન છત્તીસગઢના નાડીવૈદ્ય અબ્દુલ વારસી ગૌશાળા મહાત્મ્ય વિષયે પોતાના વિચારો રજુ કરશે. પ્રા. કિશોરભાઈ ભટ્ટના પ્રયત્નોથી યોજાતા કાર્યક્રમ પ્રસંગે શ્રોતાઓને ઘરમાં કુંડામાં ઉગાડી શકાય તેવી ઔષધિઓ વિષયે જાણકારી સાથે બિયારણ ઉપલબ્ધ કરાવવામાં આવશે તેમ મહાજન ગૌશાળાના મંત્રી દિલીપભાઈ શાહની યાદીમાં જણાવાયું છે.

## વિનામુલ્યે સુપર મેગા નેત્રયજ્ઞ

ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પી.એન.આર. સોસાયટી વિદ્યાનગર ભાવનગરના સહયોગથી ડો. પ્રદ્યુમન પી. ભટ્ટની સેવાથી દર શનિવારે તથા દર મહિનાના પહેલા રવિવારે આંખો તપાસ કરી ચશ્માના નંબર કાઢી આપવામાં આવશે. તથા મોતીયાના ઓપરેશન કરાવી આપવામાં આવશે સમય - સવારે ૧૦-૩૦ થી ૧૨અ૦૦ સૌને લાભ લેવા સંસ્થાની યાદી જણાવે છે. સ્થળ : મંગલ ચેરીટેબલ ટ્રસ્ટ, આનંદનગર, ભાવનગર.

## પ્રસુતિવાળીબ હેનોને સુખડીનું વિતરણ કરવામાં આવશે

મંગલ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંકલીત બાલ યોજના ઘટક-૧ મહાપાલિકા ઉત્તરકૃષ્ણનગર વિસ્તારના ૨૯, આંગણવાડી કેન્દ્રના સગર્ભા બહેનોને તથા સર તખ્તસિંહજી હોસ્પિટલની પ્રસુતિવાળીબ હેનોને કોસંભ મલ્ટીટ્રુડ પ્રાઈવેટ લિમીટેડના સહયોગથી સગર્ભા બહેનોને સોમવારના રોજ સવારે ૧૦ થી ૧૨ સુધી વિનામુલ્યે સુખડી વિતરણ કરવામાં આવશે. તથા ઈન્દિરાબેન નલીનકાન્ત ત્રિવેદીના સહયોગથી દર ગુરૂવારે સગર્ભા બહેનોને સવારે ૧૦ થી ૧૨ સુધી વિનામુલ્યે સુખડી વિતરણ કરવામાં આવશે.

## સમસ્ત રામી માળી બારડ કુટુંબ

આજરોજ તા. ૨૪-૫-૧૮ના રોજ રાત્રીના ૯-૩૦ કલાકે ભાવનગર વસ્તા તમામ બારડ કુટુંબની મીટીંગ રાખેલ છે તથા આગામી તા. ૨૬ તથા ૨૭ શનિ તથા રવિવાર થાપનાથ જવા પંગપાળા સંઘ જશે તો પગપાળા આવનારે શનિવારના રોજ સાંજના ૫-૦૦ કલાકે કાળાનાળા આવી જવું ખાસ નોધ તા. ૩-૬-૧૮ રોજ બારડ કુટુંબનું જમણવાર કરવાનું હોય (સમસ્ત બારડ કુટુંબ ભાવનગર) દરેક ભાઈઓએ હાજરી આપવી.

## ભાવનગર ગદ્યસભાનું આયોજન

દર ગુરૂવારે યોજાતી ભાવનગર ગદ્યસભાની આજની બેઠક શામળદાસ કોલેજના અધ્યાપક ખંડમાં સાંજના ૬-૦૦ કલાકે મળશે. આજની બેઠકમાં લક્ષ્મણભાઈ રાધેશ્વર, ભાવિન રાઠોડ અને બિપીનભાઈ બોરીચા કૃતિપઠન કરશે. યથાવકાશ અન્ય સર્જકો પણ કૃતિ રજુ કરશે.

## જે.કે.સરવૈયા કોલેજ માર્કશીટ અંગે

ભાવનગર યુનિવર્સિટી સંલગ્ન જે.કે. સરવૈયા કોલેજમાં માર્ચ-૨૦૧૮માં લાવેયલ એમ.એ.સેમ-૨ અને ૪ (સોશ્યોલોજી, અંગ્રેજી, સાયકોલોજી)ની પરિક્ષાની માર્કશીટ આવી ગયેલ છે. જે કોલેજ સમય દરમિયાન મેળવી લેવી.

## સર્વોત્તમ દાણ ફેકટરીમાં આજથી માર્ગદર્શન શિબિર

દૂધ ઉત્પાદન સાથે સંકળાયેલ મંડળી ના કાર્યવાહકો તથા દૂધ ઉત્પાદન સાથે સંકળાયેલા ભાઈઓ બહેનો માટે માર્ગદર્શન શિબિર રાખવામાં આવેલ છે આ શિબિર સાથે સર્વોત્તમ દાણ ફેકટરી દર્શન તથા તજજ્ઞો દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે સર્વોત્તમ દાણ થી થતા ફાયદાઓ તથા પશુ માટે શા માટે સર્વોત્તમ દાણ ઉપીયોગી છે તેની વિસ્તૃત માહિતી જિલ્લા ની દૂધ ઉત્પાદક મંડળીઓ ના પ્રતિનિધિત્વ ધરાવતા ભાઈઓ બહેનો ને આપવામાં આવશે આ શિબિર ૨૪/૫/૧૮ થી ૩૦/૫/૧૮ સુધી સવારે ૯ થી ૨ વાગ્યા સુધી આ શિબિર રહેશે જેમાં જિલ્લાની વિવિધ દૂધ મંડળીઓ માંથી રોજેરોજ અંદાજિત ૩૦૦૦ ભાઈઓ બહેનો ઉપસ્થિત રહેશે

## ભંડારિયામાં જળ અભિયાનનું આજે નિદર્શન કરશે રાજ્યમંત્રી

ભાવનગર તાલુકાના ભંડારિયા ગામે સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત ધાવડી માતા મંદિરનું તળાવ ઊંડું ઉતારવાની કામગીરી ચાલી રહી છે. અહીં તા.૨૪ને ગુરૂવારે બપોરે ૩ કલાકે રાજયમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા ઉપસ્થિત રહી આ કામનું નિદર્શન કરશે તેમ સરપંચ શક્તિસિંહ ગોહિલ દ્વારા જણાવાયુ હતું

# સાબરકાંઠા જીલ્લા ભાજપ ધ્વારા વિવિધ મોરચાની બેઠક યોજાઈ



પ્રતિનિધિ હિંમતનગર તા.૨૩

સાબરકાંઠા જીલ્લા ભાજપ ધ્વારા જીલ્લા પ્રમુખ જે.ડી.પટેલ ના અધ્યક્ષસ્થાને યુવા મોરચા,કિસાન મોરચા અને અનુસુચિત જાતિ મોરચા ની બેઠક યોજાઈ હતી. જેમાં જીલ્લા ના ત્રણે મોરચા ના મંડલ પ્રમુખ,મહામંત્રી,પ્રભારી,સહિત હોદ્દેદારો ને આગામી લોકસભાની આવી રહેલ ચુંટણી ઓની તૈયારી ઓમાં લાગી જવા માટે અપીલ કરવામાં આવી હતી.

આ પ્રસંગે યુવા મોરચા પ્રભારી પ્રેમલ દેસાઈ,યુવા પ્રમુખ કલ્પીત દવે,સંજય પટેલ,કિસાન મોરચા પ્રમુખ જયેશ પટેલ,મહામંત્રી અલ્પેશ પટેલ,અનુસુચિત જાતિ પ્રમુખ નરેશ પરમાર,મહામંત્રી રાજેષ પરમાર સહિત ત્રણે મોરચા ના કાર્યકરો મોટી સંખ્યા માં ઉપસ્થિત રહયા હતા.

## અધિકારીએ લાંચના રૂપિયા મોઢામાં છુપાવ્યા, એસીબી 'લાળ'નો ટેસ્ટ કરાવશે

(GNS)બનાસકાંઠા,તા.૨૩

બનાસકાંઠાના દાંતીવાડાના લાંચિયા ફોરેસ્ટ ઓફિસરની ધરપકડ બાદ હવે તપાસનો ધમધમાટ શરૂ થયો છે. લાંચ કેસમાં પ્રથમ વખત એસીબી લાળ સંબંધિત ટેસ્ટ કરાવવાની છે. ફોરેસ્ટ ઓફિસર ચંદ્રકાન્ત જોશીએ લાંચના ૧૨ હજાર રૂપિયા મોઢામાં છુપાવી દીધા હતા. આ રૂપિયાને એસીબીએ મોઢામાંથી કાઢ્યા છે. તેમજ લાળ વાળા થયેલા લાંચના રૂપિયાને એફએસએલમાં તપાસ અર્થે મોકલવામાં આવ્યા છે. ફરિયાદી પોતાનું ટ્રેક્ટર ભાડેથી ચલાવી લાકડાની હેરાફેરી કરે છે. ફોરેસ્ટ ઓફિસર ચંદ્રકાન્ત ગણપતલાલ જોશી અવારનવાર ટ્રેક્ટર રોકાવી મહિનાના હપ્તા પેટે ૧૨ હજાર રૂપિયાની માંગણી કરી હતી.

## મેઘરજ તાલુકાના કસાણા ગામે સાબરકાંઠા બેંકની ૧૨૭ મી શાખાનું ઉદઘાટન



પ્રતિનિધિ, હિંમતનગર તા.૨૩

સાબારકાંઠા-અરવલ્લી જીલ્લા ના ખેડુતો ની આર્થીક જીવાદોરી સમાન સાબરકાંઠા બેંક ની ૧૨૭ મી શાખા નું ઉદઘાટન મેઘરજ તાલુકા ના કસાણા ગામે ચેરમેન મહેશભાઈ પટેલ ધ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બેંક ના ડીરેકટર નરેન્દ્ર ઉપાધ્યાય, પંકજ પટેલ,જગદીશભાઈ પટેલ,ચીફ એકઝીયુકટીવ એચ.પી.નાયક,સાહિત ખાતેદારો અને ખેડુતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

# બોલો...ઝાલાવાડમાં હવે વરસાદ આધારિત સટ્ટાનો ક્રેઝ શરૂ થયો

(GNS)સુરેન્દ્રનગર,તા.૨૩

સમગ્ર દેશમાં સુરેન્દ્રનગર જિલ્લાના કપાસનો સટ્ટાના આધારે ભાવો પડે છે ત્યારે આઈ.પી.એલ. ક્રિકેટ બાદ હવે ઝાલાવાડના તાપમાન અને વરસાદ આધારિત સટ્ટાનો ક્રેઝ શરૂ થયો છે. જેમાં ગુજરાત અને રાજ્ય બહારના પંટરો પણ પ્રદેશમાં કેટલો વરસાદ પડશે તેની આગાહી કરી રહ્યા છે ત્યારે હવામાન ખાતાના આગાહી કે સટ્ટાની આગાહી સાચી પડશે તેના પર લાખો ખેડૂતોની મીટ મંડાઈ છે.. ઝાલાવાડનો કપાસનો સટ્ટો ઈક્વિટી-કોમોડિટીમાં જ નહીં, હવે સટ્ટો તમામ ચીજવસ્તુઓમાં એટલી હદે વણાઈ ગયો છે કે, છેલ્લા બે-ત્રણ વર્ષથી ચોમાસા પર સટોડિયાઓનું વર્ચસ્વ વધી રહ્યું છે. જૂન-જૂલાઈથી તથા ઓગસ્ટ માસના ચોમાસાના વરસાદરૂપી સટ્ટો કરવામાં ખેલાડીઓ વ્યસ્ત બની જાય છે અને કરોડો રૂપિયાનો સટ્ટો ગોઠવી રહ્યાં છે. છેલ્લા બે વર્ષ દુષ્કાળના રહ્યા બાદ ચાલુ વર્ષે પણ ભલે હવામાન ખાતું સામાન્ય કરતાં સારો વરસાદ દર્શાવી રહ્યું હોય, પરંતુ પંટરો તો હવામાન ખાતું સામાન્ય કરતાં સારો વરસાદ દર્શાવી રહ્યું હોય, પરંતુ પંટરો તો હવામાન ખાતાની આગાહીઓથી વિપરીત જ ચાલી રહ્યાં છે. કેમ કે હવામાન ખાતાં દરમિયાન છેલ્લા પાંચ વર્ષથી કરવામાં આવેલી આગાહીઓ પૈકી બે આગાહીઓ પણ સાચી પડી નથી. આમ આ વર્ષે પણ સામાન્ય કરતાં સારા વરસાદને નહીં, પરંતુ અનિયમિત અને નબળા ચોમાસાને ટાર્ગેટ કરીને કરોડોનો સટ્ટો રાજસ્થાન, હરિયાણા, પંજાબ, ગુજરાત અને દિલ્હીના પંટરો ગોઠવી રહ્યાં છે. એગ્રિ કોમોડિટીમાં છેલ્લા કેટલાક સમયથી સટ્ટારૂપી કોમોડિટી એવા એરંડા, ગવારગમ, ધાણા તથા જીરુંમાં વોલ્યુમ સાવ તળિયે બેસી ગયા છે.



# અવસાન નોંધ

અવસાન નોંધ આપવા માટે કાર્યાલય અથવા
મો. નં. ૯૯૯૮૮૫૩૫૯૦ પર વ્હોટસએપ કરો અથવા કોલ કરો..

**રાજગોર કાઠિગોર બ્રાહ્મ મરણ**

ખડકાળા નિવાસી હાલ ભાવનગર સ્વ. જયંતિભાઈ નરસિંહભાઈ રવિયાના સુપુત્ર દિપકભાઈ જયતી રવિયા (ઉ.વ.૫૦)તે તા. ૨૨-૫-૨૦૧૮ મંગળવારના રોજ કૈલાસવાસ થયેલ છે તે જગદીભાઈ રવિયાના નાનાભાઈ થાય તથા રીટાબેન, રમાબેન, રેખાબેનના મોટાભાઈ થાય. તેરૈયા હરેશભાઈ જયંતિભાઈના સાળા તથા જીતેન્દ્ર લાભશંકર (અમદાવાદ) વૃજલાલ હરિભાઈ (ભાવનગર) રમેશભાઈ ધનજીભાઈ (રાજુલા, હિતેશભાઈ નાથાલાલ રવિયા (સીટી વોચ ન્યુઝ) હિરેનભાઈ નાથાલાલ રવિયાના ભાઈ થાય તેમજ પુરોહિત પ્રતાપરાય, બળવંતરાય, અનંતભાઈ, અંબાશંકર તથા બટુકભાઈના ભાણેજ થાય. તેમનું બેસણું તા. ૨૪-૫-૨૦૧૮ ગુરૂવારે નારોજ સાંજે ૪ થી ૬-૩૦ સુધી લેઉઆ પટેલ કણબી જ્ઞાતિની વાડી વિજય સિનેમા સામે ચાવડીગેઈટ ભાવનગર ખાતે રાખેલ છે.

**વાટલીયા પ્રજાપતિ મરણ**

ભાવનગર નિવાસી સ્વ. અમૃતલાલ નરશીભાઈ કાકલોતરના દિકરા સ્વ. પ્રાણજીવનભાઈ અમૃતલાલ કાકલોતર (ઉ.વ.૭૨) તા. ૨૦-૫-૨૦૧૮ને રવિવારના રોજ રામચરણ પામેલ છે. તે મયુરભાઈ કાકલોતરના પિતાશ્રિ તથા ચીતના દાદાશ્રી થાય. તથા મનસુખભાઈ, રોહિતભાઈ, ચીનભાઈ કાકલોતરના કાકા થાય. તથા સ્વ. કંચનબેન, લીલમબેન, કાજલબેન, યોગીતાબેન, જીજ્ઞાસાબેનના પિતાશ્રી થાય. તથા અમૃતલાલ, વાડીલાલ સરતાનપરા (ધોળકા)ના બનેવી થાય. તથા જેરામભાઈ, બચુભાઈ ઘોઘારી (હાદેવપરા)ના ભાણેજ થાય. તેનું બેસણું તા. ૨૫-૫-૨૦૧૮ને શુક્રવારે સાંજે ૫ થી ૭ કલાકે વાટલિયા પ્રજાપતિ જ્ઞાતિની વાડી, વડવા તલાવડીમાં રાખેલ છે. તથા તેની ઉત્તરક્રિયા ૩૧-૫-૨૦૧૮ને ગુરૂવારે પ્લોટ નં. ૫૭-એ શેરી નં.૪, અમર સોસાયટીમાં રાખેલ છે.

**તળપદા કોળી મરણ (તરડી પીથલપુર)**

સ્વ. કુંવરબેનને સ્વ. ભીમા કાનામેરના પુત્ર લખું ભીમા મેર (ઉ.વ.૯૪) તે. પીથલપુર જેઠવા સ્ટુડીઓ સાઉન્ડ છોટે મુરારી બાપુના માઈક વાળા હકુભાઈ ભીખાભાઈ જેઠવાના મામાને સ્વ. મોંઘીબેન ભીખાભાઈ બેચરભાઈ જેઠવાના નાનાભાઈ તારીખ ૧૩-૫-૨૦૧૮ રવિવાર સ્વર્ગ વાસ થયા છે. તે (તલીવાળા) જાંબુસાના બનેવી કલેકટર કચેરી ગંગાબેન કિશોર મોહન ચૌહાણના મામા તેની ઉત્તરક્રિયા તા. ૨૪-૫-૨૦૧૮ ગુરૂવાર, નરશી રવજી પટેલ શેઠની દુકાનના સામેના ખાંચામાં મેર સોસાયટી હિંગળાજ આઈ મંદિરે સવારે ૧૧ વાગે છે. માટલી ભરણાં બંધ છે.

**તળપદા કોળી મરણ - જાગધાર**

સ્વ. મેપા ડાયા જેઠવા (આંમળા વાળા)ના પુત્ર વીરા મેપા જેઠવાના પુત્ર ધના વીરા જેઠવા (ઉ.વ.૫૪) તે પીથલપુર જેઠવા સ્ટુડીઓ સાઉન્ડ છોટે મોરારી બાપુના માઈકવાળા હકુભાઈ ભીખાભાઈ જેઠવાના કાકાના દિકરાને કલેકટર કચેરી વાળા (ગંગાબેન) કિશોર મોહન ચૌહાણના માસીના દિકરા, નાની જાગધાર સ્વ. બચુ રાજા જાદવના ભાણેજ- માજી સરપંચ કાનાભાઈ જેઠવા, જોધાભાઈ જેઠવા, વશરામભાઈ જેઠવાના નાના ભાઈ તા. ૧૮-૫-૨૦૧૮ શુક્રવાર સ્વર્ગવાસ થયા છે. તેની ઉત્તરક્રિયા જેઠવા સોસાયટી મઢવાળા ઘર પાસે તા. ૨૪-૫-૨૦૧૮ ગુરૂવાર સવારે ૧૧ વાગે છે.

**વિશા મોઢ વણિક મરણ**

નરેન્દ્રભાઈ રસીકલાલ પરીખ (ઉ.વ.૬૯) તા.૨૨ને મંગળવારે શ્રીજી ચરણ પામેલ છે. તે જયશ્રીબેન રમેશચંદ્ર શાહના મોટા ભાઈ, નિલેશભાઈ, હિરેનભાઈના મામા, રક્ષિતભાઈ, જીજ્ઞેશભાઈ નાનાલાલ પરીખના ભાઈ, નિરંજનભાઈ મોતીલાલ પરીખના સાળા થાય. તેનું બેસણું તા.૨૪ને ગુરૂવારે સવારે ૮ થી ૧૧ રાખેલ છે. રક્ષેશ નરેન્દ્રભાઈ પરીખ, આનંદ નરેન્દ્રભાઈ પરીખ વારાહી વિલા, નવાપરા, શ્રવણ ચોક, કુંભારની ખાળ પાસે, પાલિતાણા.

**સિહોર સં.ઔ.અ.બ્રાહ્મણ મરણ**

અરૂણાબેન અરવિંદભાઈ ભટ્ટ (ઉ.વ.૬૮, નિવૃત્ત શિક્ષિકા, કન્યાશાળા વરતેજ) તા.૧૯ને શનિવારે સ્વર્ગવાસ થયેલ છે. તે ડો.અરવિંદભાઈ દુર્ગાશંકર ભટ્ટ (નિવૃત્ત મેડીકલ ઓફિસર)ના પત્ની, સ્વ.સુજાતા, દર્શિતા, કાર્તિકના માતુશ્રી, બંસરીબેનના સાસુ, સ્વ.દુર્ગાશંકર પ્ર. ભટ્ટ, ડાહીબેનના પુત્રવધૂ, જશુબેન, શરદભાઈ, અશ્વીનભાઈના ભાભી, ઉષાબેનના જેઠાણી, ભાવિન, નિધિના ભાભુ, સ્વ.સુશીલાબેન ત્રંબકલાલ મધીયાના પુત્રી, ઈન્દુબેનના ભાણેજ, મૃદુલાબેન રાજેન્દ્રભાઈ શાહના નાના બેન, નિયંતાના દાદી, ધાર્મીના નાની થાય. તેની સંયુકત પ્રાર્થનાસભા તા.૨૪ને ગુરૂવારે સવારે ૯ થી ૧૧ રામવાડી, વિભાગ-૧ ખાતે રાખેલ છે.

**સિદ્ધપુર સં.ઔ.બ્રાહ્મણ મરણ**

પંડયા વૃજલાલ વિઠ્ઠલભાઈ (એસ.બી.એસ., ઉ.વ.૮૪) તા.૨૦ને રવિવારે સ્વર્ગવાસ થયેલ છે. તે સ્વ.હરજીવનભાઈ વિઠ્ઠલભાઈ પંડયા, શાંતુબેન ગીરધરભાઈ જાનીના નાના ભાઈ, રવિશંકરભાઈ (એસ.બી.આઈ.), અનુબેન ધીરજલાલ પંડયા, વિમળાબેન બી. જાની, ઘનશ્યામભાઈ પંડયા (એસબીઆઈ)ના મોટા ભાઈ, મુકેશભાઈ વૃજલાલ પંડયા (એસબીઆઈ), ઉષાબેન કે. પંડયા, મિતાબેન, વર્ષાબેન જાની, ભગવતીબેન પંડયાના પિતાશ્રી, જેન્તીભા, ઉપેન્દ્રભાઈ (એસબીઆઈ), ડો.ભરતભાઈ, હાર્દિકભાઈના કાકા, જાનવીબેન ડી. જોષી (સુરત), કિશનભાઈ, નિરવભાઈ પંડયાના દાદા, સ્વ.જાની દુર્લભજી રેવાશંકર (નાના જાદરા)ના જમાઈ, સ્વ.જાની મહાશંકરભાઈ નરભેરામ (સેદરડા) ના ભાણેજ થાય. તેનું બેસણું (બન્ને પક્ષનું) તા.૨૪ને ગુરૂવારે સાંજના ૪-૩૦ થી ૬-૩૦ સિદ્ધપુર સંપ્રદાય ઔ.બ્રાહ્મણ જ્ઞાતિની વાડી, નિર્મળનગર તથા સુતકક્રિયા તા.૨૮ને સોમવારે જ્ઞાતિની વાડીએ તથા ઉત્તરક્રિયા તા.૩૧ને ગુરૂવારે સાથે સમસ્ત જ્ઞાતિ ભોજન જ્ઞાતિની વાડી, નિર્મળનગર મુકામે રાખેલ છે. લૌકિક પ્રથા બંધ છે.

**મોઢ ચાતુ.(ચુ.સ.) બ્રાહ્મણ મરણ**

ગં.સ્વ.મંછાબેન ધીરજલાલ ત્રિવેદી (ઉ.વ.૭૪)નો મુંબઈ મુકામે તા.૨૦ને રવિવારે સ્વર્ગવાસ થયેલ છે. તે હિમાંશુભાઈ, મયંકભાઈના માતુશ્રી, સ્વ. જગજીવનદાસ રેવાશંકર ત્રિવેદી (રાજુલા)ના મોટા દીકરી, જીવાપ્રસાદ (રાજુલા), ધીરજલાલ (મહુવા), જીતેન્દ્રભાઈ (રાજુલા), ભગવતીબેન પાઠક (મુંબઈ), વિદ્યાબેન (સિહોર) ના બેન થાય. તેની પિયર પક્ષ તથા સાસરીયા પક્ષની સાદડી તા.૨૪ને ગુરૂવારે સાંજે ૪-૩૦ થી ૬-૩૦ મોઢ ચાતુર્વેદીય વિદ્યાર્થી ભવન, સિંધુનગર પાછળ, કાકુરામના મંદિર સામે, ભાવનગર મુકામે રાખેલ છે.

**રાજગોર બ્રાહ્મણ મરણ**

જોષી મણીશંકર ભીખાલાલ (ઉ.વ.૯૩) તા.૨૨ને મંગળવારે કૈલાસવાસ પામેલ છે. તે હસમુખરાય, નીતીનભાઈના પિતાશ્રી, અજયરંજન, આશીષ, તુષારભાઈના દાદા, જોષી અંબાશંકર ખોડીદાસ (ભાવનગર), જાની રજનીકાંત નંદલાલ (સુરત)ના સસરા થાય. તેની સાદડી તા.૨૪ને ગુરૂવારે સવારે ૯ થી સાંજે ૫ સુધી તેના નિવાસસ્થાને સરતાનપર મુકામે રાખેલ છે. દશા તા.૧/૬ અને સરવણી તા.૨/૬ના ઔદિચ્ય બ્રાહ્મણ બોર્ડીંગ, માયા પેટ્રોલ પંપ પાસે, તળાજા મુકામે રાખેલ છે.

**રાજગોર કાઠીગોર બ્રાહ્મણ મરણ**

સ્વ.જેન્તીભાઈ નરસિહભાઈ રવિયાના પુત્ર દીપકભાઈ જેન્તીભાઈ રવિયા (ઉ.વ.૫૦) તા.૨૨ને મંગળવારે કૈલાસવાસ પામેલ છે. તે જગદીશભાઈ રવિયાના નાના ભાઈ, રીટાબેન, રમાબેન, રેખાબેનના મોટા ભાઈ, તેરૈયા હરેશભાઈ જેન્તીભાઈના સાળા, જીતેન્દ્ર લાભશંકરભાઈ (અમદાવાદ), વૃજલાલભાઈ હરીભાઈ (ભાવનગર), રમેશભાઈ ધનજીભાઈ (રાજુલા), હિતેશભાઈ નાથાભાઈ, હિરેનભાઈ નાથાભાઈના ભાઈ, પુરોહિત પ્રતાપરાય, બળવંતરાય, અનંતરાય, અંબાશંકરભાઈ, બટુકભાઈના ભાણેજ થાય. તેનું બેસણું તા.૨૪ને ગુરૂવારે સાંજે ૪ થી ૬-૩૦ લેઉવા પટેલ કણબી જ્ઞાતિની વાડી, વિજય સિનેમા પાસે, ભાવનગર ખાતે રાખેલ છે.

**દશા પાલીવાળ બ્રાહ્મણ મરણ**

લાધવા અશ્વીનભાઈ રમણીકભાઈ (ઉ.વ.૧૮) તે સ્વ.ભાણશંકર ઉકાભાઈ, સ્વ.નરભેરામ ઉકાભાઈના પૌત્ર, કનુભાઈ, વિનુભાઈ ભાણશંકરભાઈ, હિંમતભાઈ, દલસુખભાઈ, નરભેરામભાઈના ભત્રીજા, બટુકભાઈ વિશ્વનાથભાઈના ભત્રીજાના પુત્ર, દેવગાણાવાળા રમણા હર્ષદભાઈ, પ્રવિણભાઈ રેવાશંકરના ભાણેજ, પંડયા દવુબેન કરશનભાઈના ભત્રીજા, દિહોરવાળા કે.ડી. પંડયાના સાળાના પુત્ર, સમઢીયાળાવાળા જાળેલા પ્રવિણભાઈ, જસવંતભાઈ શિવશંકરના મામાના દીકરાના પુત્ર તા.૧૨ને મંગળવારે અવસાન પામેલ છે. તેનો લૌકિક વેવાર તા.૨૪, તા.૨૫ ગુરૂવાર અને શુક્રવાર બે દિવસ રાખેલ છે. સુવાળા તા.૨૪ને ગુરૂવારે રાખેલ છે.

**દશા પાલીવાળ બ્રાહ્મણ મરણ**

બારૈયા મણીશંકર દુર્લભજીભાઈ (ઉ.વ.૭૨) તે બારૈયા અરવિંદભાઈ (ત્રિમૂર્તી ટ્રેડર્સ, અલંગ), દિલીપભાઈ (રામકૃષ્ણ પ્રો. સ્ટોર), પંડયા કલાબેન જગદીશભાઈના પિતાશ્રી, સ્વ.બારૈયા છગનભાઈ, લક્ષ્મીરામભાઈ, કાળુભાઈ, માધવજીભાઈ નરભેરામભાઈના ભાઈ, બારૈયા મહાસુખભાઈ, બારૈયા ભરતભાઈ, ઘનશ્યામભાઈ, ભાનુભાઈ, હરગોવિંદભાઈ મોહનભાઈ, ભાનુભાઈ મોહનભાઈ, મનસુખભાઈ કાળુભાઈના કાકા, ધાંધલ્યા જનકભાઈના મામા, બારૈયા મયુરામભાઈ કાશીરામ, રેવાશંકર જેશંકર, વશરામભાઈ જેશંકર, મણીશંકર ત્રિભોવન, કાળુભાઈ ત્રિભોવનભાઈના ભાઈ, પંડયા જગદીશભાઈ દેવશંકરભાઈના સસરા, બેલા નિવાસી ધાંધલ્યા કુબેરભાઈ મોહનભાઈ, ચુનીભાઈ, પ્રાણભાઈના બનેવી તા.૨૧ને સોમવારે કૈલાસવાસી થયેલ છે. તેનો લૌકિક વહેવાર તા.૨૪, તા.૨૫, તા.૨૬ ગુરૂવાર, શુક્રવાર, શનિવાર અમારા નિવાસસ્થાને સિંધુનગર ખાતે રાખેલ છે. બવળીકાણ સાથે રાખેલ છે. સુવાળા તા.૨૫ને શુક્રવારે રાખેલ છે. તા.૨૪ને ગુરૂવારે વેપારી મિત્રો માટે સાદડી સાંજના ૫ થી ૭ અમારા નિવાસસ્થાને રાખેલ છે.

**ક્ષત્રિય મરણ**

ગોહિલ માંજુબા ગગુભા (ઉ.વ.૬૫) તે ગોહિલ રિસાળુભા સિવુભાના નાના ભાઈના પત્ની, ગગુભા શિવુભાના પત્ની, દશરથસિંહ, અજયસિંહના માતુશ્રી, રાજેન્દ્રસિંહ રિસાળુભા, અભયરાજસિંહ (હાલ ભાવનગર), દિલુભાના કાકી, ટાણા નિવાસી જાડેજા વેલુભા, નિરૂભાના બેન, જાડેજા નારૂભા હેમુભા, જાડેજા ગણુભા જીવુભાના ફઈબા થાય. તેની ઉત્તરક્રિયા તા.૩૧ને ગુરૂવારે રાખેલ છે.

**ક્ષત્રિય મરણ**

સરવૈયા સતુભા ગગુભા (ઉ.વ.૧૦૨) તા.૨૧ને સોમવારે સ્વર્ગવાસ થયેલ છે. તે સરવૈયા દિલુભા સતુભા, ઘનુભા સતુભા, પ્રદિપસિંહ સતુભાના પિતા, તખુભા પોપટભા, પ્રવિણસિંહ પોપટભા, જીતુભા પોપટભાના કાકા, બનુભા અજીતસિંહ, દશરથસિંહ અજીતસિંહ, અશોકસિંહ અજીતસિંહના મોટા બાપુજી, હિતેન્દ્રસિંહ દિલુભા (પોલીસ), ગોવિંદસિંહ દિલુભા (ફોરેસ્ટ ઓફિસ), શક્તિસિંહ ઘનુભા (પોલીસ), જનકસિંહ ઘનુભા, જયરાજસિંહ પ્રદિપસિંહના દાદા થાય. તેની ઉત્તરક્રિયા તા.૧/૬ને શુક્રવારે અમારા નિવાસસ્થાને ચોક ગામે રાખેલ છે.

**ક્ષત્રિય મરણ**

ગોહિલ ગંભીરસિંહ રાવતસિંહ (ઉ.વ.૭૬) તા.૨૨ને સોમવારે સ્વર્ગવાસ થયેલ છે. તે સ્વ.મોટુભા રાવતસિંહ ગોહિલના નાના ભાઈ, સ્વ.ભરતસિંહ દિપસિંહ, મહિપતસિંહ, સ્વ.ચંદ્રસિંહના મોટા ભાઈ, કિશોરસિંહના પિતાશ્રી, ઈન્દ્રજીતસિંહ, ધર્મેન્દ્રસિંહના કાકા, પંકજસિંહ, હરદિપસિંહ, ફતેસિંહ, મયુરધ્વજસિંહ (વાસુદેવસિંહ), યુવરાજસિંહ, સ્વ. જયવિરસિંહ, પ્રદિપસિંહ, રાજદિપસિંહના મોટા બાપુ થાય. તેના સુવાળા તા.૨૪ને ગુરૂવારે તેમજ તેની ઉત્તરક્રિયા તા.૧/૬ને શુક્રવારે ખદરપર મુકામે રાખેલ છે.

**ક્ષત્રિય મરણ**

લીલાબા વિક્રમસિંહ જાડેજા (ઉ.વ.૯૯, લંડનવાળા) તા.૧૮/૫ને શુક્રવારે રામચરણ પામેલ છે. તે કિરીટસિંહ નટવરસિંહ, કુકડ (હાલ-સિહોર) નિવાસી વિલાસબા અનિરુધ્ધસિંહ ગોહિલ, સ્વ.કિશોરબા વનરાજસિંહ ચુડાસમા (વાગડ), પૂર્ણાબા રણજિતસિંહ સરવૈયા (માણાવદર), હંસાબા મહેન્દ્રસિંહ સરવૈયા (નવા સાંગાણા, હાલ-ભાવનગર)ના કાકીમા, ગજેન્દ્રસિંહ (ભાંખ), જયપાલસિંહ (ભાવનગર)ના દાદીમા થાય.તેમની ઉત્તરક્રિયા તા.૨૪/૫ને ગુરુવારે ભાવનગર મુકામે રાખેલ છે.

**ક્ષત્રિય મરણ**

બાઘુભા કલુભા જેઠવા તા.૨૧ને સોમવારે રામચરણ પામેલ છે. તે સ્વ.મેરૂભા, બનુભા દાદભા ગોહિલના જમાઈ, સ્વ.જયેન્દ્રસિંહ મેરૂભા, સિદ્ધરાજસિંહ બનુભા, પરાક્રમસિંહ બનુભા, સહદેવસિંહ બનુભાના બનેવી સાહેબ, પ્રહલાદસિંહ, શિવભદ્રસિંહના ફુવા સાહેબ થાય. તેનું બેસણું તા.૨૪-૨૫ ગુરૂવાર, શુક્રવાર બે દિવસ રાજસ્થળી, તા.વલભીપુર મુકામે રાખેલ છે.

**પરજીયા પટ્ટણી સોની મરણ**

પદમાબેન શાંતીલાલ ધાણક (ભાવનગર, ઉ.વ.૮૩) તે વસંતભાઈ ભગવાનભાઈ સતીકુવંર, નાથાભાઈ બાબુભાઈ સતીકુવંર, અનીલભાઈ, દિપકભાઈના બેન તા.૧૯/૫ને શનિવારે અવસાન પામેલ છે. તેમની પિયરપક્ષની સાદડી તા.૨૪/૫ ને ગુરૂવારે સાંજે ૪ થી ૬ કલાકે સોનીની જ્ઞાતીની વાધેશ્વરી મંદિર, મહુવા મુકામે છે.

**કારડિયા રાજપૂત મરણ**

બાલુમા મૂળુભાઈ મોરી (ઉ.વ.૮૫) તા.૨૨/૫ને મંગળવારે રામચરણ પામેલ છે. તે જીવાભાઈ મૂળુભાઈ મોરી, બળવંતભાઈ, જમકબેન મનુભાઈ પરમાર (બુઢણા)ના માતૃશ્રી, અરજણભાઈ ગવાભાઈ મોરી (ટાણા)ના નાનાભાઈના પત્ની, ભૂપતસિંહ ગવાભાઈ મોરી (નિવૃત પી.આઈ.)ના ભાભી, ભીખાભાઈ અરજણભાઈ મોરીના કાકી, મનુભાઈ નાનુભાઈ, વજાભાઈ પાતાભાઈ, ધીરુભાઈ જીલુભાઈના મોટાબા, પ્રવીણસિંહ જીવાભાઈ, રાજેન્દ્રસિંહ જીવાભાઈ, કરણસિંહ બળવંતભાઈ, ભરતસિંહ બળવંતભાઈ, હરદેવસિંહ બળવંતભાઈના દાદીમા, વરતેજ નિવાસી દીપશંગભાઈ સુરશંગભાઈ ડોડિયા, દિલીપભાઈ અમરશંગભાઈના ફઈબા થાય.તેમની લૌકિકક્રિયા તેમના નિવાસ સ્થાન નવાગામ (કનીવાવ) મુકામે તેમજ તા.૨૬/૫ને શનિવારે ટાણા મુકામે તેમના નિવાસ સ્થાને આખો દિવસ બેસણું રાખેલ છે.ઉત્તરક્રિયા તા.૧/૬ને શુક્રવારે તેમના નિવાસ સ્થાન નવાગામ (કનીવાવ) મુકામે રાખેલ છે. નાત સમસ્ત રાખેલ છે.

**કારડિયા રાજપૂત મરણ**

જીબાબેન નારણભાઈ મોરી (ઉ.વ.૬૧) તા.૨૨ના રામચરણ પામેલ છે. તે સ્વ.નારણભાઈ નાનુભાઈ મોરીના પત્ની, રાણાભાઈ નાનુભાઈ, હમજીભાઈ નાનુભાઈના નાના ભાઈના પત્ની, મનુભાઈ બચુભાઈ મોરી, ભુપતભાઈ બચુભાઈ મોરી, વિરશંગભાઈ બચુભાઈ મોરીના કાકી, પીંગળી નિવાસી સ્વ. ભીખાભાઈ મુળુભાઈ ડોડીયા, લક્ષ્મણભાઈ, વનાભાઈના બેન થાય. તેની ઉત્તરક્રિયા તા.૧/૬ને શુક્રવારે રાખેલ છે.

**રાજપુત મરણ**

ભાકુબેન ભાણજીભાઈ રાઠોડ (ઉ.વ.૧૦૦) તા.૨૧ને સોમવારે રામચરણ પામેલ છે. તે સ્વ.સુરેશભાઈ ભાણજીભાઈ રાઠોડ, રામશંગભાઈ ભાણજીભાઈ રાઠોડ, મનહરભાઈ ભાણજીભાઈ રાઠોડ, બટુકભાઈ ભાણજીભાઈ રાઠોડ, દિલીપભાઈ ભાણજીભાઈ રાઠોડના માતુશ્રી તથા સ્વ.રામજીભાઈ જેઠાભાઈ ચાવડા, સ્વ.રૂપસિંગભાઈ જેઠાભાઈ ચાવડા, જેસિંગભાઈ જેઠાભાઈ ચાવડા, રઘુજીભાઈ જેઠાભાઈ ચાવડા (ભાવનગર વાળા)ના બહેન થાય. તેનું બેસણું તા.૨૪ને ગુરૂવારે અમારા નિવાસસ્થાને અમર વિલાસ, વલભીપુર મુકામે તથા ઉત્તરક્રિયા તા.૧/૬ને શુક્રવારે રાખેલ છે.

**દશનામ ગોસ્વામી મરણ**

ગોસ્વામી દલપતગીરી મોહનગીરી (ઉ.વ.૬૭) તા.૨૨ના કૈલાસવાસી થયેલ છે. તે ભરતગીરી, જયેશગીરીના પિતાશ્રી, કૈ.વા.હિંમતગીરી, કૈ.વા.ધીરજગીરી, અરવિંદગીરી, લીલીબેન બાલુપરી (કુંભણ), રમાબેન કાળુભારથી (ખારી)ના મોટા ભાઈ, ભગવાનગીરી (મ.શિ.સાંકડાસર-૧), જગદીશગીરી અમૃતગીરીના મોટાબાપુના દીકરા ભાઈ, કૈ.વા.શિવભારથી હરિભારથી (ભાદ્રોડ)ના જમાઈ થાય. તેનું શક્તિપૂંજન-શંખાઢાળ તથા ભંડારો તા.૧/૬ને શુક્રવારે દિવસના રાખેલ છે. સાદડી (બેસણું) તા.૨૪ને ગુરૂવારે સાંજના ૪ થી ૬ અમારા નિવાસસ્થાને નગરપાલિકા કચેરી પાસે, સાંકડીશેરી, તળાજા મુકામે રાખેલ છે.

**ઝાલાવાડી સઇ સુથાર મરણ**

જગદીશભાઈ કાન્તીભાઈ ચલાળીયા (મકવાણા, ઉ.વ.૪૬) તા.૨૧ને સોમવારે રામચરણ પામેલ છે. તે કાન્તીભાઈ ભગવાનભાઈના પુત્ર, નિલમ ટેઈલર (દામનગરવાળા), સ્વ.રમેશભાઈના નાના ભાઈ/ પ્રિન્સ ટેઈલર્સ (ગઢડા) પંકજભાઈ, મુકેશભાઈના મોટા ભાઈ, પ્રિન્સ ટેઈલર્સ (દામનગર) જયદીપ, પાવનના પિતાશ્રી થાય. તેનું બેસણું તા.૨૪ને ગુરૂવારે તેમજ ઉત્તરક્રિયા તા.૩૧ને ગુરૂવારે તેના નિવાસસ્થાને પડવદર મુકામે રાખેલ છે.

**ધોબી મરણ**

ડાયાભાઈ નાગજીભાઈ વાઢેર (ઉ.વ.૭૦) તા.૨૨ને મંગળવારે રામચરણ પામેલ છે. તે મયુરભાઈ, લાલજીભાઈ, સ્વ.ભાવુબેન, આશાબેનના પિતાશ્રી, સ્વ.વનમાળીભાઈ, કેશુભાઈ, પ્રતાપભાઈ, શાન્તીભાઈના ભાઈ, મહુવા મગનભાઈ પરશોતમભાઈ વાળા, ભાદ્રોડ ઓધવજીભાઈના સાળા, પાલિતાણા ચીમનભાઈ હરીભાઈ દિહોરાના બનેવી, રાજુભાઈ ભગવાનભાઈ, પ્રવિણભાઈ ભુપતભાઈ દિહોરાના ફુવા, ભાવનગર નીતીનભાઈ જેસીંગભાઈ વાઘેલાના સસરા થાય. તેની સાદડી તા.૨૪ને ગુરૂવારે અમારા નિવાસસ્થાને હેવન સિનેમાની પાછળ તેમજ તેની ઉત્તરક્રિયા તા.૨/૬ને શનિવારે અમારા નિવાસસ્થાને રાખેલ છે.

**તળપદા કોળી મરણ**

વર્ષાબેન રાજુભાઈ ભુંભાણી (ઉ.વ.૪૬) તા.૨૧ને સોમવારે રામચરણ પામેલ છે. તે રાજુભાઈ નાગજીભાઈ ભુંભાણીના પત્ની, તેનું બેસણું તા.૨૪ને ગુરૂવારે સાંજે ૪ થી ૬ તેના નિવાસસ્થાને રાખેલ છે. ઉત્તરક્રિયા તા.૨૫ને શુક્રવારે તેના નિવાસસ્થાને મીરા પાર્ક સોસાયટી, પટેલનગર રોડ, મામાદેવના ખીઝડા સામે, દેસાઈનગર, ભાવનગર ખાતે રાખેલ છે.

# પૂર્વ ઓસ્ટ્રેલિયન ક્રિકેટરે કર્યો ખુલાસો, 'પોતાના સ્વાર્થ માટે છું ધોનીની ટીમમાં'



(જી.એન.એસ)ન્યુ દિલ્હી,તા.૨૩

અંદાજે એક દાયકા બાદ ચેન્નઈ સુપર કિંગ્સની સાથે બીજા આઈપીએલ ખિતાન તરફ આગળ વધી રહેલા ઓસ્ટ્રેલિયન ખેલાડી શેન વોટ્સને આઈપીએલની ૧૧મી સીઝનમાં પોતાના સારા ફોર્મ માટે કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીનો આભાર માન્યો છે. બે વર્ષના સસ્પેન્શન બાદ આપીઈલેમાં વાપસી કરનારી ચેન્નઈએ શાનદાર પ્રદર્શન કરતાં ફાઈનલમાં સ્થાન મેળવ્યું છે. ચેન્નઈની આ સફળતામાં પૂર્વ ઓસ્ટ્રેલિયન ક્રિકેટર શેન વોટસનની મોટી ભૂમિકા રહી છે. તેણે આ સીઝનમાં એક સદી અને એક અર્ધસદી સાથે ૪૩૮ રન બનાવવાની સાથે ૬ વિકેટ પણ ઝડપી છે. પોતાના પ્રદર્શન માટે વોટ્સને ધોનીનો આભાર માન્યો છે. વોટસને કહ્યું કે, 'ચેન્નઈની ટીમમાં રમવાની તક મળવાને કારણે હું પોતાને ભાગ્યશાળી માની રહ્યો છું. મને આ આખી સીઝનમાં ઓપનિંગ બેટ્સમેન તરીકે રમવાની તક મળી. મેં કેટલીક ઓવર્સમાં બોલિંગ પણ કરી જ્યાં ધોનીને મારી જરૂર હતી.' પૂર્વ ઓસ્ટ્રેલિયન ક્રિકેટરે ખુલાસો કર્યો કે, 'હું અહીં ધોનીની સાથે સાથે પોતાના સ્વાર્થ માટે પણ છું. હું જોવા માગું છું કે, ધોનીનું દિમાગ કેવી રીતે કામ કરે છે.

**ચેન્નાઈ સુપરના ૧૮મી ઓવર પૂર્ણ થયા બાદ સ્કોર સાત વિકેટે ૯૭ રનનો હતો**

# ક્વાલિફાયર-૧માં અંતિમ ૧૩ બોલમાં ચેન્નાઈએ મેચ આંચકી



(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ,તા. ૨૩

ઈન્ડિયન પ્રિમિયર લીગ-૧૧ની અતિ રોમાંચક અને દિલધડક મેચમાં ગઈકાલે રાત્રે ચેન્નાઈ સુપર કિંગ્સે સનરાઈઝ હૈદરાબાદ પાસેથી જીતેલી મેચ આંચકી લીધી હતી. આ જીત મેળવીને ચેન્નાઈ સુપર કિંગ્સે ફાઈનલમાં કુચ કરી લીધી હતી. લો સ્કોરિંગ મેચમાં આઈપીએલના લીગ તબક્કામાં ટોપના બે સ્થાને રહેલી બંને ટીમોએ ઝડપથી વિકેટો ગુમાવી હતી. ડુ પ્લેસીસ સિવાય બાકીના તમામ બેટ્સમેનો ફ્લોપ રહ્યા હતા. ૧૮મી ઓવર પૂર્ણ થઈ ત્યારે ચેન્નાઈએ સાત વિકેટ ગુમાવીને ૯૭ રન કર્યા હતા. તેની જીત અશક્ય દેખાઈ રહી હતી. ૧૪૦ રનના લક્ષ્યાંકનો પીછો કરતા તેની હાલત કફોડી થયેલી હતી. ચેન્નાઈ સુપરના ચાહકો નિરાશામાં ડુબેલા હતા. જો કે ૧૮મી ઓવર પૂર્ણ થયા બાદ પ્લેસીસ અને ઠાકુરે જોરદાર બેટિંગ શરૂ કરી હતી. સનરાઈઝ હૈદરાબાદના તમામ શાનદાર બોલરો સામે ટાર્ગેટને પાર પાડીને ચેન્નાઈએ તે કેમ નંબર વન અને હોટફેવરીટ છે તેની સાબિતી આપી હતી. મુંબઈના વાનખેડે સ્ટેડિયમ ખાતે બોલરોને મદદ પણ મળી રહી હતી. ક્રિજ પર જામેલા દક્ષિણ આફ્રિકાના કેપ્ટન ડુ પ્લેસીસે બાજી રાખી હતી. કાર્લોસના બોલિંગમાં હરભજને પ્રથમ બોલ પર એક રન લઈને પ્લેસીસને સ્ટ્રાઈક આપી દીધી હતી. પ્લેસીસે ત્યારબાદ ચોગ્ગાની સાથે શરૂઆત કરી હતી. ત્યારબાદ પ્લેસીસે છગ્ગો ફટકારી દીધો હતો. ત્યારપછીના બોલમાં ફરી ચોગ્ગો ફટકારીને પ્લેસીસે જોરદાર આશા જગાવી હતી. ત્યારબાદ બે રન લેવાના ચક્કરમાં હરભજન રન આઉટ થઈ ગયો હતો. ચોગ્ગો ફટકારીને પ્લેસીસે ઓવર પૂર્ણ કર્યો હતો. આ ઓવરમાં ૨૦ રન બન્યા હતા. ત્યારબાદ છેલ્લા બે ઓવરમાં ૨૩ રનની જરૂર હતી. સિદ્ધાર્થ કૌલના પ્રથમ બોલ પર ચોગ્ગો મળી ગયો હતો. બીજા બોલ પર પણ ચોગ્ગો જતો રહ્યો હતો.

## ભારતના પૂર્વ કોચ ગેરી કર્સ્ટન બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડના સલાહકાર તરીકે કામ કરશે

(જી.એન.એસ)ન્યુ દિલ્હી,તા.૨૩

૨૮ વર્ષ બાદ ભારતને વનડે વર્લ્ડકપ જીતાડવામાં મહત્વની ભૂમિકા ભજવનારા પૂર્વ કોચ ગેરી કર્સ્ટન બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડના સલાહકાર તરીકે કામ કરશે. કર્સ્ટનનું કામ બાંગ્લાદેશની ટીમ માટે નવા કોચની શોધ કરવાનું છે.

બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડના અધ્યક્ષ નિઝામુદ્દિન ચૌધરીએ જણાવ્યું કે, 'ગેરી કર્સ્ટન બાંગ્લાદેશ ક્રિકેટ સાથે જોડાઈ રહ્યા છે. તેઓ અમારા માટે કોચની શોધ કરશે. કર્સ્ટન અમારી સાથે થોડા દિવસો સુધી જ રોકાશે.'

'અમે કર્સ્ટનને વર્લ્ડકપ સુધી કરારબદ્ધ કરવા માંગતા હતા. આ માટે તેમણે મંજૂરી પણ આપી દીધી હતી પરંતુ બાદમાં તેમણે ફેંસલો બદલ્યો અને માત્ર કોચની પસંદગી સુધી અમારી સાથે રહેવાનો ફેંસલો કર્યો છે' તેમ ચૌધરીએ જણાવ્યું હતું.

કર્સ્ટન ત્રણ દિવસ માટે બાંગ્લાદેશ પ્રવાસ પર છે. આ દરમિયાન તેમણે બોર્ડના અધિકારીઓ સાથે બેઠકો પણ કરી.

જે બાદ તેમણે ટીમના ટોપ ખેલાડીઓ તમિમ ઈકબાલ, મશરફે મુર્તાઝા, મુસફિકુર રહીમ સાથે પણ મુલાકાત કરી હતી. આ ક્રિકેટરો સાથે તેમણે ૨૦૧૯ના વર્લ્ડકપની તૈયારી અને યોજનાઓ અંગે વિચાર વિમર્શ કર્યો હતો.

## બ્રાવોએ 'કોટ એન્ડ બોલ્ડ' આઉટ કરી વિકેટ લેવાના ભજ્જીના રેકોર્ડની બરાબરી કરી



(GNS)મુંબઈ,તા.૨૩

વાનખેડે સ્ટેડિયમમાં મંગળવારે રમાયેલી આઈપીએલ ૧૧ની પ્રથમ પ્લેઓફ મેચમાં ચેન્નાઈએ ૧૪૦ રનના લક્ષ્યાંકનો પીછો કરતાં સનરાઈઝર્સ હૈદરાબાદને ૨ વિકેટથી હાર આપી હતી. મેચ દરમિયાન ફિલ્ડર્સે શાનદાર ફિલ્ડિંગ કરી હતી. પરંતુ આ મેચ દરમિયાન બોલરોએ તેમના જ બોલ પર બેટ્સમેનનો કેચ પકડવાનો એક નવો આઈપીએલ રેકોર્ડ બનાવ્યો હતો.

મેચમાં કુલ ૪ ખેલાડી કોટ એન્ડ બોલ્ડ થયા હતા. જેમાં સનરાઈઝર્સ વતી ગોસ્વામી, મનીષ પાંડે, યુસુફ પઠાણ તથા ચેન્નાઈ તરફથી જાડેજા કોટ એન્ડ બોલ્ડ આઉટ થયા હતા. જે આઈપીએલની એક મેચમાં આ રીતે આઉટ થવાનો નવો રેકોર્ડ છે. આ પહેલા એક મેચમાં ત્રણ વખત ત્રણ-ત્રણ ખેલાડી કોટ એન્ડ બોલ્ડ આઉટ થયા હતા. પરંતુ સૌથી વધારે આકર્ષણનું કેન્દ્ર બ્રાવોને કેચ રહ્યો હતો. પઠાણે ૧૫મી ઓવરમાં બ્રાવોની બોલિંગમાં સીધો શોટ ફટકાર્યો હતો. જેને બ્રાવોએ ફોલોથ્રુમાં શાનદાર ડાઈવ લગાવીને પકડી લીધો હતો. બ્રાવોએ જેવો કેચ પકડ્યો, ઉઠીને ચેમ્પિયન્સ ડાન્સ કરવા લાગ્યો. ત્યાં બીજી બાજુ કમેન્ટેટર પણ શાનદાર કેચ માટે બ્રાવોના વખાણ કર્યા હતા. જણાવાયું કે બ્રાવોએ લગભગ ૧૨૯ Km/hની ઝડપે આવેલો કેચ પકડ્યો હતો.

## સેરેના વિલિયમ્સ ફ્રેન્ચ ઓપનમાં બિનક્રમાંકિત ખેલાડી તરીકે રમશે



(જી.એન.એસ)પેરિસ,તા.૨૩

ભૂતપૂર્વ વર્લ્ડ નંબર વન ટેનિસ સ્ટાર સેરેના વિલિયમ્સ માતા બની હોવાના કારણે છેલ્લા કેટલાક સમયથી પ્રોફેશનલ ટેનિસ જગતથી દૂર હતી, જેના કારણે તેની રેક્િંગમાં પડતી થઈ છે. આ કારણે ૨૭મી મે થી શરૂ થઈ રહેલી સિઝનની બીજી ગ્રાન્ડ સ્લેમ ચેમ્પિયનશીપ - ફ્રેન્ચ ઓપનમાં તેને બિનક્રમાંકિત ખેલાડી તરીકે રમવું પડશે. ટેનિસની એલિટ ગ્રાન્ડ સ્લેમ ઈવેન્ટમાં ખેલાડીઓને તેમના રેકના આધારે સિડિંગ (એક પ્રકારનો ક્રમ) આપવામાં આવે છે. ફ્રેન્ચ ટેનિસ ફેડરેશને જાહેરાત કરી હતી કે, આ વખતે પણ તેઓ ડબલ્યુટીએ રેક્િંગના આધારે જ પોતાના સિડીંગ નક્કી કરશે. સેરેનાએ સપ્ટેમ્બરમાં પુત્રીને જન્મ આપ્યો હતો અને તે માતા બન્યા બાદ પહેલી મેજર ચેમ્પિયનશીપમાં ભાગ લેવાની તૈયારી કરી રહી છે.

વિરુષ્કાનું બેબી પ્લાનીંગ...

## પોતાની સિદ્ધિઓ સાથે સંબંધિત કોઈપણ વસ્તુ ઘરમાં નહિ રાખે કોહલી



(જી.એન.એસ)ન્યુ દિલ્હી,તા.૨૩

વિરાટ કોહલી અને અનુષ્કા શર્માની જોડી લગ્ન બાદ પણ ફેન્સની વચ્ચે ખુબ ચર્ચામાં રહ્યાં કરે છે. થોડાક દિવસો પહેલા કોહલીએ અનુષ્કાને ઓફ ફિલ્ડ કેપ્ટન ગણાવી હતી. તેને એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે, અનુષ્કાના આવ્યા બાદ તેની લાઈફમાં કેટલુ પૉઝિટીવ પરિવર્તન આવ્યું છે. તેની પહેલીવાર તેના ફેમિલી પ્લાનિંગ પર પણ ચર્ચા કરી. જાણો કઈ વસ્તુને લઈને વિરાટના મનમાં છે ડર...

એક સ્પોટ્ર્સ વેબસાઈટને આપેલા ઈન્ટરવ્યૂમાં કોહલીએ જણાવ્યું કે, અનુષ્કા ખુબ ધાર્મિક છે. તેની સાથે રહેતા મે મારી જાતની અંદર પણ કેટલાક ફેરફારો કર્યા છે. હું પહેલા કરતાં વધુ શાંત થઈ ગયો છું.

વિરાટે કહ્યું કે, હું જાણું છુ કે આજે હું જ્યાં છું, એ બધી વસ્તુ જિંદગીમાં હંમેશા મારી સાથે નહીં રહે. મારો પરિવાર જ હંમેશા મારા સમયનો હકદાર છે.

વિરાટે કહ્યું, હું ઈચ્છું છુ કે જ્યારે મારા બાળકો મોટા થાય તો હું કેટલીયે વસ્તુઓ બદલી નાંખું. હું નથી ઈચ્છતો કે મારા બાળકો મોટા થઈને ત્યારે મારી સિદ્ધીઓથી જોડાયેલી કોઈપણ વસ્તુ હુ મારા ઘરમાં ના રાખું.

મને મળેલી અત્યાર સુધીની કોઈપણ ટ્રૉફી મારા ઘરમાં ના રહે, આવી બધી વસ્તુઓને ઘરમાંથી હટાવા માંગુ છું, જે ખાસ કરીને મારી કેરિયરને ફ્લેશ કરે.

# BOLLYWOOD HOLLYWOOD

## પ્રિયંકા ચોપરાએ શરણાર્થી કેમ્પની મુલાકાત લીધી!



દિનેશ ઝાલા

ગયા વર્ષે જ યુનિસેફ ગુડવિલ એમ્બેસેડર પ્રિયંકા ચોપરા સીરિયન પરિવારો સાથે મળવા માટે જોર્ડનની મુલાકાત લેતા હતા, જેમના વિસ્તારમાં આ વિસ્તારમાં થયેલા સંઘર્ષથી ભારે અસર થઈ છે આંતરરાષ્ટ્રીય સ્ટાર આજે ઢાકા, બાંગ્લાદેશમાં લંડનમાં શાહી લગ્નમાં હાજરી આપ્યા બાદ રોહિગ્યા રેફયુગી કેમ્પની ની મુલાકાત લીધી

૨૫ ઓગસ્ટ, ૨૦૧૭ થી, રખુની રાજ્ય, મ્યાનમારમાં ભારે હિંસાએ સરહદની આસપાસ અંદાજે ૬૯૩,૦૦૦ મતાધિકારીઓને કોક્સ બજાર, બાંગ્લાદેશમાં ખસેડ્યા છે. બાંગ્લાદેશના લોકો અને સરકારે તેમને ઉદાર ઉદારતા અને ખુલ્લા સરહદ સાથે સ્વાગત કર્યું યુનિસેફ દ્વારા પહેલના ભાગરૂપે, પ્રિયંકા ચાઈલ્ડ એલર્ટ અભિયાનના ભાગ રૂપે ચાર દિવસની મુલાકાત લઈને રોહિંગિયા રેફ્યુજી કેમ્પોની મુલાકાત લે છે. વર્તમાન કટોકટીની પરિસ્થિતિઓમાં બાળકોને પડકારવામાં આવેલા પડકારોને દર્શાવતી શ્રેણીના ભાગરૂપે, યુનિસેફ ચાઈલ્ડ એલર્ટ, મ્યાનમારમાં હિંસાથી નાસી ગયા પછી, દક્ષિણ બાંગ્લાદેશમાં રહેલા મડાગાંઠમાં તીવ્ર પરિસ્થિતિઓથી પીડાતા રોહિગ્યા શરણાર્થી બાળકો અને તેમના પરિવારો પર ધ્યાન કેન્દ્રિત કરે છે. વૈશ્વિક આયકન તેના સુટકેસમાંથી બહાર રહે છે, કારણ કે તે ન્યૂ યોર્કથી લંડન જવા માટે તેના મિત્ર મેઘાન માર્કલેની લગ્નને બ્રિટિશ રોયલ પ્રિન્સ હેરી સાથે લઈ જવા માટે ગઈ હતી. તેમણે તરત જ આગામી દિવસોમાં બાંગ્લાદેશ જવા માટે ઉઠીને રોહિંગયા રેફ્યુજી કેમ્પની મુલાકાત લીધી હતી, જ્યાં તેઓ આગામી ચાર દિવસથી પરિવારો સાથે વાતચીત કરશે.

## બઢો બહુ શો'ની સફળતાની ઉડાન!

દિનેશ ઝાલા

આશરે દોઢ વર્ષ સુધી સફળ રન કર્યા પછી, સન્ની સાઈડ ઉપર (દીપ્ટી કલવાની) અને હમૂટમ ટેલિફિલ્મ્સ (સુશાંત કુમાર અને તીના સ્વાય્યમ) દ્વારા ઉત્પાદિત 'બધો બહુ', છેલ્લે એક ભવ્ય અંત આવે છે. નિર્માતાઓ, શોના કાસ્ટ અને ક્રૂ સાથે તાજેતરમાં રોકિંગ પક્ષ સાથે આને ઉજવવામાં આવ્યા હતા. પાર્ટી શોના સેટ પર, ગોળીબારના છેલ્લા દિવસે યોજાય છે. પક્ષ માટે એક વિશેષ કેક યોજવામાં આવી હતી, જેણે કહ્યું હતું કે, 'આટલા અદભુત શો બદલ આભાર', અને ટીમ દ્વારા કાપી હતી આનંદ અને એકબીજા સાથે મોહક ઉપરાંત, ટીમ પણ મજા ચિત્રો અને સેલ્ફી લીધી કાસ્ટ માટે શોનો અંત ક્યારેય સરળ નથી અને ટીમ ખૂબ જ પ્રભાવિત હતી કારણ કે તે તેમના માટે ખૂબ ભાવનાત્મક સમય હતો. "બધો બહુએ એટલી સારી કામગીરી બજાવી છે અને હું એટલો ખુશ છું કે તેને દરેકને પ્રેમ છે. અભિનેતાઓ આ શો માટે સમર્પિત છે અને તેથી બાકીની ટીમ પણ છે. આ શો તેમના પ્રયાસો વગર શક્ય ન હોત, "દિપેટી કહે છે. અગ્રણી રાજકુમાર નરસુલા અને રાયતાશા રાઠોરને આ શોમાં, એક વજનવાળા છોકરીના ચિત્રણ માટે ઘણી પ્રશંસા પ્રાપ્ત થઈ છે.



## સેક્સી ચિત્રાંગદા નિર્માણ ક્ષેત્રે કુદી પડવા માટે પૂર્ણ સુસજ્જ

(SS)મુંબઈ,તા. ૨૩

ખુબસુરત અભિનેત્રી ચિત્રાંગદા હવે નિર્માણ ક્ષેત્રમાં જોરદાર દેખાવ કરવા માટે તૈયાર છે. અભિનેત્રી તરીકે કામ જારી રાખીને તે ફિલ્મ નિર્માણના ક્ષેત્રમાં પણ હાથ અજમાવવા માટે તૈયાર છે. પ્રથમ ફિલ્મ હજારો ખ્વાઈશ એસી મારફતે બોલિવુડમાં પ્રવેશ કરનાર અને આઈટમ ગર્લ તરીકે છેલ્લા કેટલાક વર્ષોમાં અનેક લોકપ્રિય ગીતમાં નજરે પડી ચુકેલી ચિત્રાંગદા થોડાક સમય સુધી ફિલ્મોથી દુર હતી પરંતુ હવે પર્સનલ મુશ્કેલીમાંથી બહાર નિકળીને ફરી સંપૂર્ણ પણે સક્રિય થઈ ગઈછે. તેનુ કહેવુ છે કે તે પોતાની લાઈફમાં જે કરઈ પણ નિર્ણય કર્યા છે તેના કારણે સંપૂર્ણ સંતુષ્ટ છે. કોઈ પણ દુખ નથી. તેનુ કહેવુ છે કે તે ફિલ્મોની સાથે સાથે ટીવી અને ફિલ્મ નિર્માણના ક્ષેત્રમાં પણ હાથ અજમાવી રહી છે. તેનુ કહેવુ છે કે હવે તેની પ્રાથમિકતા બદલાઈ રહી છે. ચિત્રાંગદા હવે ચારેબાજુ કમબેક કરી રહી છે. ફિલ્મોમાં કામ કરી રહી છે. ટીવી પર નજરે પડી રહી છે. ફિલ્મ નિર્માણમાં પણ હાથ અજમાવી રહી છે. ફિલ્મ નિર્માણ કરવા માટે તે ઈચ્છુક છે. એક અભિનેત્રી, નિર્માત્રી અને સિગલ મધર તરી-કે તે ભૂમિકા અદા કરી રહી છે. તેનુ કહેવુ છે કે જ્યારે તે બ્રેક પર હતી ત્યારે તેની ઓળખ હોકી ખેલાડી સંદીપ સિંહ સાથે થઈ હતી. વર્લ્ડ કપ પહેલા તે મોટી દુર્ઘટનાનો શિકાર થયો હતો અને છતાં તે ટીમમાં સ્થાન મેળવી લેવામાં સફળ રહ્યો હતો ત્યારે તે પ્રભાવિત થઈ હતી. તેનુ કહેવુ છે કે સંદીપ સિંહ જેવા લોકો ખરેખર હિરો છે. તેમની પટકથા લોકો નિહાળે તે જરૂરી છે. તેનુ કહેવુ છે કે નિર્માણના ક્ષેત્રે તે એકલી નથી. તેની સાથે પાર્ટનર પણ છે. તેનુ કહેવુ છે કે તેને કોમેડી શો જજ કરવાની ઓફર થઈ રહી છે. પરંતુ તે કોમેડી શો કરી રહી ન હતી. ચિત્રાંગદા હાલમાં બોલિવુડ ફિલ્મોની સાથે સાથે અન્ય ભાષાની ફિલ્મો પણ કરી રહી છે.




## અમાંયરા દસ્તુર કંગના અને રાજકુમાર સાથે 'મેંટલ હૈ ક્યાં'ની ટીમમાં જોડાય!

દિનેશ ઝાલા

યુવા અભિનેત્રી અમયરા દસ્તુર દક્ષિણ ફિલ્મ ઉદ્યોગમાં પોતાનો પ્રભાવ દેખડ્યા બાદ આ વર્ષવા ઘણા પ્રોડક્શનમાં શામિલ થવાની ઘોષણાની સાથે બોલીવુડમાં પોતાની જગ્યા બનાવવા માટે તૈયાર છે અમાયરાને આ વર્ષની શરૂઆતમાં કલાકંડીમાં સૈફ અલી ખાનની સાથે પોતાના પ્રદર્શન માટે ઘણી શાનદાર સમીક્ષા પ્રાપ્ત કરી હતી અને હવે તે આ વર્ષ ૨૦૧૮માં ઘણા રોચક ફિલ્મોમાં લાઈન-અપની સાથે આવી રહી છે ઈશકમાં પ્રભાવશાળી ડેબ્યુ બાદ અમાયરા હવે બોલીવુડની ઘણી બેહતરીન નામોની સાથે કામ કરવા માટે તૈયાર છે તેમને લીના યાદવની રાજમાં ચાવલનું શૂટિંગ પૂરું કરી લીધું છે જેમાં તેઓ શ્રુસી કપૂરની ઓન્સકીન બેટાની વિદ્રોહી પ્રેમિકાની ભૂમિકા ભજવી રહી છે. હાલમાં ઘોષણા કરવામાં આવી છે મસ તેઓ તેલુગુ સુપરહિટ ફિલ્મ પ્રસ્થાનના રિલેક જેમનું શીર્ષક પ્રસ્થાનમ હશે સંજય દત્ત સાથે અલી ફાજલની પ્રેમિકાની ભૂમિકા ભજવશે પોતાની સફળતામાં એક બીજું કદમ રાખવા તેઓ ભુપ્રતિક્ષિત મનોવૈજ્ઞાનિક થ્રીલર ફિલ્મ 'મેંટલ હૈ ક્યાં'માં કંગના રનૌત અને રાજકુમાર રાવ સાથે જોવા મળશે જેમના નિર્માતા એકતા કપૂર અને શૈલેષ સિંહ અને નિર્દેશક પ્રકાશ કાવેલામુન્ડી છે અમાયરા જે આ ફિલ્મમાં એક મહત્વપૂર્ણ ભૂમિકા છે રાજકુમાર રાવની સાથે રોમેન્ટિક જોડી બનશે આ ફિલ્મની કહાની એટલી લુભાવની છે કે તેમના એક વારમાં આ ફિલ્મ માટે હા પાડી દીધી હતી.

# ધર્મ સંસાર



## વેદાંતનો ઉદ્દેશ

શ્રદ્ધા, શ્રદ્ધા, શ્રદ્ધા; પોતાની જાતમાં શ્રદ્ધાં, ઈશ્વરમાં શ્રદ્ધાં ! મહત્ત્વનું આ જ રહસ્ય છે. ભલે તમને તમારા પુરાણનાં તેત્રીસ કરોડ દેવતાઓમાં શ્રદ્ધાં હોય, ભલે તમને પરદેશીઓએ અવારનવાર તમારામાં ઘુસાડેલા બધાય દેવતાઓમાં શ્રદ્ધા હોય, પણ જો તમને તમારા પોતામાં શ્રદ્ધાં નહિં હોય તો તમારે માટે મુક્તિની કોઈ આશા નથી. તમારી જાતમાં શ્રદ્ધા રાખો; એ શ્રદ્ધા પર મુસ્તાક રહો અને બળવાન બનો; આપણને અત્યારે એની જરૂર છે. આપણા ભોંયે રગદોળતાં શરીરોને પગચી કચડવાનું પસંદ કરનાર ગમે તે મુઠ્ઠીભર પરદેશીઓ તેત્રીસ કરોડ લોકો પર છેલ્લા એક હજાર વરસ થયાં રાજ કરતાં આવ્યા છે તેનું કારણ શું ? કારણ એ જ કે તેમને પોતામાં શ્રદ્ધાં હતી, આપણને તે નહોતી. પશ્ચિમમાં જઈને હું શું શીખ્યો ? માણસ એક પતિત આદમી છે, જેના ઉદ્ધારની કોઈ આશા નથી એવો પાપી છે, અ કહેનાર સંપ્રદાયનો પેલા પાણીનાં ફીણ જેવા વચનોની પાછળ મેં શું જોયું ? મેં ત્યાં એ જોયું કે યુરોપ અને અમેરિકા બેઉનાં રાષ્ટ્રીય હૃદયમાં માણસોની આત્માશ્રદ્ધાંની ગજબનાક શક્તિ રહેલી છે. એક અંગ્રેજ બાળક તમને સંભળાવશે : 'હું અંગ્રેજ છું ને ધારું તે કરી શકું.' અમેરિકન બાળક પણ તમને એમ જ કહેવાનો, અને કોઈ પણ યુરોપવાસી બાળક તેમ જ કહેવાનો. આપણા કોઈ છોકરાઓ અહીં એમ બોલી શકશે ખરા ? ના, છોકરાઓના બાપ પણ નહીં બોલી શકે ! આપણે આત્મ-શ્રદ્ધા ખોઈ બેઠા છીએ. એટલા માટે લોકોનાં હૃદયો જગાડવા માટે, પોતાના આત્માની મહત્તા બતાવવા માટે, વેદાંતના અદ્વૈતનો ઉપદેશ આપી રહ્યો છું. હું સાંપ્રદાયિક દૃષ્ટિથી તે નથી આપી રહ્યો, પરંતુ વિશ્વવ્યાપી અને વિશાળ રીતે સ્વીકાર્ય એવી ભૂમિકા પરથી આપી રહ્યો છું.

દ્વૈતવાદીને કે વિશિષ્ટાદ્વૈતવાદીને આઘાત ન લાગે તેવા સમાધાનનો માર્ગ શોધવાનું સહેલું છે. ઈશ્વર સૌના અંતરમાં વસે છે, દિવ્યાતા વસ્તુમાત્રમાં રહેલી છે, એ સિદ્ધાંતમાં માનતો ન હોય, એવો એકે સંપ્રદાય ભારતમાં નથી. આપણા વેદાંતમાં દરેક સંપ્રદાય માને છે કે આત્મામાં સંપૂર્ણ પવિત્રતા, પૂર્ણતા અને શક્તિ પ્રથમથી જ રહેલાં છે. કેટલાકના મત પ્રમાણે આત્માની કેટલી વાર જાણે કે સંકુચિત થઈ જાય છે, અને કેટલી વાર એ વિસ્તૃત થાય છે; પરંતુ એ પૂર્ણતા આત્મામાં છે તો ખરી જ. અદ્વૈતવાદના કહેવા પ્રમાણે એ નથી સંકૃચિત થતી કે નથી વિસ્તૃત થતી, પણ અવારનવાર ઢંકાય છે અને ખુલ્લી થાય છે. મહદ્ અંશે એ એકની અક જ બાબત છે. એક રજૂઆત બીજી કરતાં વધુ તર્કશુદ્ધ હોય, પણ પરિણામની દૃષ્ટિથી જોતાં, વ્યાવહારિક સિદ્ધિની દૃષ્ટિથી જોતાં બઉ લગભગ એક જ છે. એ એકમાત્ર મુખ્ય વિચારની જગતને જરૂર તો છે જ; પણ બીજે બધે કરતાં આ આપણી પોતાની જન્મભૂમિમાં એ ભાવનાની ધણી વધારે જરૂર છે. મારા મિત્રો ! મારે તમને થોડાંક કડવાં સત્યો કહેવાં છે. હું છાપામાં વાંચું છુંકે જ્યારે કોઈ એક અંગ્રેજ આપણા એકાદ માણસને મારી નાખે છે કે તેના પ્રત્યે ખરાબ વર્તન દાખવે છે, ત્યારે આખા દેશમાં હોહા મચીસ જાય છે; હું એ વાચું છું અને મને રડવું આવે છે. પણ બીજી ક્ષણે મારા મનમાં પ્રશ્ન ઊઠે છે કે એ બધા માટે જવાબદાર કોણ છે ? વેદાંતી તરીકે હું મારી પોતાની જાતને એ સવાલ પૂછ્યા વિના રહી શકતો નથી. હિંદુ અંતર્મૂખ સ્વભાવનો માણસ છે; ઘટનાઓએ પોતાની અંદર અને પોતાની દ્વારા, અંતર્મુખ દૃષ્ટિથી જોવા ઈચ્છે છે. એટલા માટે, હું મારી જાતને પૂછું છું કે જવાબદાર કોણ છે ? અને દરેક વખતે જવાબ આવે છે કે અંગ્રેજો નહીં; જવાબદાર તેઓ નથી. આપણાં બધાં દુ:ખો અને આપણી બધી અધોગતિને માટે જવાબદાર આપણે, ખુદ આપણે પોતે જ છીએ. આપણા ઉચ્ચ કુલીન પૂર્વજો આપણા દેશની સામાન્ય જનતાને પગ તળે કચડતા જ ગયા; અંતે એ બિચારા નિરુપાય બન્યા. તેઓ આ ત્રાસ તળે લગભગ ભૂલી જ ગયા કે પોતે મનુષ્ય છે. એ લોકોને સૈકાઓ થયાં ફરજિયાત રીતે માત્ર લાકડાં ફાડનાર કઠિયારા કે પાણી ભરનારા ભિસ્તી બનાવી મૂકવામાં આવ્યા છે. એ માન્યતા એટલી હદ સુધી ઊંડી ઊતરી છે કે એ લોકો જન્મથી જ એવું માનતા થઈ ગયા છે કે પોતે ગુલામ તરીકે જન્મ્યા છે, લાકડાં ફાડનાર તરીકે જન્મ્યા છે, પાણી ભરનાર પાણી ભરનાર ભીસ્તી તરીકે તરીકે જ જન્મ્યા છે. અત્યારનન સમયની આપણી કેળવણી અંગેની કેટલી બધી મોટી વાતો છતાં જો કોઈ તેમને માટે સાહાનુભૂતિનો એક શબ્દ સરખો કાઢે તો આપણા સારા કહેવાતા માણસો પણ આ બિચારા કચડાયેલા લોકોને ઊંચે લાવવાની ફરજમાંથી તરત જ પાછા હઠે છે. એટલું જ નહીં, પરંતુ હું એ પણ જોઉં છું કે ગરીબો ઉપર પશુતા અને જુલમ વધુ ગુજારવા માટે, વંશપરંપરાગત સંસ્કારલના પ્રાકૃત ખ્યાલોથી ભરેલી અને પશ્ચિમની દુનિયાના ઊછીના લીધેલા વાણીવીલાસ રૂપે એકત્રિત કરેલી રાક્ષસીમાં રાક્ષીસી અને પાશવીમાં પાશવી દલીલો આગળ ધરાવામાં આવે છે. અમેરિકામાં ભરાયેલી વિશ્વ ધર્મ પરિષદમાં બીજાઓ સાથે એક જુવાનિયા પણ આવ્યા હતા. એ જન્મથી જ નિગ્રો યેવાન હતો. તેણે સુંદર વ્યાખ્યાન આપ્યું. એ યુવાનમાં મને રસ પડવા લાગ્યો; અવારનવાર હું તેની સાથે વાતો પણ કરતો; પણ ત્યારે તે યુવાન વિશે હું કશી જ માહિતી મેળવી શક્યો નહીં. પરંતુ ઈંગ્લેન્ડમાં હું જ્યારે કેટલાક અમેરિકનોને મળ્યો, ત્યારે તેમણે મને માહિતી આપી કે એ યુવાન આફ્રિકાની મધ્યમાં રહેનાર એક નિગ્રો મુખીનો પુત્ર હતો. એક દિવસે કોઈ બીજા મુખીને આ યુવાનના પિતા સાથે ઝઘડો થયો. એટલે પેલા બીજા મુખીએ યુવાનના બાપ તથા માને સુદ્ધાં મારી નાખ્યાં. બન્નેંને રાંધીને ખાઈ ગયા. તેણે તો આ નાના છોકરાને પણ મરાવી નાખી, અને એને રાંધીને ખાઈ જવાનો હુકમ આપેલો, પરંતુ એ છોકરો નાસી ગયો, અને મોટી મોટી મુસીબતો વેઠીને સેંકડો માઈલોની મુસાફરી કરીને આખરે સમુદ્રકાંઠે પહોંચ્યો. ત્યાંથી એક અમેરિકન વહાણમાં તેને ઉઠાવી લેવામાં આવ્યો અને અમેરિકામાં લાવવામાં આવ્યો. **ક્રમશ**

## ઉપરવાળાની કૃપા છે, એમ સૌ કહે કોઇ એમ કહે કે, નીચેવાળાની કૃપા

જો તમારે એને મેળવવા હોય તો કાં ઉપર જવું પડે, અથવા બધા નામરૂપ એક જ પરમાત્મા છે, એ પ્રમાણે સમજી બધા સાથે પ્રેમ તો કો'ક દિવસ 'એ' ઉતરી આવશે. એક એવી કલ્પના છે કે, આપણી અને ભગવાનની વચ્ચે એક સીડી છે. જ્ઞાન અને તપ બે સીડીઓ છે. જ્ઞાનમાર્ગની જુદી જુદી ભૂમિકાઓ હોય છે, આ સીડીઓ ઉપર ચડતાં ચડતાં પરમાત્મા સુધી પહોચવું છે. ભક્તિ માર્ગમાં પણ સીડી છે. શ્રવણ કિર્તન વગેરે. યોગ્ય માર્ગમાં પણ સીડીઓ હોય છે. તો આપણી અને ભગવાનની વચ્ચે સીડી છે. અને ઉપર ચડતાં ચડતાં આપણે ભગવાનની પાસે પહોંચીએ છીએ.

બધા ભક્તોએ ભગવાનને કહ્યું કે, ''પ્રભુ, સીડી કેવળ ચડવા માટે જ થોડી હોય? ઊતરવા માટે પણ હોય છે. અમે આટલા બધા એક-એક કરીને તમારી પાસે પહોંચ્યા તમે તો એક જ છો તો શું તમે સીડી ઊતરીને નીચે ન આવી શકો?'' સાદી વાત છે ને? કલકત્તાવાળા કથા સાંભળવા માગે તો અમારે પણ મુંબઈથી અહી આવવું પડે. જો અમે એવું કરી દઈએ કે ''કલકત્તાવાળાઓને જો કથા સાંભળવી હોય તો બધા મુંબઈ આવી જાઓ! હું કથા સંભળાવીશ'' તો એ તરત કહેવડાવે કે ''આ વાત વ્યાવહારિક નથી. તમે જ અહી આવો. અમે આટલા બધા ત્યાં ક્યાં આવીએ? તમે એકલા જ અહી આવી જાઓ.'' તો ભક્તો ભગવાનને કહે છે કે ''પ્રભુ, અમે એક-એક સીડી ચડીને ઉપર તમારી પાસે આવીએ, એને બદલે તમે જ સીડી ઉતરીને નીચે આવી જાઓ, અમારી વચ્ચ આવી જાઓ.'' અને ભક્તોની આ માગણીને સાંભળીને ભગવાન સીડી ઊતરીને નીચે આવે છે.

અવતરણીનો અર્થ થાય છે સીડી. સીડીની મદદથી ભગવાન નીચે ઊતરી આવ્યા. એ ઘટનાને અવતાર કહેવામાં આવે છે. ભગવાન ઉપર છે. ઉપરથી નીચે ઊતરી આવે છે. આપણે ભગવાનને ઉપરવાળો કહીએ છીએ. વાત-વાતમાં લોકો કહે છે ''બંગલો છે, મોટર છે, ધંધો સારો ચાલે છે, બાળકો સારા છે, ઉપરવાળાની કૃપા છે.'' ઉપરવાળા એટલે પરમાત્મા. ''કોઈ એમ કહે કે નીચેવાળાની કૃપા છે?'' જો તેને પ્રાપ્ત કરવા હોય તો કાંતો તમારે ઉપર જવું પડશે, અથવા તો નામરૂપ સાથે સંબંધ બાંધો નામરૂપ એક જ પરમાત્મા છે. એજ પ્રમાણે સમજીને બધા સાથે પ્રેમ કરો તો કોઈક દિવસ એ ઊતરી આવશે. અવતરણ થશે આ તો સંતત્વ છે. બધા નામરૂપોમાં એક પરમાત્માને જોતાં બધાની સાથે પ્રેમ કરો. એટલા માટે જ કહ્યું છે કે, ''ભાઈ, જુઓ કોઈની સાથે નહી, ફક્ત ભગવાન ઉપર પ્રેમ કરો.'' જ્ઞાની આમ જ કરે છે. સૌ માં પરમાત્માને જોતાં-જોતાં ઉપર પ્રેમ કરો. તકલીફ ક્યારે થાય છે. કે જ્યારે આપણે કોઈક સાતે પ્રેમ કરીએ છીએ. તો કોઈક સાથે નફરત કરીએ છીએ. ક્યાંક રાગ છે, ક્યાંક દ્રેષ છે. ત્યાર તકલીફ થાય છે. કાંતો કોઈને પોતાનું ન માનો, ફક્ત પરમાત્માને જ પોતાના માનો; અથવા પરમાત્માનાં સંબંધથી બધાને પોતાના માનો. તો જ વાત બને. ભક્ત ભગવાનને નાતે બધાને પોતાનાં માને છે અને જ્ઞાતી કોઈને પોતાનાં માનતો નથી. અહી આપણું કોઈ નથી. ઈશ્વરને નામે બધાને પોતાના માનો; તમારી ગમે તે ભૂમિકા હોય તો પણ જો અંદર દ્રઢ વૈરાગ્ય હશે તો કોઈને પોતાના ન માનો ફક્ત ઈશ્વરને માનો અને જો અંદર રાગ દ્રઢ હોય, તો ઈશ્વરને નાતે બધાને પોતાના માનો, રાગ હોય તો પણ તમે છૂટી શકો છો.

ગભરાવ નહી. લોકો ગભરાય છે કે, ''અમારામાં તો રાગ છે, અમારામાં તો આસક્તિ છે. અમારૂં શું થશે?'' અરે, જે જ્ઞાતીઓનું થાય છે, એજ તમારું થશે; પણ તમે એ માર્ગ ઉપર ન જાઓ. આ માર્ગ ઉપર આવો. રાગ છે. આસક્તિ છે, ભગવાનને નામે બધાને પોતાના માનો. બધાને પોતાના બનાવી લોત બધાની સેવા કરો. ભાઈ આ ધર્મ છે. તમે જેવા છો તેવા, જ્યાં હો ત્યાંથી તમને લઈને તે આગળ જાય છે. અન પરમાત્માં સુધી પહોંચાડી દે છે. તમારે રડવાની જરૂર નથી. એટલા માટે તો ભગવાન ગીતામાં કહે છે કે ''તું શોક શા માટે કરે છે? હું તમને બધા પાપમાંથી મુક્ત કરી દઈશ. તુ બધું છોડીને મારી પાસે આવી જા, મારા શરણે આવી જા.'' એ રસ્તેથી આ રસ્તેથી; પણ જીવનનું લક્ષ્ય ઈશ્વર પ્રાપ્ત હોવું જોઈએ. તો આપણે જેવા છીએ તેવા જ્યાં છીએ ત્યાંથી ઈશ્વરનીા પાસે પહોંચી શકીએ. અથવા કોઈને પોતાના ન માનો, નહી તો બધાને પોતાના માનો. કાં તો વૈરાગી થઈ જાઓ અથવા તો બધા સાથે પ્રેમ કરો. એ જ છે સંતત્વ. પ્રેમને ફેલાવો, પ્રેમ જ્યારે અનંત બને છે, ત્યારે રોમ રોમ સંત થઈ જાય છે, જો સંતત્વ હોય તો પછી ગભરાવાની કે ચિંતા કરવાની જરાપણ જરૂર નથી. આપણે જેવા છીએ તેવા, જ્યાં છીએ ત્યાંથી આપણને ખેંચીને ઈશ્વર તરફ લઈ જવાની ધર્મમાં ક્ષમતા છે. તમે સંકલ્પ કરો. તમે બે પગલાં આગળ તો વધો, તો જણાશે કે આગળનો માર્ગ પ્રકાશિત છે.

## કૃષ્ણ



કૃષ્ણસેવા નિરંતર કરવી, સેવા એટલે ભગવાનમાં મનને પરોવાયેલું રાખવું. સેવા ભાવથી કરવાની હોય, બિનશરતી પ્રેમથી કરવાની હોય કૃષ્ણ વિશ્વના સમ્રાટ છે. તો આપણે એના રાજપુત્ર છીએ. ભલે આપણે ભગવાનનાં બક્ષેલાં ઐશ્વર્ય અને આનંદ ગુમાવ્યાં હોય પણ આપણે ભગવાનના અંશ છીએ. આપણે પુણ્યશાળી કર્મો કરવા જનમ્યા છીએ અને પુણ્યશાળી કર્મો કરીને ઐશ્વર્ય અને આનંદ પાછાં મેળવીશું. અમે તારા જેવાં ઐશ્વર્ય અને આનંદ ધારણ કરનારા બનીશું. આજે નહીં તો આવતી કાલે તને અહેસાસ કરાવીશું કે અમે તારા અંશ છીએ.

આવો અહેસાસ રડીને ન કરાવાય, કર્તૃત્વથી થાય. રડીને ભક્ત થવાતું નથી, કર્તૃત્વથી થવાય છે. ભક્તિ-સેવા હકારત્મક હોય, નકારાત્મક ન હોય.

કૃષ્ણ રસાત્મક છે, રસોના સ્વામી છે, તો કૃષ્ણના ઉપાસક આપણે અરસિક શા માટે? દીનહીન ભાવ રાખી જીવનારા શા માટે? કૃષ્ણનો ચહેરો હસતો છે, તો આપણો ચહેરો જગતનો બોજો ઊંચકીને ચાલતા હોઈએ એવો થાકેલો, કંટાળેલો, રડમસ શા માટે નિષ્ક્રિય છીએ? પરબ્રહ્મ કૃષ્ણની અનુભૂતિ પામવાનો આપણો પુરુષાર્થ ક્યાં ગયો? કૃષ્ણ ધર્મપ્રવર્તક છે. આપણે શા માટે અંધશ્રધ્ધાથી ભરેલા છીએ? આપણી સેવા શા માટે નર્યો કર્મકાંડ છે? આપણે પૂજા કરવાને બદલે કર્મકાંડ જ કરતા રહેવાના અને પોતાને ભક્ત કહેવડાવવાના? ક્યાં સુધી ઢીલી, માંદી, નબળી સેવા કરતા રહેવાના? આપણી પૂજામાં શા માટે જોશ જોમ, મંત્ર, ચેતના, ગતિ નથી? સ્ફૂર્તિ અને શક્તિ નથી? રોતાં છોકરાં માબાપને ગમતા નથી રોતો પતિ-પત્નીને ગમતો નતી અને રોતી પત્ની પતિને ગમતી નથી. અર્જુનને કૃષ્ણના વિરાટ કૃષ્ણ રૂપનાં દર્શન થયાં ત્યારે કૃષ્ણની મહત્તા ખબર પડી. કૃષ્ણભક્તિ માટે કૃષ્ણની સમજણપૂર્વક મહત્તા જાણીને એમને સુદઢ અને સર્વથી અધિક સ્નેહ કરવો તે ભક્તિ છે. આવો પ્રેમ થાય ત્યારે કૃષ્ણની સેવા થાય. ભક્તિ વગરની સેવા રસહીન હોય. આનંદ પ્રાપ્તિ કૃષ્ણ વગર ન થાય. આપણે આનંદ પામવા જીવનભર ફાંફાં મારી રહ્યા છીએ આવો પ્રયત્ન ઝાંઝવાનાં જળ જેવો છે એનાથી તૃષા ન છીપાય. પાણીનો ઘડો માથા પર લઈને પનિહારી વાતો કરતી ચાલે, ત્યારે એના બંને હાથ છૂટા હોય, પણ ધ્યાન ઘડામાં હોય તેમ ભક્ત બધાં કર્તવ્યો બજાવે પણ ધ્યાન માત્ર ભગવાનમાં હોય. ભગવાન માટે ભાવ અને ભગવાનમાં ધ્યાન ભગવદ પ્રાપ્તિનાં સર્વોત્તમ સાધન છે. એના વગર ભક્તિ કર્મકાંડ બને. તન, મન અને ધનથી ભગવાનનું કાર્ય કરે તે ભગવદીય, જે સદા સર્વદા પ્રભુના કાર્યમાં સંલગ્ન છે, તે મહાભાગવત છે. પત્ની (અથવા પતિ), ઘર, પુત્ર, બંધુ, પ્રાણ, ધન, આલોક અને પરલોકના મોહનો ત્યાગ કરી કૃષ્ણમાં પરમ ભાવ રાખી પ્રેમ નિમગ્ન રહે એવા ભગવદી કોટિ કોટિ જીવોમાં પણ દુર્લભ છે. ભગવાન ઉદ્ધવને કહે છે કે મારા સિવાય બીજા કોઈની અપેક્ષા ન રાખનાર, મારા મનમાં નિમગ્ન રહેનાર, શાંત અને વેરભાવ વગરના ને સર્વમાં સમાન દૃષ્ટિ રાખનારા ભક્તોની પાછળ પાછળ હું ફરતો રહું છું જેથી એ ભક્તોના ચરણોની રજ મારી અંદર સ્થિત થઈ આ વિશ્વને પવિત્ર કરે.



અધ્યાય - ૧૬

## ગીતા ભાવાર્થ ભાવાનુવાદ

આપણે જે કંઈ પ્રયત્ન કે યજ્ઞ કરીએ ત્યારે તેમાં આપનો ભાવ શુદ્ધ હોવો જોઈએ. અર્થાત્ યજ્ઞમાં લાલચ. ક્ષોભ, સત્ય, અહિંસા, ત્યાગ, બલિદાન, દયાભાવ અને ક્રોધ વગેરેમાં સ્થિર બુદ્ધિ રાખીને કરવો જોઈએ.

આપણે જે કોઈ સારો પ્રયત્ન કરીએ છીએ ત્યારે અપમાન, અસત્ય, આત્મસન્માનની રક્ષાનો પ્રશ્ન પણ ઉભો થાય છે. ત્યારે ધીરજ, સ્થિરતા, પણ આપણા સારા પ્રયત્નનો ભોગ આપ્યા વગર કુનેહ બુદ્ધિથી તેજ તીવ્ર, લેવો જોઈએ. તો તે યજ્ઞ પ્રભુને સમર્પિત થશે. આમ ભગવાન શ્રીકૃષ્ણે ૨૪ લક્ષણો દૈવી સમ્પતિનાં બતાવ્યા છે. જે બધા લક્ષણો અર્જુનમાં મોજુદ છે. આ ગુણોના સમન્વય દ્વારા દરેક જીવે પોતાનો વિકાસ કરવો જોઈએ. કલ્યાણના સિદ્ધાંતોમાં હિક્, કાલ્હોર જણાવે છે કે 'વ્યક્તિ કલ્યાણનો શ્રેષ્ઠ નિર્ણાયક વ્યક્તિ પોતે જ છે. તેથી દરેક વ્યક્તિ પોતાનામાં રહેલા દિવ્ય ગુણોને ઓળખવા જોઈએ. કારણ કે એ ઉચ્ચ ગુણો વ્યક્તિને મોટી ઉંચાઈએ લઈ જાય છે. જેને ભગવાન શ્રીકૃષ્ણ મોક્ષ કહે છે. દંભ, અભિમાન, ક્રોધ, કઠોરતા તથા અજ્ઞાન (આળસ) એ આસુરી પ્રકૃત્તિના ગુણો છે. જે જગતમાં હિંસા, અજ્ઞાનતા, અસત્ય અફવાઓ, ફેલાવે છે. તેનો કદાચ વિજય થાય તો લૌકિક, રાજનીતિક હોય છે. ધાર્મિક કે આધ્યાત્મિક વિજય હોતા નથી. ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે આવા આસુરી જીવોને ભ્રમ નાખીને હું તેમને હંમેશા આસુરી યોનિઓમાં મુકીને નિરંતર ભવસાગરમાં નાખ્યા કરું છું.

કામ, ક્રોધ અને લોભ, એ અધોગતિના દ્વાર છે. જેનાથી હંમેશા દૂર રહેવું જોઈએ. આપણે સદ્માર્ગે જતા રોકે છે. જો આપણને સાચા અર્થે મનુષ્ય બની રહેવું હોય તો, આ ગુણોથી હમેશા દૂર રહેવું જોઈએ. અહીં કામ એટલે સત્કર્મો કરવા આડે આવતી ઈચ્છાઓ છે. જે કોઈ આ અધોગતિના દ્વારથી બચી ગયેલા છે. તેમને ઈશ્વરે આપેલાં શ્રેષ્ઠ મનુષ્ય અવતાર ગણી સંસારમાં હંમેશા કલ્યાણ કારી કાર્યો કરવા જોઈએ. પરંતુ કલ્યાણકારી કાર્યો મનઘટિત તરંગી વિચારોને આધારે નહિં, પરંતુ શાસ્ત્રોમાં બતાવેલ કર્તવ્ય, અને અકર્તવ્યનો ભેદ સમજીને કરવો જોઈએ. આમ આ સોળમા અધ્યાયમાં દૈવી અને આસૂરી ગુણોનું વર્ણન કરી જીવે પોતાના અંતઃકરણમાં રહેલા દૈવી ગુણોને જાગૃત કરી, તેને ટકાવી રાખવા માટે કલ્યાણનો ભગવદ્સેવા નો આશરો લેવો જોઈએ. આ માર્ગમાં લોભ, લાલચ, ધાકધમકી, હિંસા વગેરે અટચણો આવે છે. ત્યારે આપણે પૂરી નિષ્ઠાથી આ સત્યરૂપી માર્ગમાં અડગ રહેવું જોઈએ. ઈજીપ્શિનમાં એક કહેવત છે કે 'સત્યની તલાશમાં નીકળેલા ને જે વેદના થાય છે એ વેદના સત્યને સાચો અર્થ આપે છે.

# ધર્મ સંસાર



## ધર્મનું અનુષ્ઠાન

આપણે જોયું કે ધર્મનું અનુષ્ઠાન કરવું એ આપણા જીવનનો ધ્યેય છે. ધર્મ એટલે સંવાદિતા અને તેનું જ બીજું નામ આનંદ છે. આ આનંદને પૂર્ણતાને આત્મસાત કરવા એ જીવનનો ધર્મ બની રહે છે. સાથે સાથે જે દ્વારા આ ને આત્મસાત કરી શકાય એ સાધનને પણ ધર્મ કહેવામાં આવે છે. જેવી રીતે સોમનાથ એ સ્થાનવિશેનું નામ છે, પણ જે ટ્રેન સોમનાથ (મેલ) કહીએ છીએ. આમ, સાધન અને સાધ્યને એક નામથી જણાવવાનો રિવાજ પ્રચલિત છે. તેવી રીતે અંતિમ ધર્મ એટલે કે આનંદને આત્મસાત કરવાનાં સાધનરૂપ જીવનરીતિને, જીવનના મૂલ્યોને પણ ધર્મ કહેવામાં આવે છે. આપણે જ્યારે કોઈ માણસને ધાર્મિક કહીએ ત્યારે એવું જરૂરી નથી કે એણે પોતાનું ધ્યેય પ્રાપ્ત કર્યું છે પણ એનો અર્થ આપણે એટલો સમજીએ છીએ કે અંતિમ ધર્મને સિદ્ધ કરવા માટે સહાયરૂપ કે સાધનરૂપ મૂલ્યોનું જીવનમાં અનુષ્ઠાન કરે છે.

ભગવદ ગીતામાં આવા મૂલ્યોને ભગવાને સ્થળે સ્થળે નિર્દેશ કર્યો છે. બીજા અધ્યાયમાં તસ્યં પ્રજ્ઞા પ્રતિષ્ઠિતા તે સ્થિતપ્રજ્ઞ છે એમ કહીને સ્થિપ્રજ્ઞ, જ્ઞાની થવા માટેનાં સાધન સૂચવ્યાં છે. બારમાં આધ્યાયમાં સ મે પ્રિ તે મને પ્રિય છે એમ કહી કહીને ભગવાનને પ્રિય થવા માટે ભક્તનો સ્વભાવ કેવો હોવો જોઈએ તે ભગવાને વર્ણવ્યું છે. તેરમાં અધ્યાયમાં જ્ઞાનના નામથી જ્ઞાનસાધનોનું વર્ણન કર્યું છે. વળી, ૧૬મા અધ્યાયમાં આંતરિક દૈવી સંપત્તિની ભગવાને ઓળખ કરાવી છે. આ બધાં મૂલ્યો પર રચાયેલું જીવન એવું હોય છે જેથી જીવનનો અંતિમ પોતાને હંમેશાં બીજાની પરિસ્થિતિમાં મૂકીને પરિસ્થિતિનું મૂલ્યાંકન કરે છે તે માણસ મારા મને પરમ યોગી છે.

ધર્મ કે શાસ્ત્રોનું આપણને ઊંડું જ્ઞાન ન હોય તો પણ ધર્મ શું એ જાણવા માટે આ એક સરળ ઉપાય છે જે મને ગમે છે તે બીજાને ગમે છે અને જે મને નથી ગમતું તે બીજાને પણ નથી ગમતુ એ ધ્યાનમાં રાખીને વ્યવહાર કરવો. જીવવાનું મને ગમે છે, માટે બધાને જીવવાનું ગમે છે, દરેકને હજુ આવતી કાલ જોવાની ઈચ્છા અચૂક હોય છે કોઈ હત્યારાને પણ એની પોતાની હત્યા થાય એ ગમતું હોતું નથી.

પોતાનાત શરીર ઉપર ઘા થાય તો એને પણ દુખ થતું હોય છે. મૃત્યુની કોઈ શક્યતાને એ પણ આવકારતો નથી. નાનકડાં કીડી મકોડાને પણ જીવવું છે. મચ્છરને પણ જીવવું છે. એટલે તો મારવા જઈએ કે તરત એ ઊડી જાય છે. અને વનસ્પતિને પણ જીવવું છે. તેથી જ ઊગતો છોડ સૂર્યપ્રકાશની દિશામા વધે છે. અને એનાં મૂળ અન્નજળની શોધમાં ધરતીમાં ચોમેર પ્રસરે છે. આમ, દરેક જીવમાં જીવન માટે અસ્તિત્વ માટે સ્વાભાવિક પ્રેમ છે.

તમે કદાચ પૂછશો કે બધાને જીવન માટે પ્રેમ છે તો પછી કેટલાક લોકો આપઘાત કરે છે તેનું શું કારણ? તો એનો જવાબ એ છે કે સૌને જીવવુ તો ગમે જ છે, સાથે સાથે સુખથી જીવવું ગમે છે.

માણસને જ્યારે એમ જણાય કે એનું જીવન દુખથી ભરેલું છે અને આ જીવનમાં હવે સુખની કોઈ આશા નથી ત્યારે તે આપઘાત કરવા પ્રેરાય છે. જીવનનો અંત લાવવા માટે નહીં દુખને ટાળવા માટે જ આપઘાતનો વિચાર તેના મનમાં આવતો હોય છે.

સુખની જરા પણ આશા જીવનમાં હોય તો કોઈ જીવનનો અંત આવે એમ ઈચ્છે નહીં. આમ, મારે જીવવું અને સુખેથી જીવવું છે તમારે જીવવું છે અને સુખેથી જીવવું, જીવમાત્રને જીવવું છે અને સુખેથી જીવવું છે. જીવનનો આ સામાન્ય નિયમ ધ્યાનમાં રાખીને વ્યવહાર કરવાથી આપોઆપ અહિંસાનું પાલન થાય છે.

દરેક વ્યવહારમાં આપણને એ ધ્યાન રાખવાની ફરજ પડશે કે બીજાને શારીરિક કે માનસિક રીતે પીડા ન પહોંચે અને તે માટે બીજાઓના હકો તેમની જરૂરિયાતો, તેમની લાગણીઓનો આપણે ખ્યાલ રાખવો પડે. આ માટે અત્યંત સાવધાનીની અને સંવેદનશીલતાની આવશ્યકતા હોય છે.

સાવધાન અને સંવેદનશીલ વ્યક્તિને જ યોગી કહેવામાં આવે છે. આમ આ એક જ મૂલ્યનાં યથાર્થ પાલનથી મનુષ્ય શ્રેષ્ઠ યોગી બની જાય છે. ભગવાન શ્રીકૃષ્ણ ગીતાના ઉપર ટાંકેલા શ્લોકોમાં આ વાત કહે છે.

## પરમાત્માના પુત્રમાં હોય છે આ ગુણો...

**જે વ્યક્તિ અન્યોના દુઃખ દૂર કરવાનું વિચારે છે કે પ્રયાસ કરે છે તે અસીમ સુખોને પ્રાપ્ત કરે છે. સાચુ કહીએ તો પરહિતમાં જ પોતાનું હિત સમાયેલું હોય છે. લોકો પ્રતિ સંવેદના પ્રગટ કરો. અન્યોની વેદનાને પોતાની વેદના સમજો કારણ કે વેદનાથી જ સંવેદના ઉત્પન્ન થાય છે**



દયા જ ધર્મનો મૂળ ભાવ છે. દયાહીન મનુષ્યમાં ધર્મ હોઈ ન શકે. તે દરેક વ્યક્તિ અધર્મી છે જે પ્રાણી માત્રનું હિત ન કરતો હોય. જે પ્રકારે સૂકા ખેતરમાં લાખ પ્રયાસો છતાંય બી અંકુરિત થવા અશક્ય છે તે જ રીતે દયારહિત હૃદયમાં ધર્મનું બીજ ક્યારેય અંકુરિત થઈ શકતું નથી. તેથી સંત લોકો કહ્યા કરે છે કે સમ્યક દૃષ્ટિવાળા બનો. પરહિત અંગે વિચારો. જે સમ્યક દૃષ્ટિ ધરાવે છે તે અન્યોને સમાન ભાવથી જૂએ છે. મનુષ્યને મનસા, વાચા તથા કર્મણા ત્રણેય પ્રકારે અન્યોનું અહિત ન કરવું જોઈએ. જે વ્યક્તિ અન્યોના દુઃખ દૂર કરવાનું વિચારે છે કે પ્રયાસ કરે છે તે અસીમ સુખોને પ્રાપ્ત કરે છે. સાચુ કહીએ તો પરહિતમાં જ પોતાનું હિત સમાયેલું હોય છે. લોકો પ્રતિ સંવેદના પ્રગટ રો. અન્યોની વેદનાને પોતાની વેદન સમજો કારણ કે વેદનાથી જ સંવેદના ઉત્પન્ન થાય છે.

પૂજા-પાઠ, હવન-યજ્ઞ, દાનઃદર્મ એ જરૂરી છે પરંતુ આ સંવેદના નથી. પ્રાણીઓ પ્રતિ સંવેદના અલગ છે. મંદિરોના નિર્માણ માટે કોઈ ધર્મશાળાના નિર્માણ માટે લાખો રૂપિયાનું દાન કરો છો અને કરવું પણ જોઈએ. આ પણ સંવેદના નથી. જો એક વ્યક્તિ પીડિત છે, કોઈ ગંભીર બીમારી લાગી ગઈ છે પરંતુ ઈલાજ માટે તેની પાસે નાણાં નથી, તે વખતે તેને જે પીડા થઈ રહી છે એ પીડાને પોતાની પીડા સમજનાર વ્યક્તિ જ ખરેખર સંવેદનાયુક્ત છે. હૃદયમાં સંવેદના છે તો મદદ માટે હાથ આપોઆપ ઉભા થઈ જાય છે. સમ્યક દૃષ્ટિ ધરાવતા વ્યક્તિના હૃદયમાં જ સંવેદના પ્રગટ થાય છે. જે મનુષ્યની વેદનાને વેદના માની લે છે એ જ તો મરદ છે. એ જ સાચો સંવેદનશીલ વ્યક્તિ છે, એ જ પરમાત્માનો પુત્ર છે. એક વખત એક શેઠે અત્યંત સુંદર ચિત્ર લાખો રૂપિયાની કિંમતે ખરીદ્યુ અને તેને લઈને ઘરે જઈ રહ્યો હતો. ત્યારે એક બેહાલ મહિલા પોતાના બાળક સાથે ભીખ માંગી રહી હતી. ભીખ માંગીને જ તે મહિલા પોતાનું અને પોતાના બાળકનું પેટ ભરતી હતી. તે દિવસે એ મહિલા એ શેઠ પાસે પૈસા માગવા લાગી પરંતુ શેઠે તેને પૈસા ન આપ્યા. તે મહિલા આગળ જતી રહી. ત્યારે એ શેઠે પોતાના મિત્રને પૂછ્યું કે આ મહિલા કોણ છે જે ભીખ માંગી રહી હતી? ત્યારે તેના મિત્રએ કહ્યું કે, મરાહાજ આ એ જ મહિલા છે જેનું ચિત્ર તમે લાખો રૂપિયા ખર્ચીને લઈ જઈ રહ્યા છો. આ જ સ્થિતિ આજે આપણી પણ છે. ચિત્ર બનાવવા માટે આપણે લાખો રૂપિયા ખર્ચ કરીએ છીએ પરંતુ ચારિત્ર્ય માટે આપણી પાસે એક રૂપિયો પણ નથી નીકળતો. મનુષ્ય ભૂલી જાય છે કે જે ભગવાનની પૂજા કરવા માટે તે યજ્ઞ વેદિ પર બેસે છે એ જ ભગવાન તો પ્રાણી માત્રમાં વિદ્યમાન છે. અતઃ પ્રાણીઓની સેવા કરો, પ્રાણીઓ પ્રતિ સંવેદના પ્રગટ કરો. આમાં જ આપણા સૌનું કલ્યાણ છે અને આ જ પરમાત્માની સાચી ઉપાસના છે, આ જ પ્રભુની સાચી પૂજા છે.

સંવેદના અને સહાનુભૂતિ મનુષ્યની ઓળખ છે. વર્તમાન સમયમાં માણસના ગુણ પશુઓમાં અને પશુઓના ગુણ માણસમાં આવી ગયા છે.ચિત્રોના માધ્યમથી ટીવી ચેનલો દ્વારા આપણે જોઈએ છીએ કે એક કૂતરી બિલાડીના બાળકોને પોતાનું દૂધ પીવડાવી રહી છે. એ બકરી બાળકોને જન્મ આપી મરી ગઈ છે. ગાય તેના બાળકોને દૂધ પીવડાવી રહી છે. આ બધાનો સ્વભાવ વિપરીત છે.

એક-બીજાના શત્રુ છે, તેમ છતાં એક-બીજાની મદદ કરે છે. પરંતુ આ માણસ ? એક દેરાણી પોતાની જેઠાણીના બાળકોને દૂધ પીવડાવી શકતી નથી. મનુષ્ય સજાતિને પણ પ્રેમ નથી કરતો પરંતુ પશુ વિપરીત જાતિના હોવા છતાંય એક-બીજાને પ્રેમ કરે છે. આ છે સંવેદનાનું પ્રતીક, સહાનુભૂતિનું લક્ષણ. જો આપણી અંદર આ પ્રકારે સંવેદના અને સહાનુભૂતિની ભાવના નથી તો આપણે આપણા જીવનમાં આ ભાવનાઓને પ્રગટ કરવી જોઈએ.

## ઘરમાં માછલી ઘર રાખવાથી સંપ વધે છે

માછલી ઘર હોય તેવા ઘરમાં આપઘાતના બનાવો બનતા નથી. વ્યક્તિ કોઈ સમયે ચિંતામાં વ્યગ્ર બની જાય તે સમયે માછલી ઘર પાસે બે ઘડી બેસે તો તે ચિંતામુક્ત થયાના દાખલા જોવા મળ્યા છે. સારા વિચારો અને જીવન પ્રવૃત્તિમય બનાવવા માછલી ઘર ઘરમાં હોવું જોઈએ

રંગીન માછલીઓને જોવાનો એક લ્હાવો હોય છે. સમુદ્રમાં માછલી જોવા મળે તો બાળકો પણ કુતુહલવશ તેની પ્રવૃત્તિને બે ઘડી માણી લેતા હોય છે. કોઈ હોટલ કે મલ્ટીપ્લેક્સમાં માછલી ઘર જોવા ઘર પરિવારના સભ્યો ટોળે વળીને ઉભા જોવા મળે છે નિરૂપદ્રવી માછલીઓ માનવજીવન માટે ખોરાક ઉપરાંત બીજી અનેક રીતે ઉપયોગી છે તેવું વૈજ્ઞાનિક સંશોધન થયું છે. રંગીન માછલીઓને ઘરમાં પાળવાની પ્રથા સૌપ્રથમ એશિયન અને ઈજિપ્શીયનોએ શરૂ કરી હતી. તેઓ નાની રંગીન માછલીઓને પહેલા કાચના વાસણમાં પાણી ભરીને રાખતા હતાં. ચોક્કસ પસંદ કરેલી રંગીન માછલીઓનું પ્રથમ પ્રજનન ચીને કર્યું હતું, જેમાં ગોલ્ડફીશનો ઉછેર રાજવંશી લોકોએ કર્યો હતો. ૧૬મી સદીમાં યુરોપના દેશોમાં કાચના બાઉલમાં માછલી રાખવાનો પ્રયાસ શરૂ થયો હતો.

દેશ અને દુનિયામાં માછલી ઘર રાખવાના ફાયદા અંગે વૈજ્ઞાનિક ધોરણે સશોધનો થયા છે. હમણાં થયેલા એક સંશોધન પ્રમાણે માછલી ઘર રાખતાં પરિવારોમાં માછલીની જેમ સંપ વધારે જોવા મળે છે. હૃદયરોગના દર્દીઓ અને બ્લડપ્રેશરના લોકો માટે આ પ્રવૃત્તિ અત્યંત ફળદાયી સાબિત થઈ છે. કેટલાક દર્દીઓ પર થયેલા પ્રયોગોએ સાબિત કર્યું છે કે તેમની તકલીફોમાં રાહત થઈ છે. ઘરમાં થતાં નાના-મોટા ઝઘડાઓ વખતે પળવાર માછલી ઘર પર નજર પડે તો તરત જ ગુસ્સા પર કાબુ આવી જાય છે. ક્યારેક અઘટિત ઘટનાથી આ માછલી ઘર બચાવે છે. નિષ્ણાતો નોંધે છે કે માછલી ઘર હોય તેવા ઘરમાં આપઘાતના બનાવો બનતા નથી. વ્યક્તિ કોઈ સમયે ચિંતામાં વ્યગ્ર બની જાય તે સમયે માછલી ઘર પાસે બે ઘડી બેસે તો તે ચિંતામુક્ત થયાના દાખલા જોવા મળ્યા છે.

સારા વિચારો અને જીવન પ્રવૃત્તિમય બનાવવા માછલી ઘર ઘરમાં હોવું જોઈએ તેવું આ નિષ્ણાંત માને છે. તેમના જણાવ્યા પ્રમાણે ફ્રેશ અને કોલ્ડ વોટર ફીશ પર પસંદગી ઉતારવી જોઈએ. એક્વેરિયમ રાખનારો મોટો વર્ગ કોલ્ડ વોટર ફીશ પસંદ કરે છે. આ પદ્ધતિ ખૂબ જૂની છે અને તે માછલીનું આયુષ્ય ૧૦ વર્ષ સુધીનું હોય છે.

માછલી ઘરમાં કઈ માછલી રાખી શકાય તે અંગે નિષ્ણાતો કહે છે કે ટાઈગર બાર્બ, ઝીબ્રા ડેનિયો, રેડ ટેઈલ શાર્ક, નિયોન ટેટ્રા, એંજલ, ડીસ્કલ, બ્લુ ગૌરામી, બ્લેક મોલી, ગપ્પી, સ્વોર્ડ ટેઈલ, પ્લેટી, રેડ ઓસ્કાર અને સક્કર રાખી શકાય પરંતુ ગોલ્ડફીશની બાર જાતિઓમાંથી પસંદગી કરવી ઉત્તમ છે. વાસ્તુ શાસ્ત્રમાં પણ કહેવાયું છે કે ઘરનું વાતાવરણ પ્રફુલ્લિત રાખવું હોય તો ઘરમાં નાનું કે મધ્યમ કદનું માછલી ઘર વસાવવું જોઈએ. ઘણાં ફિઝિશિયન પણ દરદીઓને રાહત માટે તેની ભલામણ કરતાં હોય છે.

## મનનો જે વિશ્વાસ કરે છે તે કામ ક્રોધથી ફસાય છે તથા મોહથી ઠગાય છે

મન કોઈનું સાંભળતું નતી મનને વિષયરૂપ લાંચ આપવાથી તૃપ્ત થતું નથી. ઊલટું વધુ બળવાન થાય છે.મન પાસેથી ભાગી જઈ સંતાવાનું કોઈ સ્થાન નથી જ્યાં ભાગીને જઈશું ત્યાં મન સાથે આવશે જ મનનો જે વિશ્વાસ કરે છે તે કામ તથા ક્રોધથી ફસાય છે.

સંકલ્પ તથા વિકલ્પથી લૂંટાય છે. ને મોહથી ઠગાય છે. કવિ રાજેન્દ્ર શુકલની આ પંક્તિઓ મન વિશે કહે છે. મનને સમજાવો નહીં કે મન સમજતું હોય છે. આ સમજ, આ અણસમજ એ ખુદ સરજતું હોય છે.

મનનો તાગ લેવો અઘરો છે. મન પર પરંપરાના માન્યતાના પૂર્વગ્રહના રોગદ્વેષના થરના થર બાઝેલા હોવાથી મન ઝટ કાબૂમાં આવતું નથી મન ભાગતું જ રહે છે. મને શોધવા બહાર ભટકીએ છીએ. કબીર કહે છે. તેરા સાહિબ હૈ ઘરમાંહી બાહર નૈના કયો ખોલે.

## ભક્ત ભગવાને પ્રેમ વાત્સલ્યથી લાડ લડાવી ઉપાસના કરતા કરતા પ્રભુમય બની જાય છે

પ્રભુ કૃપાની પ્રાપ્તિ માટે, સુખ, સમૃદ્ધિ, આરોગ્ય, શાંતિ જેવા અનેક હેતુઓસર લોકો ભક્તિ કરતા હોય છે. અને તે ફળ તો આનંદ પામી પોતાને સદ્‌ભાગી માનતા હોય છે. અને નહીં ફળ-કામના સિદ્ધન થાય તો પોતાના નસીબને કે ભગવાનને કોશતા હોય છે. ભક્ત ભક્તિ કોઈપણ રીતે કરે પરંતુ ભાવ હોવો જરૂરી છે. ભાવ વગરની ભક્તિ નકામી પરંતુ વ્યક્તિ કરવી એટલે સોનામાં સુગંધ ભળવી.

પુષ્ટિમાર્ગના પ્રણેતા શ્રી વલ્લભાચાર્યજીએ વૃંદાવન અને ગીરીરાજ વગેરેમાં રહીને ભગવાન શ્રી કૃષ્ણની ખૂબ પ્રેમમયી આરાધના કરી. અનેકવાર ભગવાન શ્રી કૃષ્ણએ પ્રગટ થઈને તેમને દર્શન આપ્યા હતા અને ભગવાન શ્રી કૃષ્ણએ જ તેમને વાત્સલ્યભાવથી ઉપાસના કરવાનો પ્રચાર કરવાની આજ્ઞા કરી હતી. જેને પગલે ભગવાનની પ્રેમ- વાત્સલ્યતા પૂર્વક ઉપાસનાનો માર્ગ ખૂબ લોકપ્રિય થયો કેમકે તેમાં ભક્ત ભગવાનને પ્રેમ વાત્સલ્યથી લાડ લડાવી ઉપાસના કરતા કરતા પ્રભુમય બની જાય છે. દુન્યવી માયા ઘટતી જાય છે. એટલે જે વૈણવ સં પ્રદાયમાં પુષ્ટિમાર્ગ પ્રચલિત લોકપ્રિય છે.

## પ્રિયનો જયજય કાર થાય ત્યારે સમજવું કે કળિયુગ રહ્યો છે

કઠોરનિષદના પ્રથમ અધ્યાયની બીજી વલ્લીમાં શ્રેય પ્રેય વિવેક અંગે સુંદર તત્ત્વજ્ઞાન છે. ઋષિ કહે છે. શ્રેય અને પ્રિયનાં સાંધનો અલગ છે. તે પોતાના પોતપોતાના ગુણોથી સાધકને આકર્ષ છે. જે શ્રેયનું અવલંબન કરે છે તે સાધુ (સજ્જન) બને છે. જ્યારે પ્રિય વળગનારાનું પતન થાય છે. પ્રેય એટલે જે મનને ગમે તેવુ હોય તે. શ્રેય એટલે જે સારું હોય તે જે મનને ગમે તે સારું ન પણ હોય શ્રેય અનિવાર્ય કર્તવ્ય છે.

પ્રિય નથી જે પ્રિયકર છે. પણ શ્રેયસ્કર નથી તે ત્યાજ્ય છે. આ વાતને શ્રીમદ્‌ભાગવત મહાપુરાણના અત્યંત જાણીતા એવા ક્ષીર સમુદ્રમંથનના રૂપકથી માણીએ સમુદ્રમંથમાંથી અંતે અમૃત નીકળ્યુ ત્યારે તેને અંકે કરવા દેવો અને અસસુરો લડી પડ્યા. ભગવાન શ્રી હરિએ વિચાર કર્યો કે જો દાનવો અમૃત મેળવવામાં સફળ થશે તો ભારે અનર્થ થઈ જશે. એટલે તેમણે માહિતી લીલા કરી તેમણે એક અત્યંત સ્વરૂપવાન સ્ત્રીનું ધારણ કર્યું.

## પિપળા ઉપર લક્ષ્મીનો વાસ હોય છે

ભગવાન શ્રીકૃષ્ણ મતાનુસાર શમીની છાયા હંમેશા પિપળા ઉપર જ રહેલી હોય છે. અને તેની છાયા યજ્ઞ, હવન, પુજાપાઠ, કથા માટે શ્રેષ્ઠ માનવામાં આવે છે.

દરેક શુભકાર્યમાં પિપળાના પાનની શુભ માનવામાં આવે છે. ધાર્મિક શ્રદ્ધાળુઓ પીપળાના પાનને તેમના મંદિરમાં જરૂર મુકતા હોય છે. તો ઘણા શ્રદ્ધાળુઓ તેમના કમ્પાઉન્ડમાં પીપળાનો છોડ વાવતા હોય છે. એમ કહેવાય છે કે સુર્યોદય પહેલા પીપળાના વૃક્ષ પર ગરીબાઈનો અધિકાર હોય છે. દરિદ્રતાથે કબજો જમાવતો હોય છે. જ્યારે સુર્યોદય બાદ ત્યાં લક્ષ્મીજીનો વાસ હોય છે. અને તેથી જ સુર્યોદય પહેલા પિપળાની પૂજા નહી કરવા શાસ્ત્રોમાં જણાવ્યું છે. એમ પણ કહેવાય છે. કે પિપળાના વૃક્ષને કાપવો તથા નાશ કરવો બ્રહ્મ હત્યાના પાપ બરોબર છે.

વૈજ્ઞાનિક દ્રષ્ટિએ પણ પિપળાના પાન વૃક્ષમાંથી વધુ પ્રમાણમાં પ્રાણવાયુ મોકલતો હોય છે. તે રોગનાશક પણ છે. પાણી શુદ્ધ રાકવા જલાશયોમાં તથા તાજા પિપળાના પાનો નાંખવામાં આવતા હોય છે. કુવા પાસે પિપળાનું વૃક્ષ ઉગાડવું પણ શુભ માનવામાં આવે છે. પિપળાનું વૃક્ષ પવિત્ર માનવામાં આવે છે.

## જ્યાં માત્ર ને માત્ર સુખ મળે છે

ત્યા શાંતિ મળતી નથી જીવનમાં સાચુ સત્ય શું છે તે જાણવા માણસ અનેક પ્રકારે હવાતીયાં મારતો રહ્યો છે. સત્ય એ છે જ્યાં પરમ શાંતિનો અહેસાસ થાય આવી પરમ શાંતિની શોધમાં માણસ ક્યારેક મળેલા પદમાં ડૂબકી મારે છે.

ક્યારેક મળેલી પ્રતિષ્ઠામાં ડૂબકી મારે છે. ક્યારેક મળેલી સંપત્તિમાં ડૂબકી મારે છે. જ્યાં માત્ર ને માત્ર સુખ મળે છે. શાંતિ મળતી નથી. સુખ અને શાંતિ વચ્ચે મોટું અંતર છે. સુખને કાયમી શાંતિ માનતો માણસ અંતે પસ્તાય છે, કારણ કે સુખ એની અવધિ પૂરી થયેથી દુઃખમાં પરિવર્તન કરે છે, જ્યારે શાંતિએ માણસની કાયમી થા પણ છે.રામ ચરિત માનસમાં નજર કરીએ તો શ્રીરામ સ્વયં સત્ય છે. શ્રી ભરતજી પ્રેમ મૂર્તિ છે અને શ્રી જાનકીજી કરૂણાનો અવતાર છે.

## અભિમાની રાવણે મંદોદરીની પ્રાર્થનાને અવગણી

રામાયણમાં કથા છે કે પથ્થર ઉપર રામનું નામ લખી સમુદ્રના પાણીમાં નાખતા પથ્થરો તરવા લાગ્યા અને ધીમે ધીમે પથ્થરોથી પુલ બન્યો. જેનાથી લંકા જવાનો માર્ગ પણ સરળ બન્યો. રામાયણમાં વર્ણન આવે છે તે પ્રમાણે રામે કહ્યું કે આ જગ્યા ખૂબ જ સુંદર છે અને પ્રાકૃતિક પણ છે, તેથી મારી ઈચ્છા છે કે અહીં રામેશ્વર ભગવાનની સ્થાપના કરીશું. ઋષિ મુનિઓને આગળ બોલાવવામાં આવ્યા અને રેતીમાંથી શિવલિંગ બનાવી રામેશ્વરની સ્થાપના કરી કે તુરત જ તેમાંથી પ્રકાશ નીકળ્યો અને ત્યારથી જ તે સ્થળ ભારતીય સંસ્કૃતિનું તીર્થધામ બની ગયું. ભગવાન રામ જ્યારે સેતુ ઉપર ચઢી સમુદ્રનો જળવિસ્તાર જોવા ચઢ્યા ત્યારે સમુદ્રમાં રહેલા જળચરજીવો રામનાં દર્શન કરવા અંદરોઅંદરના વેરભૂલી એક થઈ ઉપર આવી ગયા હતા. ભગવાન રામની આજ્ઞા બાદ વનારસેના સેતુ ઉપરથી સામે કિનારે જવા લાગ્યા અને જોતજોતામાં લંકાના કિનારે પહોંચી ગયા. સુમેલ પર્વતની તલાટીમાં આશરો લીધો અને પ્રભુ રામની આજ્ઞા મુજબ ત્યાં ઉગાડવામા આવેલ ફળફુલ ખાવા લાગ્યા. જો રાક્ષસો તેમને રોકવા પ્રયાસ કરતા તો રાક્ષસના નાક કાન કરડી નંખાતા હતા. રાક્ષસો ભયભીત થઈને જ્યારે રાવણ પાસે ગયા અને જણાવ્યું કે સેતુ બની ગયો છે અને રામની વાનર સેના સેતુ પાર કરી લંકા આવી પહોંચી છે. રાવણ જાણતો હતો કે મૃત્યુની ઘડી નજીક આવી રહી છે.

રાવણ દરબાર છોડી, અંતઃપુરમાં ગયો. રાવણની પત્ની મંદોદરી રાવણને વિનંતી કરે છે, હે સ્વામી રામને શરણ જતા રહો તેમાં જ તમારું ભલું છે. સીતાજીને રામને સોંપી દો, જેથી મારુ સૌભાગ્ય ટકી રહે, પરંતુ અભિમાની રાવણને મંદોદરીની પ્રાર્થનાની અસર ન થઈ તેણે કહ્યું, પ્રિયા તું નાહકની ગભરાય છે. આ સંસારમાં મારા જેવો યોદ્ધો હજી જન્મ્યો નથી અને જન્મ લેશે પણ નહીં. મંદોદરી સમજી ગઈ કે મારા પતિમાં અભિમાને પ્રવેશ લીધો છે. આ તરફ સુમળે પર્વતની તલાટીમાં ભગવાન રામ આરામ કરી રહ્યા હતા.

અંગદ તથા હનુમાન રામના પગ દબાવતા હતા. ત્યાં હનુમાનજી અંગને કહે છે કે ભગવાન રામના વિભીષણના પગ દબાવે છે ત્યારે રામજી તેમની સાથે વાતો કરે છે અને આપણે જ્યારે પગ દબાવી ત્યારે આંખો મીંચીને સૂઈ રહે છે. બોલતા પણ નથી. રામ હનુમાનજીની વાત સાંભળતા હતા. પછી ધીમેથી હનુમાનને રામ કહે છે. તમો જ્યારે પગ દબાવો છો ત્યારે હું ચિંતારહિત સૂઈ શકું છું, પરંતુ જ્યારે વિભીષણ પગ દબાવે છે ત્યારે સતત ચિંતામાં હોઉં અને મારું મસ્તક કાપી નાખે અને ચાલ્યો જાય તેથી સતત ચિંતા સતાવી રહી છે તેથી ઊંઘી શકતો નથી.

## કાલ ભૈરવ

શિવપુરાણમાં એક કથા છે તે મુજબ બ્રહ્માજી મેરુ પર્વતના શિખર પર તપ કરી રહ્યા છે ત્યારે ઋષિમુનિઓ તથા દેવતાઓ બ્રહ્માજી પાસે ઉત્તમ તત્ત્વ વિશે જાણવા તેમની પાસે ગયા. અને પ્રશ્ન કર્યો, ઉત્તમ તત્ત્વ એટલે શું ?

બ્રહ્માજી જવાબ આપે છે કે ઉત્તમ તત્ત્વ હું જ છું જોકે વિષ્ણુ ભગવાન તેમની વાત સાથે સંહમત થયા નહી તે જ સમયે એક મોટી જ્યોત ત્યાં પ્રગટ થઈ, ધીમે ધીમે આ જ્યોતએ પુરુષનું સ્વરૂપ ધારણ કર્યું અને તેમાં ત્રણ નેત્રવાળા શિવજીના દર્શન થયા. તેમના હાથમાં ત્રિશુળ હતુ ગળામાં સર્પ તથા કપાલમાં ચંદ્રમા હતા. બ્રહ્માજીએ શિવજીના સ્વરૂપના દર્શન થતાં અભિમાનથી બ્રહ્માજીએ કહ્યું શિવજી સહુ પ્રથમ તમે રુદ્ર સ્વરૂપે મારા કપાલમાંથી પ્રગટ થયા હતા. બ્રહ્માજીનો આ અહંકાર જોઈ શિવજી ખૂબ જ ક્રોધિત થયા અને ભૈરવ નામક પુરુષને ઉત્પન્ન કર્યો. ભૈરવ જોતજોતામાં ભયાનક બની ગયો જાણે કાળ જ જોઈ લો. તેના ભયંકર સ્વરૂપને કારણે ભૈરવ તરીકે ઓળખાયો અને તેનાથી કાળ પણ ભયભીત થતાં તેથી કાળભૈરવ તરીકે ઓળખાય છે. દુષ્ટ આત્માઓનો તે નાશ કરે છે. કાળભૈરવનું ભયંકર સ્વરૂપ જોતાં બ્રહ્મા, વિષ્ણુ શિવજીની આરાધના કરવા લાગ્યા. એમ કહેવાય છે કે કાળભૈરવની આરાધના કરવાથી શનિનો પ્રકોપ શાંત થઈ જાય છે.

પુરાણોમાં ઉલ્લેખ છે કે શિવજીના લોહીથી કાળભૈરવ ઉત્પન્ન થયો હતો. કાળભૈરવની આરાધના કરવાથી દુશ્મનથી મુક્તિ, કોર્ટના કેસો ચાલતા હોય તો ચુકાદો તમારી તરફેણમાં આવશે. કાળભૈરવને શંકરનો રુદ્રાવતાર પણ માનવામાં આવે છે. આરાધના માટે મંગળવાર કે રવિવાર પસંદ કરવો. કાલ ભૈરવ ભાદરવો મહિનો કાળભૈરવની આરાધના માટે ઉત્તમ માસ માનવામાં આવે છે. એમ માનવામાં આવે છે કે ભયનું હરણ કરે તે ભૈરવ. ગુજરાતમાં પણ હિંમતનગરથી ૨૮ કિલોમીટર દૂર ખંડતસિયા રોડ પર શ્રી કાળભૈરવનું ઐતિહાસિ મંદિર આવેલ છે.

હિંદુ, જૈન તથા તમામ સંપ્રદાયના લોકો જેની આરાધના દેવતા તરીકે પૂજા કરે છે તેવા કાળભૈરવનું ગુજરાતમા પ્રથમ શિખરબંધી મંદિર છે. જે ઈડર તાલુકાના બોલુન્દ્રા ગામના પાદરે આવેલ છે. કાલભૈરવદાદા અહીં સિદ્ધદેવ તરીકે સાક્ષાત્ બિરાજમાન છે.

## પોસ્ટ કર્મચારીઓની બીજા દિવસે પણ હડતાળ યથાવત્

ભાવનગર તા. ૨૩

દેશના તમામ રાજયો સ્થિત ગ્રામ્ય કક્ષાએ સેવારત પોસ્ટ વિભાગના કર્મચારીઓ પડતર પ્રશ્ને હડતાળ પર ઉતર્યા છે. અચોકકસ મુદ્દતના આ આંદોલનમાં આજે બીજા દિવસે ભાવનગર જિલ્લાના ગ્રામ્ય પંથકમાંથી મોટી સંખ્યામાં પોષ્ટકર્મીઓ આંદોલનમાં જોડાયા છે. આ સ્ટ્રાઈકને લઈને ટપાલ સેવા ખોરવાઈ જવા પામી છે. બે દિવસ પુર્ણ થવા છતા સરકારના પેટનું પાણી પણ ન હલતું હોય ડાક કર્મીઓમાં ભારે રોષ વ્યાપ્યો છે. ડાક યુનિયન સુત્રોના જણાવ્યા અનુસાર જયા સુધી માંગ સ્વીકારવામાં નહિ આવે ત્યાં સુધી આંદોલન શરૂ જ રહેશે.

## ઋષીવંશી સમાજ સેવા સંઘ દ્વારા રાજકોટ ખાતે તા. ૨૯મીએ નિઃશુલ્ક યુવા પસંદગી મેળો

ભાવનગર તા. ૨૩

ઋષીવંશી સમાજ સેવા સંઘ ગુજરાત પ્રદેશ દ્વારા તા. ૨૯-પ્રા રોજ રાજકોટ ખાતે અટલ બિહારી બાજપાઈ ઓડીટોરીયમ પેડક રોડ, સટેલાઈટ ચોક ખાતે ઋષીવંશી- વાળંદ સમાજનો નિઃશુલ્ક યુવા પસંદગી મેળો યોજાશે. સંસ્થાના પ્રમુખ હેમરાજભાઈ પાડલીયા, રતિભાઈ સુરાણી વિગેરે દ્વારા કાર્યક્રમની તડાર તૈયારીઓ ચાલીર હી છે. આ યુવા મેળામાં ૮૦૦થી વધુ ઉમેદવારોએ ભાગ લીધો છે. યુવા મેળ તા. ૨૯-પ શનિવાર સવારે ૮ વાગ્યાથી શરૂ થશે. કાર્યક્રમમાં હેમરાજભાઈ પાડલીયા અને આગેવાનો ઉપસ્થિત રહેશે. તેમ વિપુલભાઈ હિરાણીની યાદીમાં જણાવાયું છે.

# ચિત્તોડગઢમાં રાજસ્થાનની શહેરી સહકારી બેંકોના પ્રશ્નો ચર્ચવા માટે સેમિનાર યોજાયો

### ગુજરાતમાંથી જયોતીન્દ્ર મહેતા, જીતુ ઉપાધ્યાયે ખાસ હાજરી આપી


ભાવનગર તા. ૨૩

રાજસ્થાનમાં આવેલ ચિત્તોડગઢ અર્બન કો.ઓપ.બેંક દ્વારા રાજસ્થાનની શહેરી સહકારી બેંકોનો સહકારી નેતૃત્વ ઉપર તાજેતરમાં બે દિવસનો વર્કશોપ ચિત્તોડગઢ પાસેના કુંદન લીલા રીસોર્ટ યોજાયો હતો. જેમાં ગુજરાત અર્બન કો.ઓપ.બેંક ફેડરેશનના પ્રમુખ જયોતીન્દ્ર મહેતા અને ફેડરેશનના ડાયરેકટર જીતુ ઉપાધ્યાયે હાજરી આપી હતી.



આ સેમિનારમાં દેશના સહકારી જગત સમક્ષના પડકારો, રાજસ્થાન - ગુજરાતના સહકારી બેંકના પ્રશ્નો ચર્ચવામાં આવ્યા હતાં અને ચર્ચામાં સતીષભાઈ મરાઠે, જયોતીન્દ્રભાઈ મહેતા, ગેહલોત, જોષી વગેરેએ વકતવ્યો આપ્યા હતાં. આ આયોજન માટે નાગરિક બેંક ભાવનગરના ચેરમેન જીતુ ઉપાધ્યાયે પણ પોતાનો પ્રતિભાવ વ્યકત કર્યો હતો. સેમિનારમાં ચિત્તોગઢના સાંસદ સી.પી.જોષી, ધારાસભ્ય ચંદ્રકાંતભાઈ તેમજ ભાવનગર નાગરિક સહકારી બેંકના પ્રોફેશ્નલ ડિરેકટરો માધવભાઈ માણીયા તથા ભદ્રેશભાઈ દવે પણ ઉપસ્થિત રહ્યા હતાં. ચિત્તોડગઢ અર્બન કો.ઓપ.બેંકના ચેરમેન વિમલા શેઠીઆ, એમ.ડી. વંદના વજીરાણી, સ્થાપક પ્રમુખ આઈ.એમ. શેઠીયાએ વર્કશોપને સફળ બનાવવા સારી જહેમત ઉઠાવી હતી. રાજસ્થાન અને ગુજરાતની અર્બન કો.ઓપ.બેંક ફેડરેશનોએ પરસ્પર સંકલન સાધીને કાર્ય કરવા પણ નિર્ણય લીધો હતો. સેમિનારમાં ટ્રેઈનર તરીકે અરવિંદ રાઠોડ અને રોહિતજીએ નેતૃત્વના વિવિધ પાસાઓ ઉપર છણાવટ કરી હતી.

## વાલ્મિકી વસાહતમાં પેવીગ બ્લોક નાખવાનું થયેલુ ખાત મુર્હુત



મહાનગર પાલિકા દ્વારા જમનાકુંઢ વાલ્મિકી વાસમાં લોકોની રસ્તાની જરૂરીયાતને ધ્યાનમાં લઈને પેવીંગ બ્લોકો નાખવાની કામગીરીનો પ્રારંભ થયો છે. આજે સવારે ભાજપના કાર્યકર, સમાજ અગ્રણી ભૂપતભાઈ દાઠીયાના વરદ્ હસ્તે ધાર્મિક વિધી શ્રીફળ વધેરી બ્લોકની કામગીરી શરૂ થઈ છે. આવા બ્લોકો નાખવા સેવા સદન સમક્ષ રજુઆતો કરાય હતી.

## રાજ્યમાં ઓબીસીનાં નોકરીયાતોનો સર્વે કરવા વીપીપી દ્વારા કરાઈ માંગ

ભાવનગર,તા.૨૩

ભારતના બંધારણની આર્ટીકલ ૧૬(૪)માં એવી જોગવાઈ કરવામાં આવી છે કે રાજ્ય સરકારની નોકરીમાં પછાત સમાજ એટલે ઓબીસી સમાજની નોકરીનું જો પુરતુ પ્રતિનિધિત્વ ન હોય તો ઓબીસીની નોકરીની ભરતી માટે અનામતની જોગવાઈ કરવી. ઓબીસીની નોકરીનું પુરતુ પ્રતિનિધીત્વ છે કે નહી તે ત્યારે જ નક્કી કરી શકાય જ્યારે આખા રાજ્યમાં હાલમાં જે નોકરિયાત છે તેમાં ઓબીસીના કેટલા નોકરીયાત છે તેનો સર્વે કરવા આવે. આઝાદીના ૭૦ વર્ષમાં એક પણ વખત ઓબીસી સમાજની નોકરીનું પુરતુ પ્રતિનિધિત્વ છે કે નહી તેનો સર્વે કરવામાં આવ્યો નથી વ્યવસ્થા પરિવર્તન પાર્ટી દ્વારા પહેલી વખત આ આવેદનપત્ર આપી માંગ કરેલ છે એક મહિનામાં ઓબીસીના કેટલા નોકરીયાત છે તેનો સર્વે ચાલુ કરો અને જો ચાલુ કરવામાં નહી આવે તો રાજ્ય વ્યાપી આંદોલન ચાલુ કરવામાં આવશે.

## પાસ કન્વીનર ૨૫મેના રોજ ભાવનગર જિલ્લાની મુલાકાતે

### મહુવાના મેથળા બંધારાની મુલાકાત સાથે ખેડુતોની સભા સંબોધશે

ભાવનગર તા. ૨૩

પાસ કમિટીના અધ્યક્ષ હાદીર્ક પટેલ તા. ૨૫-પના રોજ મહુવા તાલુકાના મેથળા ગામે આવેલ બંધારાની મુલાકાત લઈ અનામત આંદોલનમાં નવા પ્રાણ ફુકશે.

ભાવનગર શહેર જીલ્લા પાટીદાર અનામત સંઘર્ષ સમિતિના જણાવ્યા અનુસાર પાસ કન્વીનર આગામી તા.ર પ-પને શુક્રવારના રોજ સવારે મહુવાના મેથળા બંધારાની મુલાકાત લઈ ખેડુતોની સભા સંબોધશે તથા ખેડૂતોના પ્રાણ પ્રશ્નો અંગે ચર્ચા વીચારણા કરશે તથા બપોરે પિપાવાવ જશે તથા તા. ૨૫-પના રોજ સુરેન્દ્રનગર જિલ્લાના ધાંગ્રધા પાસે આવેલ મોટી માળવાવ ખાતે આયોજીત પાટીદાર મહાપંચાયતમાં ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં ભાજપ તથા કોંગ્રેસના ધારાસભ્યોને પણ આમંત્રીત કરવામાં આવ્યા છે. પાટીદાર નેતાએ અનામત આંદોલનને વેગવંતુ બનાવવા માટે ફરિ એકવાર કમરકસી છે. અને બહોળો લોક સંપર્ક બનાવવા અનેક કાર્યક્રમો આપ્યા છે.

## વરતેજની યુવતીનું ઝેરી દવા પી લેતા મોત

ભાવનગર તા. ૨૩

ભાવનગર શહેર જિલ્લામાં અપમૃત્યના બનાવમાં વરતેજની યુવતીનું ઝેરી દવા પી લેતા જયારે ગારીયાધારના યુવાનને ઝાડા-ઉલટી થતા સારવાર દરમ્યાન મોત નિપજવા પામ્યું હતું.

**ગારિયાધારના યુવાનને ઝાડા-ઉલટી જતા મોત નિપજયું**

વરતેજ ખાતે રહેતા રીઝવાનબેન ઝાકીરભાઈ અગવાન (ઉ.વ.૨૬)- કોઈ કારોણસર પોતાના ઘરે ઝેરી દવા પી લેતા સારવાર અર્થે સર.ટી. હોસ્પિટલ ખસેડાયા હતાં. જયાંત ેણીનું મોત નિપજવા પામ્યુંહ તું જયારે ગારિયાધારના સુરનિવાસ ખાતે રહેતા અજયભાઈ ઘુઘાભાઈ મેર (ઉ.વ.૧૮)ને ગરમીને કારણે ઝાડા ઉલટીથતા સારવાર અર્થે અત્રેની હોસ્પિટલમાં લવાયેલ જયાં યુવાનનું સારવાર દરમ્યાન મોત નિપજયું હતું.

### મહાપાલિકાના કર્મચારીઓને

## ગણવેશની રકમ રોકડમાં ચુકવવાના હુકમને આવકાર

ભાવનગર તા. ૨૩

ભાવનગર મહાપાલિકાના ગણવેશ મેળવવા પાત્ર અધિકારી - કર્મચારીઓ તથા સફાઈ કામદારો વર્ગ-૧ થી ૪ને વર્ષ -૨૦૧૮-૧૯ના બ્લોક માટે ગણવેશના એક બ્લકની રકમ રોકડથી ચુકવવા ભાવનગર મ્યુ. નોકરીયાત સભા તથા ભારતીય મજદુર સંઘ દ્વારા કમિશ્નરને તા. ૩-૪-૧૮ના રોજ રજુઆત કરવામાં આવેલ. કમિશ્નર દ્વારા મંજુરી આપી સક્ષમ સત્તાને દરખાસ્ત કરતા ચેરમેન સ્ટેન્ડીંગ કમિટિ દ્વારા મંજુરી આપતા તા. ૨૨-૫-૨૦૧૮ના હુકમ (આદેશ)થી ભાવનગર મહાપાલિકાના અધિકારીને - કર્મચારીઓ તથા સફાઈ કામદારોને ગણવેશની રકમ રોકડમાં ચુકવવા હુકમ કરાતાકર્મચારીઓમાં આનંદની લાગણી ફેલાયેલ છે.

## ધો.૧૦ પછી શું ? સિહોરમાં આજે માર્ગદર્શન સેમિનાર

સિહોર તા. ૨૩

તા. ૨૫-૩-૧૮ને બુધવારના રોજ સવારે ૯ થી ૧૧ ટાઉનહોલખાતે ધો.૧૦ પછી શું કારકિર્દી લક્ષી શૈક્ષણિક સેમિનાર યોજેલ હોય જેમાં વિકાસ વર્તુળ ટ્રસ્ટ ભાવનગર વિદ્યાર્થી માહિતી કેન્દ્રના હિ ત ો શ ભ ા ઈ સોલંકી માર્ગદર્શન પુરૂ પાડશે. આ કાર્યક્રમમાં કયા ક્ષેત્રે જવાથી અને કયા પ્રકારની કોર્ષ કરી ભવિષ્ય ઉજળુ કેમ બનાવવું તે અંગે વિદ્યાર્થી ભાઈઓ-બહેનોને માર્ગદર્શન પુરૂ પાડવામાં આવશે. આ કાર્યક્રમનો બોળી સંખ્યામાં લાભ લેવા નગરપાલ્કા તથા સિહોર એજયુકેશન સોસાયટી દ્વારા અનુરોધ કરાયો છે.

**સિહોર ન.પા., એજયુકેશન સોસા. દ્વારા આયોજન**

# નેશનલ-ઈન્ટરનેશનલ

## ટ્રમ્પ અને મૂનની બેઠકની સફળતા પર ઉત્તર કોરિયાના ભાવિનો આધાર

(GNS)ન્યુ દિલ્હી,તા.૨૩

અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે દક્ષિણ કોરિયાના પ્રમુખ મૂન જે ઈન સાથે વ્હાઈટ હાઉસમાં યોજેલી બેઠક ઉત્તર કોરિયાના પ્રમુખ કિમ જૉન્ગ અન સાથેની બેઠકને મામલે ટ્રમ્પે આગળ વધવું કે નહીં તે નક્કી કરશે.



શરૂ થતા અગાઉ જ સમસ્યામાં સપડાયેલી અમેરિકા અને ઉત્તર કોરિયા વચ્ચેની રાજકીય બેઠકને ઉગારી લેવાના મિશન સાથે મૂન જૅ ઈન અમેરિકા પહોંચ્યા હતા.

અગાઉ ટ્રમ્પે ઉત્તર કોરિયાના પ્રમુખ કિમ જૉન્ગ અન સાથે ૧૨ જૂને સિંગાપોર ખાતે બેઠક કરવા સહમતી દર્શાવી હતી, પરંતુ બંનેએ વાંધો દર્શાવતા આ બેઠક યોજાવા અંગે હવે શંકા સેવાઈ રહી છે.

ઉત્તર કોરિયા દ્વારા કરવામાં આવેલા અણુપરીક્ષણથી દક્ષિણ કોરિયા ચિંતિત હતું તો તેને જ કારણે ચિંતિત બનેલા અમેરિકાએ ઉત્તર કોરિયાને અણુપરીક્ષણ બંધ કરવાની ચેતવણી આપી હોવાને પગલે નિર્માણ પામેલી યુદ્ધની સ્થિતિએ બંને દેશને વાટાઘાટ કરવા માટે પ્રેર્યા હતા. માર્ચ મહિનામાં મૂને વાટાઘાટના તેમ જ ઉત્તર કોરિયા તેનો અણુકાર્યક્રમ પડતો મૂકવા તૈયાર હોવાના પ્રસ્તાવ સાથે તેમના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારને અમેરિકા મોકલ્યા હતા. લશ્કરી સંઘર્ષ ટાળવા તેમ જ ઉત્તર કોરિયા સાથે સોદાબાજી કરવાની તકને જોતાં ટ્રમ્પે બેઠક માટે સહમતી દર્શાવી તેમના પોતાના સાથીદારો, વૈશ્રિવક સમુદાય તેમ જ પ્રસ્તાવ સાથે આવેલા મહેમાનને પણ આશ્ર્ચર્યમાં મૂકી દીધા હતા.

## વારાણસીમાં ભાજપ નેતા કન્હૈયા લાલ મિશ્રાની બળાત્કારના આરોપમાં ધરપકડ

(GNS)વારાણસી,તા.૨૩

ઉત્તરપ્રદેશમાં વધુ એક ભારતીય જનતા પાર્ટીના નેતા પર બળાત્કારનો આરોપ લાગ્યો છે. વારાણસીમાં ભાજપા નેતા કન્હૈયા લાલ મિશ્રા પર એક મહિલાએ આરોપ લગાવ્યો છે કે ભાજપા નેતાએ તેને લોજમાં નોકરીની વાત કરવા માટે કોઈ મહિલા સરકારી અધિકારી સાથે મિટિંગ કરવાને બહાને બોલાવી અને ત્યાં તેની સાથે દુરાચાર કર્યો. આરોપી નેતા ભદ્રોહી ના પૂર્વ બીજેપી અધ્યક્ષ છે.

પોલીસ અનુસાર ૩૨ વર્ષની મહિલાએ આરોપ લગાવ્યો છે કે ભાજપા નેતાએ તેને લોજમાં નોકરીની વાત કરવા માટે કોઈ મહિલા સરકારી અધિકારી સાથે મિટિંગ કરવાને બહાને બોલાવી. પીડિતા કન્હૈયા લાલ મિશ્રા સાથે પરિચિત હતી અને કેટલાક મહિનાથી ફોન પર વાતચીત પણ થતી હતી. એટલા માટે લોજમાં જવા માટે તે તૈયાર થઈ ગયી. પોલીસે જણાવ્યું કે મહિલાએ આરોપ લગાવ્યો છે કે જયારે તે રૂમમાં દાખલ થયી ત્યારે ૫૦ વર્ષીય કન્હૈયા લાલ મિશ્રાએ તેનું યૌન ઉત્પીડન કર્યું. મહિલાએ તેનો વિરોધ કર્યો અને એક એલાર્મ વગાડ્યો. જેને કારણે બીજા લોકોનું તેના તરફ ધ્યાન ગયું. ત્યારપછી મહિલાએ પોલીસને તત્કાલ નંબર પર સૂચના આપી અને બાકીઓ ધ્વારા સિગરા ચોકી પર ફોન કરવામાં આવ્યો.

સિગરા પોલીસ ચોકી ઈન્સ્પેક્ટર સતીશ સિંહ ધ્વારા જણાવવામાં આવ્યું કે મહિલા ધ્વારા ફરિયાદ કર્યા પછી આઈપીસી ધારામાં ભાજપા નેતા કન્હૈયા લાલ મિશ્રા વિરુદ્ધ કેસ નોંધી લેવામાં આવ્યો છે. તેની સાથે સાથે ભાજપા નેતા કન્હૈયા લાલ મિશ્રાની ધરપકડ પણ કરી લેવામાં આવી છે.

## મોંઘવારી : સોશિયલ મીડિયામાં લોકોએ ઠાલવ્યો આક્રોશ, કોઈ લૌટા દો મેરે બિતે હુએ દિન

(GNS) ન્યુ દિલ્હી, તા.૨૩

કેન્દ્રના ગૃહમંત્રી રાજનાથ જ્યારે વિપક્ષમાં હતા ત્યારે યુપીએના સાશન માં પેટ્રોલ ડીઝલના ભાવવધારા સામે ભાવ વધારો પાછો ખેંચો ના બેનર સાથે ધરણા માં બેસતા હતા. હાલમાં પેટ્રોલ ડિઝાલનો ભાવ એટલો વધ્યો કે દેશ આખામાં હાહાકાર મચી ગયો પરંતુ રાજનાથસિંહ સડક પર નથી. કેન્દ્ર સરકાર ના મંત્રી ને તો પેટ્રોલ ડીઝલ ના ભાવ પણ કદાચ ખબર નહીં હોય અને ખબર હોય તો એમને શું. એમણે કયા ગાડી લઈને ભરાવવા જવું છે. હાલમાં સોસીયલ મીડિયામાં એ તસ્વીરો વાઈરલ થઈ રહી છે જેમાં તે વખતે રાજનાથને ભાવ વધારાની ચિંતા હતી. લોકો કહી રહયા છે કે અમને અમારા એ રાજનાથસિંહ પરત આપો કે જે અમારા માટે સડક પર ઉતરે નહીં કે સંસદમાં બેસે..નથી જોઈતા અમને આ અચ્છે દિનપકોઈ લૌટા તો મેરે બિતે હુએ દિનપ




રાંધણ ગેસ નો ભાવ ૩૫૦ થી ૭૦૦ ની ઉપર પહોંચી ગયો. સ્મૃતિ ઈરાની જ્યારે ભાજપ મહિલા મોરચાના નેતા હતા ત્યારે યુપીએના સાશનમાં રાંધણ ગેસનો બાટલો લઈને સડક પર ઉતર્યા હતા . કોંગ્રેસ સરકાર સામે તેમના આક્રમક તેવર જોઈને તેમને એનડીએ ના સાશનમાં મંત્રી બનાવ્યા અને રાંધણ ગેસ ના વધતા ભાવ તેમના માટે ચિંતાજનક નથી. લાખો કરોડો ગૃહણીઓ રાંધણ ગેસના વધતા ભાવથી પરેશાન. ઘરનું બજેટ ખોરવાઈ ગયું પણ સ્મૃતિ ઈરાની ને હવે માત્ર અમેઠી ની ચિંતા છે. દેશની મહિલાઓ કરતા કેમ કરીને અમેઠી માં જીતવું એની જ ચિંતા છે. હાલ માં સૉશ્યલ મીડિયા માં સ્મૃતિ ઈરાની નો એ ફોટો વાઈરલ થઈ રહ્યો છે જેમાં તેઓ રાંધણ ગેસના બાટલા સાથે ધરણા પર છે. યુપીએના સાશન માં વિરોધ પક્ષ તરીકે ભાજપે કોંગ્રેસ સરકારની ઊંઘ હરામ કરી નાંખી હતી. હાલના વિદેશમંત્રી સુષ્મા અને નાણામંત્રી અરુણ જેટલીએ તે વખતે દૂધી કોબીજ ફલાવર સાથે દેખાવો ધરણા કર્યા હતાં તે ફોટો વાઈરલ થયો છે. હાલમાં જો પેટ્રોલ ડીઝલ ને જીએસટી માં સમાવેશ કરાય તો ભાવ ઊતરે. પરંતુ તેમને પોતાની એ ચિંતા રાજ્યો પર છોડી ને પોતે આરામ માં છે. રાજ્યો અને કેન્દ્ર એકબીજાને ખો આપી રહ્યાં છે અને લોકો બિચારા, ગરીબ બાપડાં બની ને ક્યારે પેટ્રોલ ડિઝાલનો સમાવેશ જીએસટી માં કરે તેની ચિંતા માં રોજેરોજ ઊંચા ભાવ આપી રહ્યાં છે. લોકો કહી રહ્યાં છે કે આ નેતાઓ વિપક્ષમાં જ રહે તો સારું કેમ કે તેઓ સત્તાપક્ષ પર સારો એવો દબાણ લાવી શકે છે.

## ૨૦૧૯માં નરેન્દ્ર મોદીની સ્પર્ધા કરવા માટે કોંગ્રેસ પાસે નથી પૈસાઃ રિપોર્ટ

(જીએનએસ)ન્યુ દિલ્હી,તા.૨૩

કોંગ્રેસ પાર્ટી આજકાલ નાણાંકીય સંકટોની સમસ્યાનો સામનો કરી રહી છે. કોંગ્રેસની પાસે એટલા પૈસા નથી કે એ ૨૦૧૯માં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ભારતીય જનતા પાર્ચીને ૨૦૧૯ની ચૂંટણીમાં પડકાર આપી શકે.



છેલ્લા પાંચ મહિનામાં કોંગ્રેસ નેતૃત્વના ઘણા રાજ્યોમાં પોતાના કાર્યાલયોને ચલાવવા માટે જરૂરી ફંડ મોકલવાનું બંધ કરી દીધું છે. આ મામલાની જાણકારી રાખનાર ઘણા કોંગ્રેસ અધિકારીઓએ જણાવ્યું કે કોંગ્રેસે પોતાના નેતાઓને પાર્ટી માટે ફંડ વધારવાનું અને ખર્ચામાં કાપ મૂકવા માટે કહ્યું છે. રાહુલ ગાંધીના નેતૃત્વ વાળી કોંગ્રેસ પાર્ટીમાં વેપારીઓ તરફથી આવનારા રૂપિયામાં ઘટાડો થઈ રહ્યો છે. પૈસાની સમસ્યા એટલી બધી છે કે કોંગ્રેસ પાર્ટીને પોતાના એક ઉમેદવારની મદદ માટે રૂપિયા માંગીને ફંડની વ્યવસ્થા કરવી પડી હતી.

આ બાબતે કોંગ્રેસ પાર્ટીની સોશિયલ મીડિયી પ્રભારીએ કહ્યું કે, 'અમારી પાસે પૈસા નથી. મ્નૅની સરખામણીમાં અમારી પાસે ચૂંટણી ફંડમાંથી ખૂબ જ ઓછા પૈસા આવી રહ્યા છે.' જણાવી દઈએ કે ચૂંટણી ફંડ રાજકીય પાર્ટીઓને રૂપિયા આપવાની નવી પારદર્શી રીત છે. કોંગ્રેસની પાસે હવે આ રીતે જરૂરત પ્રમાણએ પૈસા આવી રહ્યા નથી. એટલા માટે કોંગ્રેસને પૈસા એકઠા કરવા માટે ઓનલાઈન મદદની મહોર લગાવી પડી હતી.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ભાજપ અધ્યક્ષ અમિત શાહની જોડીએ બનાવેલી રણનીતિથી કોંગેસને લગભગ મોટી ચૂંટણીઓમાં હાર આપી છે. જો ગણતરીની વાત કરીએ તો ભાજપ પોતાની સહયોગી પાર્ટી સાથે હાલમાં ૨૦ રાજ્યોમાં રાજ કરી રહી છે. એમાંથી ઘણી સૌથી જૂની પાર્ટી એટલે કે કોંગ્રેસથી જ અલગ થઈને ભાજપની સાથે આવી છે.

## અમેરિકાએ ઈરાનને ઈતિહાસમાં કડકમાં કડક પ્રતિબંધો લાદવાની ધમકી આપી

(જી.એન.એસ)વૉશિંગ્ટન/તહેરાન,તા.૨૩

અમેરિકાએ ઈરાન સાથેની પરમાણુ સંધિ તોડવાનો નિર્ણય લીધા પછી તેના પર અત્યાર સુધીના ઈતિહાસમાં કડકમાં કડક પ્રતિબંધો લાદવાની ચેતવણી આપી છે. અમેરિકાના વિદેશપ્રધાન માઈક પોમ્પિયોએ કહ્યું હતું કે, જો ઈરાન તેની વિદેશનીતિ અને ઘરેલુ નીતિમાં ફેરફાર નહીં કરે તો તેના પર આકરામાં આકરા પ્રતિબંધો લાદવામાં આવશે. ઈરાન સમક્ષ અમેરિકાએ ૧૨ માંગણીઓ મૂકી છે, અમેરિકાને સંતોષ થશે તો જ તેને આર્થિક પ્રતિબંધોમાં રાહત આપવામાં આવશે.



**ઈરાન વિદેશનીતિ-ઘરેલુ નીતિમાં ફેરફાર નહિ કરે તો.......**

પોમ્પિયોએ ઈરાન પર આર્થિક પ્રતિબંધો લાદવા માટે ભારતનો ટેકો માગ્યો છે. તેમણે પોતાનાં સૌથી મોટા પહેલા વિદેશનીતિને લગતાં ભાષણમાં યુરોપના દેશો તેમજ અન્ય વૈશ્વિક સહયોગીઓ પાસેથી પણ આ માટે સમર્થન માગ્યું છે. તેમણે કહ્યું હતું કે આકરામાં આકરા પ્રતિબંધો લાદવામાં આવ્યા પછી ઈરાન તેનું અર્થતંત્ર ચલાવવા માટે સંઘર્ષ કરતો જોવા મળશે. ઈરાનનાં આક્રમક વલણને રોકવા અમેરિકા અને તેના સહયોગી દેશો સાથે મળીને કામ કરશે. પોમ્પિયોએ ઈસ્લામિક દેશ સામે લડવા પ્લાન બીની જાહેરાત કરી હતી.

ઈરાન તેનો અણુકાર્યક્રમ ચાલુ રાખી રહ્યો છે તેના વિરોધમાં અમેરિકાએ ઈરાન તેમજ અન્ય કેટલાક દેશો વચ્ચે થયેલી પરમાણુ સંધિમાંથી બહાર નીકળી ગયો છે, આ પછી અમેરિકાએ ઈરાન સામે કડક વલણ અપનાવવાના સંકેતો આપ્યા હતા. પોમ્પિયોએ કહ્યું કે, જે દેશ અને કંપનીઓ ઈરાનમાં કારોબાર કરે છે તેને પણ અમેરિકા ઈરાનનાં કૃત્ય માટે જવાબદાર ઠરાવશે. અમેરિકા ૨૦૧૫માં કરાયેલા અણુસંધિમાંથી બહાર નીકળી ગયો છે પણ રશિયા, ચીન, બ્રિટન સહિત અન્ય દેશોએ સંધિ તોડી નથી, આ દેશો ઈરાનને એક યા બીજી રીતે આ સમસ્યા ઉકેલવા સમજાવી રહ્યા છે.

# શહેરમાં ભજવાઈ રહેલું દબાણનું નાટક : અંતે એમનુ એમ

## બસ સ્ટેશનની આગળના રહ્યા પાછળના કેમ નહીં ? તગડી કમાણી કયાં ?





સેકટર - ૩ માં ઝૂંપડપટ્ટીના દબાણ હટાવ્યા ને કલાક પણ થયો ન હતો ત્યાં સેકટર - ૩ ના જ ઝુંપડપટ્ટીના પાકા દબાણો તસ્વીરકારના કેમેરામાં ઝડપાયા હતા

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરમાં કેટલાય સમયથી દબાણ હટાવવાના નામે ગરીબ પેટીયું રળતા લારી-ગલ્લા અને ઝૂંપડામાં પોતાનું જીવન જીવતા ગરીબો પર દબાણખાતું ત્રાટકી ત્રાટકીને દબાણ હટાવે છે. અવારનવાર દબાણ હટાવવાના નામે સરકારી તંત્રનો છેવટે પ્રજાના પૈસાનો માત્ર દૂરૂપયોગ કરી હપ્તાખોરીની પોતાની પકડ મજબૂત કરવા સિવાય કંઈ થતું નથી.

એકપણ દબાણ શહેરમાંથી છેલ્લા કેટલાય સમયથી દૂર થઈ શકતું નથી. કે કરી શકયા નથી. નિયમો બધા જ હોવા છતાં અંતે તો તેમનું તેમ જ થાય છે. અને ફરી પાછુ ભૂતાવળની જેમ ઉભુ થઈ પ્રજાના પૈસા બગાડવાનુ નાટક શરૂ થાય છે. નાટકની જેમ પડદો પડે પુરૂ થાય ત્યારે બહાર બધું એવું ને એવું રાબેતામુજબનું ચાલું હોય છે.

આર એન્ડ બી હોય કે કોર્પોરેશન દબાણ ખાતામાં કેટલાક અધિકારીઓ તગડી કમાણી કરતા હોય છે. નહીં તો દબાણ ખાતું હટાવવાનો શિડયુઅલ ટાઈમટેબલ તૈયાર કરે ત્યાં તો શહેરના દબાણકર્તાઓ પાસે માહિતી પહોંચી જાય છે અને બધાને ખબર પડી જાય છે કે આજે કયાં દબાણનો પ્રોગ્રામ છે. સાવ ફૂટેલું તંત્ર નથી પરંતુ ગુનાહિત માનસવાળું તંત્ર અને હપ્તાખોર અધિકારીઓનુ ષડયંત્ર છે. ઓફિસમાં રિપોર્ટ ભરાઈ જાય આટલા દબાણ હટાવ્યા એસી. ઓફિસમાં બેઠેલા સાહેબને સંતોષ થાય કે કંઈક કામગીરી કરી પછી બીજા દિવસે ત્યાં કોઈ જોવા પણ જતું નથી નહીં તો તે તમામ દબાણો ત્યાં ને ત્યાં જોવા મળે છે.

કેટલાક મોટી રકમ, તગડો હપ્તો આપતાં હોય તેવા દબાણના કેન્દ્રોમાં જોઈએ તો પથિકાશ્રમ અને બસ સ્ટેન્ડ વચ્ચેનું ખાણીપીણી ગલીનું બજાર તેને કયારેય પહેલાં હટાવાતું જ નથી. તેના પર કેટલાક હપ્તાખોરની રહેમ નજર જરૂર છે. તેથી આગળ સે. - ૧૧, સે. - ૨૧ ના દબાણ આવે છે અને તેનાથી પણ તગડી કમાણીવાળા વિસ્તાર તે છે. ઘ-૫ ફુડ માર્કેટ ત્યાં પોતાને ફાળવેલ જગ્યા કરતાં ૫૦ ઘણા દબાણો લોકોએ બનાવી જલસાથી ધંધા કરે છે. અરે બે-અઢી લાખમાં ફાળવેલી સરકારી જગ્યા બેધડક વેચી પણ શકે છે. તેના દબાણો કયારેય તેમને દેખાતા નથી. ઈન્ફોસીટી પણ તગડી હપ્તાની રકમ કમાવી આપતી જગ્યા હતી પરંતુ રાજકીય ઈચ્છા શક્તિને કારણે આવા લાંચિયા અધિકારીઓને તેમાં સફળતા મળી નહી. બાકી શહેરમાં વ્હાલા-દવાલા-દબાણ ઘણા છે. જેને સાચવી લેવામાં પોતે પણ સચવાઈ જતા હોય છે.

### બસ સ્ટેન્ડની આગળના દબાણ હટાવાયા પાછળ માનીતા દબાણ કોણ હટાવશે ?



પથિકાશ્રમ અને બસ સ્ટેન્ડની વચ્ચે બંન્ને તરફ લારીઓના દબાણોને કયારેય કંઈ આંચ આવતી નથી. તેવું જ પથિકાશ્રમ પાછળ આવેલા ખાણીપીણી બજારનું છે. તેને એકવાર હટાવી લેવામાં આવ્યુ હતું પરંતુ ખૂબ જ માનભેર હટાવવાનો સમય આપીને કંઈ પણ જપ્ત કર્યા વગર અને પાછળથી બીજા દિવસે હતું તેમજ ભૂતાવળની જેમ ચાલુ થઈ ગયેલુ બાકી જપ્તિના નિયમો છે પરત લેવા માટે એફીડેવીટ કરી આપવું પડે કે ત્યાં ફરી દબાણ કરીશ નહી. ફરી કરે તો જપ્ત કરવું અને પરત નહીં આપવાનો પણ નિયમ છે. પરંતુ ઈચ્છા શક્તિ દબાણનું તંત્ર ચલાવતા અધિકારીઓ અને તેનું મોનીટરીંગ કરતાં ઓફિસમાં બેઠેલા સાહેબોએ નકકી કરવું પડશે.

### હાઈકોર્ટના ઓર્ડર બાદ પણ પાકા દબાણની કાંકરી પણ ખરી નથી

હાઈકોર્ટે ગાંધીનગરમાં થયેલા ગેરકાયદેસર દબાણોનો સર્વે કરી હટાવવાનો હુકમ કર્યો છતાં દબાણ ખાતાની પહોંચ કયારેય પાકા દબાણો તરફ જતી નથી કે જવાની તાકાત નથી. એક પણ કાંકરી શહેરના અસંખ્ય પાકા દબાણોની ખેરવી શકયા નથી. દબાણના નામે ગરીબોને જ હેરાન કરવા સિવાય કશુ કરતા નથી. જોકે દબાણ ગમે તેનું હોય તેનુ સમર્થન નથી પરંતુ વાત એમ છે કે હટાવવા હોય તો બધાના દબાણ હટાવો નહી તો કોઈનું જ ન હટાવવું જોઈએ હટાવવાનો કોઈ અધિકાર નથી.

### વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે પ્લાસ્ટિક તેમજ પ્રદુષણ મુકત ઝુંબેશ



ગાંધીનગર, તા. ૨૩

વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે પ્લાસ્ટિક વેસ્ટ અને સ્વચ્છતા અભિયાનનું આયોજન નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા સફાઈ કાર્યક્રમ રાખી કરવામાં આવ્યું હતું. નિસર્ગ સાયન્સ સેન્ટરના બાળકો તેમજ પર્યાવરણ પ્રેમિઓએ પ્લાસ્ટીક પ્રદુષણ પર અંકુશ રાખવા મુદ્દે જાગૃતિ સાથે સ્વચ્છતા કાર્યક્રમ અંતર્ગત શહેરના ચ-૦ સર્કલથી કોબા સર્કલ સુધીના માર્ગની સફાઈ હાથ ધરી હતી. જેમાં મોટી સંખ્યામાં લોકોએ જોડાઈને વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી અનોખી રીતે ઉજવી હોવાનું નિસર્ગ સાયન્સ સેન્ટરના ડૉ. અનિલ પટેલે જણાવ્યું હતું.

## ગાંધીનગર મનપા દ્વારા મુખ્ય મંત્રી એપ્રેન્ટીસ ભરતી મેળો યોજાયો



ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા આજરોજ મુખ્ય મંત્રી એપ્રેન્ટીસ તાલી યોજના અન્વયે એપ્રેન્ટીસ ભરતી મેળાનું આયોજન બલરામ ભવન, સેકટર-૧૨, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું. આ ભરતી મેળાના ગાંધીનગર મહાનગર પાલિકાના મેયરના હસ્તે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ ભરતીમેળામાં કુલ-૭૦૩ અરજીઓ આવી હતી.

મહાનગરપાલિકા દ્વારા આયોજીત એપ્રેન્ટીસ ભરતી મેળાને ખુલ્લો મુકતાં મનપાના મેયરે જણાવ્યું હતુ કે, યુવાનોની સંખ્યા ભારતમાં અન્ય દેશો કરતાં વધુ છે. એવા સંજોગામાં દેશના યુવાનોને તેમનામાં રહેલી આવડત અને કૌશલ્ય આધારિત કામ મળી રહે તો સુંદર દ્રશ્ય સર્જી શકે તેમ છે. આ દિશામાં પહેલ કરીને ગુજરાત સરકારે મુખ્ય મંત્રી એપ્રેન્ટીસ તાલીમ યોજના શરૂ કરી છે. આ યોજના કુશળ સ્કીલ્ડ માનવબળ ઉભું કરવાની દિશામાં મહત્વપૂર્ણ સાબિત થશે, તેવું જણાવી યોજનાની વિશેષ માહિતી આપી હતી.

આ ભરતી મેળામાં અલગ-અલગ ઔધોગિક કંપનીઓ, હોટેલ, મોલઓએ ઉમેદવારોની પસંદગી કરવા માટે ભાગ લીધો હતો આ પ્રસંગે આઈ.ટી.આઈના પ્રિન્સીપાલ ભરતભાઈ નાયકએ પણ પ્રાસંગિક ઉદ્દબોધન કર્યું હતું.

આ પ્રસંગે મનપાના સ્થાયી સમિતિના ચેરમેન મનુભાઈ પટેલ, મ્યુનિસિપલ કમિશનર એસ.એલ. અમરાણી, શહેર ભાજપના પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ, પૂર્વ મેયર હંસાબેન મોદી, મહાનગર પાલિકાના કાઉન્સિલર સર્વ નિતનીભાઈ પટેલ, નાંઝાભાઈ ધાંધર, ઘીરૂભાઈ ડોડિયા, નરેશભાઈ પરમાર, હર્ષાબા ધાંધલ, પ્રવિણાબેન વોરા, પ્રીતિબેન દવે, નિલાબેન શુક્લ, રીટાબેન પટેલ, નાયબ મ્યુનિસિપલ કમિશનર જે.બી. બારેયા સહિત મોટી સંખ્યામાં રોજગાર વાચ્છુક ઉમેદવારો ઉપસ્થિત રહ્યાં હતાં

### ભરતી મેળામાં મેયર જ લેટ આવતાં કાર્યક્રમ મોડો શરૂ થયો

મુખ્યમંત્રીની મહત્વની અને યુવાનો માટેની એપ્રેન્ટીશ - રોજગાર ભરતી મેળામાં હજારો યુવાનો જયારે રાહ જોઈ રહ્યા હતા કાર્યક્રમ કયારે શરૂ થાય ત્યારે બેજવાબદારી કહો કે વ્યસ્તતા પરંતુ કોર્પોરેશનના કાર્યક્રમમાં ખૂદ મેયર સમય સાચવી શકયા ન હતા. તેમની રાહ જોઈ કેટલાક યુવાનો સમયસર કાર્યક્રમ શરૂ ન થતાં ચાલી ગયા હતા. હાજર અધિકારીઓ અને પદાધિકારીઓ પણ સમયસર મેયર નહીં આવવાથી વિમાસણમાં મુકાઈ ગયા હતા. નેતાઓ સમયસર નહીં આવી શકતા હોવાની ઉકત ફરી એકવાર ગાંધીનગર મેયરે સાચી સાબિત કરી બતાવી હતી. જોકે અંદરખાને ગુપસુપમાં અધિકારીઓ તથા રોજગારી માટે આવેલા યુવાનો તેમને માટે ખરાબ બોલતા સંભળાયા હતા.

## નગર સેવક નાઝાભાઈએ જન્મદિવસ શ્રમજીવી વચ્ચે અનોખી રીતે ઉજવ્યો




ગાંધીનગર, તા. ૨૩

સામાન્ય રીતે જન્મ દિવસે કેક કાપી હોટલમાં પાર્ટી યોજવાનો રિવાજ છે ત્યારે નગરના સેવક નાઝાભાઈ ઘાંઘરે પોતાના જન્મ દિવસ પોતાના કુટુંબ અને મિત્રો સાથે સફાઈ કામદાર અને શ્રમજીવી બહેનો સાથે કેક કાપી અનોખી રીતે ઉજવ્યો હતો.

આ પ્રસંગે તેમણે શ્રમજીવી પરિવારની ખાસ કરીને બહેનોને સાડી જેવી ભેટ આપી પોતાના જન્મ દિવસની અનોખી ઉજવણી કરી હતી. હાજર રહેલા શ્રમજીવી પરીવારો પણ ખુશખુશાલ હતા. જો કે તે વિસતારના આગેવાનની આવી ભાવનાને સલામ કરવાનું મન જરૂર થાય. તેમની સાથે કોર્પોરેટર કાર્તિક પટેલ તથા ભાજપના મહેન્દ્ર દાસ પણ જોડાયા હતા.

## સે.-૨૪ની ત્રણ સોસાયટીમાં રોગચાળો ફેલાયો

### બે દિવસમાં ૮૦ દર્દીઓએ ઝાડા ઉલ્ટીની ફરિયાદ કરી સારવાર લીધી

ગાંધીનગર, તા. ૨૩

સરકાર અને તેનુ તંત્ર શહેરને સ્માર્ટસીટી બનાવવાના બણગા ફૂંકી રહી છે. ત્યારે સાચી હકીકત એ છેકે પ્રાથમિક સુવિધાઓ આપવામાં વામણી પુરવાર થઈ રહી છે. સેક્ટર ૨૪માં ઈન્દીરાનગર, ડબલડેકર અને શ્રીનગર સોસાયટીના રહિશો શુદ્ધ પીવાના પાણીના અભાવે બિમારીનો ભોગ બની રહ્યા છે. કોર્પોરેટર અંકિત બારોટે કહ્યુ કે, ગટરનુ દુષિત પાણી પીવાથી છેલ્લા બે દિવસમાં ૮૦ કેસ ઝાડા ઉલ્ટીના નોંધાયા છે.

કોર્પોરેટર બારોટે કહ્યુ કે, ગાંધીનગર શહેરનો સ્માર્ટસીટીમાં સમાવેશ કરાયો, પરંતુ સ્માર્ટસીટી માત્ર મજાક હોય તેવુ જોવા મળી રહ્યુ છે. શહેરના સેક્ટર ૨૪માં છેલ્લા બે દિવસથી રોગચાળો ફાટી નિકળ્યો છે. મહિલાઓ અને પુરુષો ખાનગી હોસ્પિટલ અને સરકારી હોસ્પિટલમાં સારવાર મેળવી રહ્યા છે. ત્યારે સરકાર અને તેનુ તંત્ર પાયાની સુવિધાઓ આપવામાં પણ વામણુ પુરવાર થઈ રહી છે. અનેકવાર વિભાગોમાં રજૂઆત કરવા છતા નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરવામાં આવી રહ્યા છે. આ બાબતે ધારાસભ્ય ડૉ. સી જે ચાવડાનેપણ જાણ કરાઈ છે અને તેમના દ્વારા પણ રજૂઆત કરાશે.

સેક્ટર ૨૪માં છેલ્લા કેટલાય સમયથી દુષિત પાણીની ફરિયાદો ઉઠી રહી છે. સ્થાનિક કોર્પરોરેટ અંકિત બારોટ દ્વારા કાર્યપાલક ઈજનેરને રજૂઆત કરાઈ છે, છતા તંત્ર કુંભકર્ણની નિન્દ્રા માણી રહ્યુ છે. સેક્ટર તરફ તંત્રનુ ઉદાસીન વલણ જોવા મળી રહ્યુ છે. ઝડપથી ઉકેલ લાવવામાં નહિ આવે તો આંદોલનનો માર્ગ અપનાવાની ચિમકી ઉચ્ચારી હતી. તાજેતરમાં જ સેક્ટર ૨૭ના રહિશોએ દુષિત પાણીની ફરિયાદ કરી હતી. પીવાના પાણીની લાઈન સાથે ગટરની લાઈન મળીજતી હોવાથી દુષિત અને દુર્ગધવાળુ પાણી આવી રહ્યુ હોવાની ફરિયાદ કરી હતી. ત્યારે એકનુ સમાધાન થયુ નથી, ત્યારે સેક્ટર ૨૪માં સમસ્યાએ માથુ ઉચક્યુ છે.

સિવિલમાં છેલ્લા એક સપ્તામાં ઝાડા ઉલ્ટી સહિતા કેસમાં વધારો થયો છે. જેમાં ઝાડા ઉલ્ટી ૬૦, તાવ ૩૯, શ્વસનતંત્ર ૩૨, મેલેરીયા ૭, ટાઈફોઈડ ૧૦, ડેન્ગ્યુ ૧, કમળો ૭, નિમોનીયા ૩ અને ડોગ બાઈટના ૭૬ કેસ નોંધાયા હતા.

સેકટરના ઈન્દીરાનગર વસાહત, શ્રીનગર સોસાયટી, ડબલડેકર વિસ્તારમાંથી બે દિવસમાં ૮૦ દર્દીઓએ ઝાડા ઉલ્ટીની ફરિયાદ કરી હતી અને સારવાર લીધી હતી. જેમાં સરકારી હોસ્પિટલમાં પણ સારવાર લીધી હતી. મંગળવારે ૨૫ દર્દીઓ ખાનગી હોસ્પિટલમાં સારવાર લેવા દોડી ગયા હતા.આવી સમસ્યા એકાએક ઉભી થઈ નથી પણ આ અંગે તંત્ર દ્વારા પગલા નહિ લેવાતા આવી સમસ્યા ઉભી થઈ છે.

## દહેગામના તળાવમાં ગટરનું દૂષિત પાણી ભળી જતા નાગરિકો પરેશાન

ગાંધીનગર, તા. ૨૩

હાલમાં સરકાર દ્વારા તળાવો ઉંડાકરીને તેમાં પાણી પુરવઠો જાળવવા જળ સંચય યોજનાનો આરંભ કરાયો છે. ત્યારે દહેગામમાં ઔડા દ્વારા વિકસાવવામાં આવેલ આથમણુ તળાવ ગટરના ગંદા પાણીથી ભરાઈ રહ્યુ છે.આ તળાવ ચોખ્ખા પાણીથી ભરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.અને આ બાબતે લોકોમાં પણ ભારે રોષ જોવા મળી રહ્યો છે.

સરકાર રાજ્યમાં તળાવોને ઊંડા કરાવવાનું અભિયાન ચલાવી રહી છે

રાજય સરકાર દ્વારા તળાવો ઉંડાકરવા અને તેમાં પાણીના સંગ્રહમાટે જળ સંચયયોજના અમલમાં મુકી છે.તાલુકાના ૪૨ જેટલા તળાવો પાણીથી છલોછલ રહે તે માટે કાર્ય શરૂ કરી દેવાયુ છે.જયારે બીજી તરફ દહેગામમાં ઔડા દ્વારા વિકસાવવામાં આવેલ આથમણા તળાવમાં છેલ્લા કેટલાય સમયથી ચોખ્ખા પાણીના બદલે ગટરના દુષિત પાણીનો પ્રવાહ વહી રહ્યો છે. દુષિત પાણીના કારણે કાળઝાળ ગરમીમાં દુર્ગંધ ફેલાતા ગાર્ડનમાં આવનાર લોકો અને નજીકમાં રહેતા લોકોને ઘણી વખત મુશ્કેલી વેઠવી પડે છે. થોડા સમય અગાઉ પણ ઔડા તળાવમાં ગંદાપાણીના પ્રશ્ન અંગે ચીફ ઓફિસરે ભૂર્ગભ ગટરના તળાવમાં આવતાં ગંદા પાણી ગેરકાયદેસર કનેકશન જોડી તળાવમાં છોડવામાં આવતુ હોવાથી તેવા કનેકશનો શોધી દુષિત પાણી આવતુ રોકવામાં આવનાર હોવાનું જણાવ્યુ હતુ.

બીજી તરફ પાલિકા દ્વારા ચોખ્ખુ પાણી તળાવમાં કયારે ભરાશે તેવા પ્રશ્ન અંગે પ્રમુખ સરલાબેન અમીને જણાવ્યુ હતુ કે હાલમાં તળાવમાં આવતુ દુષિત પાણી બંધ કરી દેવાયુ છે. બીજી તરફ જયારે ઔડા દ્વારા જયારે પાલિકાને તળાવ સોંપવામાં આવ્યુ તે વખતે અધુરૂ કામ હોવા છતાં તે વખતના શાસકોએ સ્વીકાર્યુ હતુ.

મુદ્રણ સ્થાન :
લોક સંસાર પ્રકાશન, ૩૫૬, વાઈબ્રન્ટ ઈન્ડ. પાર્ક, મોતીતળાવ, ભાવનગર
પ્રકાશન સ્થળ :
ટી.એફ-૨૯, બિઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર.
ફોન (૦૨૭૮)૨૫૭૩૬૦૦

### રાજપુત યુવા વિકાસ પરિષદ દ્વારા કારકિર્દી માર્ગદર્શન સેમિનાર

ગાંધીનગર, તા. ૨૩

રાજપુત યુવા વિકાસ પરિષદ દ્વારા રાજપુત ભવન, સે. ૧૨ ખાતે સમાજના યુવાનો માટે કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શંકરસિંહ રાણા, રાજેન્દ્રસિંહ ચાવડા (અંબોડ) તેમજ અન્ય આગેવાનોએ હાજરી આપી હતી.



# મુખ્યમંત્રી-નાયબ મુખ્યમંત્રીએ ૧૦૮ મોબાઈલ એપ્લીકેશનનું લોચીંગ કરાવ્યું

## ગુજરાતના સાગરખેડૂ બંધુઓની આરોગ્ય સુવિધા માટે બોટ એમ્બ્યુલન્સ સેવારત કરાઈ





ગાંધીનગર, તા. ૨૩

વિજયભાઈ રૂપાણીએ નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલની ઉપસ્થિતીમાં ૧૦૮ મોબાઈલ એપ લોન્ચીંગ સાથે જ સાગરખેડૂ-બંધુઓને સારવાર સુવિધાની ૧૦૮ બોટ એમ્બ્યુલન્સ તેમજ નવી ૧૦, ૧૦૮ એમ્બ્યુલન્સવાનનો પ્રજાપર્ણ કર્યો હતો.

વિજયભાઈ રૂપાણીએ આપાતકાલ-અકસ્માત જેવી ઘટનાઓમાં તત્કાલ આરોગ્ય સેવા મદદ માટે ટેકનોલોજીના વિનિયોગથી ૧૦૮ મોબાઈલ એપ્લીકેશનનું લોચીંગ કરાવતાં સ્પષ્ટપણે કહ્યું કે, ગુજરાતનો આ નવો આયામ 'પ્લેટિનમ અવર'માં અમૂલ્ય માનવ જીવન બચાવવાનો સક્ષમ પર્યાય બનશે. માછીમારો ૩૫ હજારથી વધુ બોટો દ્વારા દરિયામાં ૮ થી ૧૨ દિવસ સુધી મધ્ય સમુદ્રમાં રહે છે. તેમની બીમારી સમયે ઈમરજન્સી મેડિકલની સેવાઓની જરૂર પડે છે. આ માટે ૭ મોટા માછીમાર બંદરોને ધ્યાનમાં રાખીને વ્યૂહાત્મક રીતે બોટ એમ્બ્યુલન્સ કાર્યરત કરવામાં આવી છે. બોટમાં ૧ કેપ્ટન, ૩ સહાયક કર્મચારીઓ અને તાલીમબધ્ધ ૧ ઈમરજન્સી મેડીકલ ટેકનીશીયન સહિત ૫ સભ્યોની ટીમ ૨૪ કલાક કાર્યરત રહેશે.

આ ૧૦૮ મોબાઈલ એપ્લીકેશનમાં પાંચ મોડયુલ છે અને તે ઈન્ટીગ્રેટેડ હોવાથી અકસ્માત, ઈજા કે અન્ય આપાતકાલમાં વાતચીત-પેપર વર્કનો તેમજ સારવાર સ્થળ સુધી પહોચાડવાનો જે સમય જાય છે તે નિવારી શકાશે. રાજ્યના હરેક નાગરિકને આ ૧૦૮ મોબાઈલ એપ ડાઉનલોડ કરી લેવાની હાર્દભરી અપિલ કરતાં ઉમેર્યુ કે, ઈમરજન્સીના સમયે આખી મેડિકલ સેવાઓ નાગરિકોની મૂઠીમાં હોય તેવી નેમ આ લોકોપયોગી એપ્લીકેશનની છે.

તેમણે એમ પણ જણાવ્યું કે, રાજ્યની ચાર હજાર હોસ્પિટલો આ એપ્લીકેશન સાથે ઈન્ટરલીક્ડ હોવાથી ઘટના સ્થળની નજીકના સ્થળની સરકારી-ખાનગી સારવાર સુવિધા, બ્લડ બેંક્ર જેવી આવશ્યક સેવાઓની યાદી તૂર્ત જ ઉપલબ્ધ થવાથી યોગ્ય નિર્ણય લઈ સારવાર માટેની વ્યવસ્થા કરવામાં અગ્રતા રહેશે.સૌ નાગરિકોની મેડીકલ હિસ્ટરી પણ સ્માર્ટ ફોનમાં ડેટારૂપે ઉપલબ્ધ બનાવી પેપરલેસ હેલ્થ ફેસેલીટીની નેમ દર્શાવી હતી.

ગુજરાતમાં જન સેવાની ઉદાત ભાવનાથી ૨૦૦૭માં શરૂ કરેલી ૧૦૮ સેવામાં આ સરકારે સમયાનુકુલ ટેકનોલોજી અને અપગ્રેડેશનનો વિનિયોગ કરીને આજે આપાતકાલમાં પ્રત્યેક સેકન્ડનો બચાવ અને માનવીની અમૂલ્ય જીંદગીને બચાવી લેવા માટે હોલિસ્ટીક એપ્રોચથી આયોજનો વ્યાપક સ્વરૂપે વિસ્તાર્યા છે.

# પેટ્રોલ અને ડિઝલના મામલે સરકાર લોકોને રાહત આપે

## પરેશ ધાનાણીના ભાજપ સરકાર પર આકરા પ્રહારો : પેટ્રોલ-ડીઝલના ૨૪ ટકા, સીએનજી-પીએનજીના ૧૫ ટકા વેરામાં ઘટાડો કરીને પ્રજાને રાહત આપવાની માંગણી



(સં. સ.સેવા) અમદાવાદ,તા. ૨૩

ગુજરાતમાં ભાજપ સરકારે પેટ્રોલ-ડીઝલના ૨૪ ટકા અને સીએનજી-પીએનજીના ૧૫ ટકા વેરામાં ઘટાડો કરીને ગુજરાતની પ્રજાને ભડકે બળતા ભાવોમાં તાત્કાલિક રાહત આપવાની વિરોધપક્ષના નેતા પરેશ ધાનાણીએ આજે ઉગ્ર માંગણી કરી હતી. ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતા પરેશ ધાનાણીએ જણાવ્યું હતું કે, કેન્દ્રની ભાજપ સરકાર ભાવવધારાનું ધીમું ઝેર આપીને દેશના કરોડો મધ્યમ વર્ગ અને ગરીબ વર્ગના લોકોને આર્થિક રીતે મારવાનું કામ કરી રહી છે. "પાણીનો નળ (ચકલી) ખોલો ત્યારે પાણીના બદલે પેટ્રોલ નીકળશે' તેવું કહેનાર તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના શાસનમાં પ્રજાનું તેલ નીકળી રહ્યું છે. કેન્દ્રની ભાજપ સરકાર દ્વારા પેટ્રોલ-ડીઝલમાં બેફામ ભાવવધારો કરાતા હવે ગુજરાત સરકાર કેન્દ્રના અન્યાય સામે કેમ ચૂપ છે ? તેવો ગંભીર સવાલ પણ ધાનાણીએ ઉઠાવ્યો હતો. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસના શાસનમાં પેટ્રોલ-ડીઝલના ભાવવધારા વખતે ગોવા, આંધ્રપ્રદેશ સહિતની કોંગ્રેસશાસિત સરકારોએ રાજ્ય સરકારના વેરામાં ઘટાડો કરીને નાગરિકોને મોંઘવારીમાં રાહત આપી હતી, તેવી રીતે હવે પેટ્રોલ-ડીઝલ અને ગેસ પરના વેરાની વર્ષે રૂ. ૧૦ હજાર કરોડથી વધુની આવક કરતી ગુજરાતની ભાજપ સરકાર દ્વારા વસુલાતા પેટ્રોલ-ડીઝલ ઉપરના ૨૪ ટકા અને સીએનજી-પીએનજી ઉપરના ૧૫ ટકા વેરામાં ઘટાડો કરીને ગુજરાતની પ્રજાને રાહત આપવી જોઈએ. જ્યારે આંતરરાષ્ટ્રીય ક્રુડ ઓઈલનો ભાવ રૂ. ૧૫૦ ડોલરની આસપાસ હતો ત્યારે પણ પેટ્રોલ-ડીઝલના આટલા ઊંચા ભાવ યુપીએ સરકારમાં નહોતા. જ્યારે આજે આંતરરાષ્ટ્રીય ક્રુડ ઓઈલના ભાવ ૭૮ ડોલર થયા હોવા છતાં ભાજપ સરકારે પેટ્રોલ-ડીઝલના ભાવને રેકોર્ડ સપાટીએ પહોંચાડી દીધા છે. કેન્દ્ર સરકાર એક્સાઈઝ ડયુટીમાં વધારો કરીને પ્રજાના ખિસ્સા ખંખેરીને જાહેર ક્ષેત્રની કંપનીઓના ખિસ્સા ભરી રહી છે. જાહેર ક્ષેત્રની આવી કંપનીઓ ભાજપ સરકારની અને વ્યક્તિગત રીતે નરેન્દ્રભાઈ મોદીની જાહેરખબર પાછળ અબજો રૂપિયાનું આંધણ કરી રહી છે તેવો આક્ષેપ કરતાં વિપક્ષી નેતાએ જણાવ્યું હતું કે, ૧ એપ્રિલ, ૨૦૧૪ના રોજ યુપીએ-૨ના શાસનમાં પેટ્રોલની એક્સાઈઝ ડયુટી રૂ. ૯.૪૮ અને ડીઝલની એક્સાઈઝ ડયુટી રૂ. ૩.૫૬ હતી, જે ભાજપ સરકાર સત્તામાં આવતા જ ડીઝલની એક્સાઈઝ ડયુટીમાં ૩૮૦ ટકાનો વધારો કરીને રૂ. ૧૭.૩૩ અને પેટ્રોલની ડયુટીમાં ૧૩૩ ટકાનો વધારો કરીને રૂ. ૨૧.૪૮ કરી દેવામાં આવી હતી.

# એસટી અને આઈશર ટ્રક વચ્ચે સર્જાયેલો ગમખ્વાર અકસ્માત

## બાવળા-બગોદરા હાઈવે પર અકસ્માતમાં એકનું મોત : ૪૦ને ઈજા



(સં.સ. સે.) અમદાવાદ,તા. ૨૩

રાજ્યભરમાં દિવસેને દિવસે માર્ગ અકસ્માત વધી રહ્યા છે. થોડાક દિવસ પહેલાં જ ભાવનગર નજીક એક સિમેન્ટ ભરેલી ટ્રક પલ્ટી મારી જતાં ૧૯ લોકોએ જીવ ગુમાવ્યા હતા. ત્યારે આજે ફરીવાર એક ગંભીર અકસ્માત નોંધાયો હતો. બગોદરા-બાવળા રોડ પર ધોળકા ચોકડી પાસે આજે એક એસટી બસ અને આઈશર ટ્રક વચ્ચે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં એક વ્યકિતનુ મોત નીપજયુ હતુ, જયારે ૪૦ જેટલા લોકોને ઈજા પહોંચી હતી. અકસ્માત એટલો જોરદાર અને ભયંકર હતો કે, એસટી બસ આખી ઉંધી વળી ગઈ હતી, તો આઈશર ટ્રક પણ પલ્ટી ખાઈને દૂર પડી ગઈ હતી. અકસ્માતને પગલે ઘટનાસ્થળે લોકોના ટોળેટોળા એકત્ર થઈ ગયા હતા. સૌકોઈમાં અકસ્માતને લઈ અરેરાટીની લાગણી ફેલાઈ ગઈ હતી અને તાબડતોબ રાહત અને બચાવની કામગીરી હાથ ધરાઈ હતી. બગોદરા-બાવળા રોડ પર ધોળકા ચોકડી નજીક આજે બપોરના સમયે પૂરપાટ ઝડપે આવી રહેલી એક આઈશર ટ્રક અને એસ.ટી. બસ જોરદાર રીતે ધડાકાભેર અથડાતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ટ્રકમાં સવાર એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ મોત નીપજયુ હતું. જ્યારે બસમાં સવાર ૪૦ જેટલા લોકોને વત્તા ઓછા અંશે ઈજા પહોંચી હતી. જેને પગલે ઘટનાસ્થળે રોકકળ, ચીસાચીસ અને આક્રંદના દ્રશ્યો સર્જાયા હતા. ગમખ્વાર અકસ્માત એટલો જોરદાર અને ભયંકર હતો કે, એસટી નિગમની બસ આખી ઉંધી વળી ગઈ હતી, જયારે આઈશર ટ્રક પણ પલ્ટી ખાઈને દૂર ઘસડાઈ પડી હતી. અકસ્માતને પગલે ઘટનાસ્થળે સ્થાનિક લોકો અને હાઈવે પરથી પસાર થતાં લોકોના ટોળેટોળા એકત્ર થઈ ગયા હતા. ઘાયલોની સારવાર માટે તાત્કાલિક ૧૦૮ને બોલાવવામાં આવી હતી પરંતુ ઈજાગ્રસ્તોની સંખ્યા વધુ હોઈ પાંચથી વધુ ૧૦૮ઘટનાસ્થળે રવાના કરવામાં આવી હતી.

# અમદાવાદ સહિત રાજ્યભરમાં ભીષણ ગરમી : લોકો ત્રાહિમામ

**સુરેન્દ્રનગર અને ડિસામાં મહત્તમ તાપમાન ૪૫થી પણ ઉપર આગામી બે દિવસ દરમિયાન ખુબ જ ઉંચા તાપમાન માટેની ચેતવણી જારી કરવામાં આવી : અમદાવાદમાં પણ પારો ૪૪.૬ થતાં જનજીવન ખોરવાયું**



(સંપૂર્ણ સમાચાર સેવા) અમદાવાદ, તા.૨૩

અમદાવાદ શહેરમાં ભીષણ ગરમીનો પ્રકોપ જારી રહ્યો છે. આજે રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં પારો ૪૪થી પણ ઉપર પહોંચી ગયો હતો. રાજ્યના જે વિસ્તોરમાં પારો આજે ૪૪થી ઉપર રહ્યો હતો તેમાં અમદાવાદમાં ૪૪.૬, ગાંધીનગરમાં ૪૪.૫, ડિસામાં ૪૫.૨, ઈડરમાં ૪૪.૬, અમરેલીમાં ૪૪, રાજકોટમાં ૪૪.૪, સુરેન્દ્રનગરમાં ૪૫.૭, ભુજમાં ૪૪.૨ અને કંડલા એરપોર્ટ ૪૪.૬ સુધી પારો પહોંચી ગયો હતો. બપોરના ગાળામાં લોકો ગરમીના કારણે ત્રાહિમામ પોકારી ગયા હતા. બીજી બાજુ ઉંચા તાપમાન માટેની ચેવતણી તંત્ર દ્વારા જારી કરવામાં આવી છે. તીવ્ર હિટવેવ કચ્છના જુદા જુદા ભાગોમાં જોવા મળી શકે છે. ઉત્તર ગુજરાતમાં પણ આવી જ સ્થિતિ રહી શકે છે. સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં પણ કાળઝાળ ગરમીનું મોજુ ફરી વળ્યું છે. આગામી બે દિવસ માટે હિટવેવની ચેતવણી પણ જારી કરવામાં આવી છે. સૌરાષ્ટ્ર અને કચ્છના જુદા જુદા ભાગોમાં પારો ૪૧થી ૪૫ સુધી રહી શકે છે. આજે સૌથી વધુ ગરમીનો અનુભવ સુરેન્દ્રનગરમાં થયો હતો. જ્યાં મહત્તમ તાપમાન ૪૫.૭ ડિગ્રી રહ્યું હતું. આ ઉપરાંત ડિસામાં પણ પારો ૪૫.૨ સુધી પહોંચ્યો હતો. અમદાવાદમાં આજે પારો ૪૪.૬ ડિગ્રી રહ્યો હતો. બપોરના ગાળામાં લોકોએ આગઝરતી ગરમીનો અનુભવ કર્યો હતો. રસ્તાઓ સુમસામ દેખાયા હતા. બપોરના ગાળામાં આગઝરતી ગરમીનો અનુભવ કર્યો હતો. અમદાવાદમાં બપોરના ગાળામાં ભરચક રહેતા વિસ્તારો પણ સુમસામ દેખાતા હતા. લોકોએ બપોરના ગાળામાં બહાર નિકળવાનું ટાળ્યું હતું. તબીબો પણ વધુ પ્રમાણમાં પાણીનો ઉપયોગ કરવાની સલાહ આપી રહ્યા છે.

# ગુજરાતના જાણીતા હાસ્ય લેખક વિનોદ ભટ્ટનું અવસાન

(જી.એન.એસ)અમદાવાદ,તા.૨૩

ગુજરાતીઓ માટે માઠાં સમાચાર આવ્યાં છે. ગુજરાત અને ગુજરાતી ભાષાના લાડીલા હાસ્યલેખક વિનોદ ભટ્ટનું અમદાવાદમાં નિધન થયું છે. તેમના નિધનના સમાચારના પગલે સાહિત્યજગતમાં શોકનું મોજું ફરી વળ્યું છે. વિનોદ ભટ્ટ છેલ્લાં કેટલાક સમયથી બીમાર હતાં. આજે બુધવારે ૧૧.૦૫ વાગ્યે વિનોદ ભટ્ટ અંતિમ શ્વાસ લીધા હતા. ઉલ્લેખનીય છે કે થોડા સમય પહેલાં જ તેમના પત્ની નલિનીબહેનનું અવસાન થયું હતું. તેના ટૂંકા અંતરાલમાં જ વિનોદ ભટ્ટ પણ અનંતની કેડીએ ચાલી નીકળ્યાં છે. ૨૮ જાન્યુઆરીએ નલિનીબહેનના અવસાન બાદથી તેમની તબિયત નાદુરસ્ત રહેતી હતી. તેમની તબિયત જ્યારે બગડી ત્યારે સાંજે યુરિનનું પ્રમાણ વધતાં દાખલ કરાએલા વિનોદ ભટ્ટને હોસ્પિટલમાં ઓક્સિજન પર રાખવામાં આવ્યાં હતાં. ત્યાર પછી તેમને ઘેર લઈ જવામાં આવ્યાં હતાં. પદ્મશ્રી વિનોદ ભટ્ટનો જન્મ ૧૪ જાન્યુઆરી ૧૯૩૮ના રોજ દહેગામ પાસેના નાંદોલમાં ઔદિચ્ય બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. ૧૯૬૧માં અમદાવાદની એચ એલ કોમર્સ કોલેજના સ્નાતક થયાં બાદ તેમણે એલએલબી કર્યું હતું. ગુજરાતમાં ઉત્તમ હાસ્ય સાહિત્યકારોની શ્રેણીમાં નામ નોંધાવનાર વિનોદ ભટ્ટ વ્યવસાયે ટેક્સ સલાહકાર હતાં.



# કચ્છમાં ૩.૩ની તીવ્રતાના ભૂકંપના આંચકાથી લોકોમાં ફફડાટ

(જી.એન.એસ)કચ્છ,તા.૨૩

કચ્છમાં ભૂકંપ ને કારણે સવારે ફરી એકવાર ધરા ધ્રુજી ઉઠી હતી અને ભૂકંપના આંચકા અનુભવાતા લોકોમાં ફફડાટ ફેલાઈ ગયો હતો. પૂર્વ કચ્છની ધરા વધુ એકવાર ૩.૪ના ભૂકંપના આંચકા ધ્રુજી ઉઠી હતી.

બુધવારે વહેલી સવારે ૪.૩૭ કલાકે ભચાઉથી નવ કિલોમીટર દૂર અને રાપરથી ૪૮ કિલોમીટર દૂર ભૂકંપનું કેદ્રશબદુ નોંધાયું હતું.

૩.૩ તીવ્રતાના ભૂકંપના આંચકાના કારણે વહેલી પરોઢે મીઠી નિંદર માણી રહેલાં ભચાઉ અને આસપાસના અનેક લોકો ઝબકીને જાગી ગયા હતા. ગાંધીનગર સ્થિત ઈન્સ્ટિટ્યૂટ ઑફ સિસ્મોલોજી રીસર્ચમાંથી પ્રાપ્ત વિગત અનુસાર ચાલુ વર્ષે જાન્યુઆરીથી લઈ આજ દિવસ સુધીમાં પૂર્વ કચ્છમાં ૩થી ૪ કે તેથી ઉપરની તીવ્રતા ધરાવતા ૨૭ આંચકા નોંધાયા છે.

જ્યારે છેલ્લે, ૧૩ જૂલાઈના રોજ દુધઈ નજીક ૩.૩ અને ૫ જૂલાઈના રોજ ભચાઉ નજીક ૩.૩ની તીવ્રતાના ભૂકંપના આંચકા નોંધાયા હતા.

# ધર્મેશ શાહ છેલ્લે પત્ની અને પુત્રીઓનું મોં જોઈ ન શકયા

## પરિવારને ખતમ કરનાર અંતિમવિધિમાં ગેરહાજર : ધર્મેશભાઈ આઘાત અને કોઈને મોં બતાવી શકે તેમ નહીં હોઈ સમાજની શરમે હાજર નહી રહ્યા હોવાનું અનુમાન


(સ.સ. સે.) અમદાવાદ,તા. ૨૩

જજીસ બંગ્લોઝ-બોડકદેવ વિસ્તારમાં આવેલ રત્નમ્ ટાવરમાં રહેતા અને બિલ્ડિંગ કન્સ્ટ્રકશનનો વ્યવસાય કરતા બિલ્ડર દ્વારા રિવોલ્વર વડે ગાઢ નિંદ્રામાં પોઢી રહેલી પોતાની પત્ની અને અને બે પુત્રીઓની પોઈન્ટ બ્લેન્ક રેન્જથી ઠાર મારી હત્યા કરવાના ચકચારભર્યા પ્રકરણમાં હત્યારા ધર્મેશભાઈ આજે તેમની પત્ની અને બે પુત્રીઓના અંતિમ સંસ્કાર વખતે પણ હાજર રહ્યા ન હતા. પરિવારને ખતમ કરવાના આઘાત કોઈને મોં બતાવી શકવાની સ્થિતિમાં ના હોઈ તેઓ સમાજની શરમે હાજર ના રહ્યા હોવાનું અનુમાન સેવાઈ રહ્યું છે. આમ, ધર્મેશભાઈ છેલ્લી વખત પોતાની પત્ની અને પુત્રીઓનું મોં પણ જોઈ શકયા ન હતા. ધર્મેશભાઈના પત્ની અમીબહેન અને તેમની પુત્રી હેલી તેમજ દીક્ષાનાં થલતેજ સ્મશાન ખાતે આજે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. ધર્મેશભાઈને અંતિમ સંસ્કારમાં હાજર રાખવા માટે પરિવારજનોએ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં અરજી કરી હતી. પોલીસે તેઓને હાજર રાખવા માટે પમિશન પણ આપી હતી પરંતુ ધર્મેશભાઈ અંતિમ સંસ્કારમાં હાજર રહ્યા ન હતા. ધર્મેશભાઈ સ્મશાનમાં પરિવારજનો અને પરિસ્થિતિનો સામનો ન કરી શકે તેમ હોઈ અંતિમ સંસ્કારમાં હાજર ન રહ્યા હોવાનું મનાઈ રહ્યું છે. કાળજું કંપાવી દે તેવી બોડકદેવની હત્યાની ઘટનામાં મૃત્યુ પામેલાં અમીબહેન અને તેમની બંને પુત્રી હેલી અને દીક્ષાની આજે સવારે સ્મશાનયાત્રા નીકળી હતી. જેમાં મોટી સંખ્યામાં પરિવારજનો અને ફ્લેટના સ્થાનિક રહીશો જોડાયા હતા. થલતેજ સ્મશાન ખાતે તેઓના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા.

# અરબી સમુદ્રના નૈઋત્ય દિશામાં ડીપ ડિપ્રેશનની સ્થિતિ, 'મેકુનુ' વાવાઝોડુ સક્રિય

(જી.એન.એસ)અમદાવાદ,તા.૨૩

અરબી સમુદ્રમાં મેકુનુ વાવાઝોડું સર્જાયો છે. નૈઋત્ય દિશામાં ડીપ ડીપ્રેશન વાવાઝોડું સર્જાતા ૧૩ કિમીની ઝડપે ઓમાન તરફ આગળ વધી રહ્યું છે. જો કે વાવાઝોડાને લઈને ગુજરાતમાં કોઈ અસર જોવા મળશે નહિં. પરંતુ આગમચેતીના ભાગરૂપે હવામાન વિભાગે એલર્ટ આપ્યું છે. આ સાથે જ ગુજરાતના બંદરો પર ૨ નંબરનું સિગ્નલ લગાવાયું છે અને માછીમારોને સમુદ્રમાં નહીં જવા સૂચના આપવામાં આવી છે. એક તરફ મેકુનુ આવે છે તો બીજી તરફ રાજ્યમાં અગનવર્ષા વરસી રહી છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે સૌરાષ્ટ્રમાં હિટવેવ રહેશે. સૌરાષ્ટ્ર-કચ્છમાં ૪૪થી ૪૫ ડિગ્રી તાપમાન રહે તેવી સંભાવના છે. જ્યારે અમદાવાદમાં પણ ૪૩ ડિગ્રી આસપાસ તાપમાન રહે તેવી સંભાવના છે. આમ સૂર્યના પ્રકોપથી લોકો પરેશાન થઈ રહ્યાં છે. સાથે જ લોકોનાં જીવન પર પણ અસર પડી રહી છે. એક તરફ રાજ્યમાં અનેક જગ્યાએ કાળઝાળ ગરમી અને બફારો થઈ રહ્યો છે. ત્યારે આ વચ્ચે દક્ષિણમાં આજે વહેલી સવારે વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો. વહેલી સવારથી અસહ્ય ઉકળાટ અને ગરમી બાદ વલસાડ અને ભરૂચ જિલ્લામાં એકાએક વાતાવરણ પલટો જોવા મળ્યો હતો. અનેક જગ્યાએ ઠંડા પવનો ફૂંકાવવાની સાથે વરસાદી માહોલ બંધાયો હતો. આમ છેલ્લા ઘણા સમયથી ગરમી સહન કરી રહેલા લોકોએ ઠંડકનો અનુભવ કર્યો હતો.



# વોડાફોને ગ્રાહકને મોકલાવ્યો ૨ પૈસાનો ચેક

## ૯૮ પૈસા બાકી લેણા પેટે ગ્રાહકે ચૂકવ્યો હતો રૂપિયો, ઈન્ડિયા બુક ઓફ રિકોર્ડ્સમાં નોંધાયુ નામ



મોરબી, તા. ૨૩

કરોડોનો કારોબાર કરનારી મલ્ટી નેશનલ ટેલીકોમ કંપની વોડાફોને ૯૮ પૈસા બાકી રહેવાના કારણે એક યુવકના ફોનનંબરની સર્વિસ બંધ કરી નાખી. યુવકે કંપનીને એક રૂપિયો બાકી લેણા પેટે ચૂકવ્યો અને ત્યારબાદ તેના નંબરની સર્વિસ ફરી શરૂ કરવામાં આવી. ખાસ વાત એ હતી કે કંપનીએ ૯૮ પૈસાની બાકી રકમ સામે યુવકે જે એક રૂપિયો ચૂકવ્યો તેના યુવકને ચૂકવવાના ૨ પૈસાનો ચેક આપ્યો. યુવક તો આ ૨ પૈસાનો ચેક જોઈને સ્તબ્ધ થઈ ગયો.

મળતી માહિતી મુજબ મોરબીની આ ઘટના છે. વોડાફોન કંપનીએ માત્ર ૯૮ પૈસાની વસૂલી માટે સંદીપ રાવલ નામના યુવકની સેવાઓ બંધ કરી દીધી. ત્યારબાદ સંદીપે વોડાફોન સ્ટોરમાં જઈને એક રૂપિયો જમા કરાવ્યો ત્યારે તેની તમામ સેવાઓ ફરી શરૂ થઈ. જો કે ત્યારબાદ ગ્રાહકે આપેલા એક રૂપિયા સામે તેના બાકીના ૨ પૈસા વોડાફોને ચેક દ્વારા પરત કર્યાં. આમ કરીને ગ્રાહક અને કંપનીએ નવો ઈતિહાસ રચી નાખ્યો છે. 'સ્મોલેસ્ટ એવર અમાઉન્ટ ચેક પેમેન્ટ પેઈડ' માટે સંદીપ રાવલનું નામ 'ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ્સ'માં સામેલ કરવામાં આવ્યું છે. મોરબીના સામાકાંઠા વિસ્તારમાં રહેતા સંદીપ રાવલે જણાવ્યું કે તેમનો સિરામિકનો બિઝનેસ છે. અનેક વર્ષોથી વોડાફોન કંપનીનું પોસ્ટપેડ કાર્ડ તે વાપરતા હતાં. થોડા સમય પહેલા જ તેમણે પ્રીપેડ સર્વિસ કરાવી હતી. પરંતુ કંપનીએ માત્ર ૯૮ પૈસા માટે થઈને તેમના ફોનનંબરની સર્વિસ બંધ કરી નાખી. સંદીપભાઈએ કહ્યું કે ફોનની સર્વિસ ફરી શરૂ કરાવવા માટે તેમણે વોડોફોન કંપનીમાં એક રૂપિયો જમા કરાવ્યો.

contact@wearedeveloper.in 9033263836 / 9909204606
Join us... for Better Future as Developer
Hiring :
- WordPress Developer / Trainee
- Android Developer
- HTML Designer / Trainee
- Graphics Designer
Training Class :
- Android APP Development Course/ Learn on live Projects
- 6 months Course
Skills You Need :
- Basic Programing Knowledge.
- Ready For Learning New Technology.
- Having ability to work as part of Team.
- Knowledge of JAVA for Android App Training.
WE ARE DEVELOPERS
309, Eva Surbhi, Opp. Aksharwadi, Waghawadi Road, Bhavnagar.
New Batch Starting Soon
Reserve Your Place Today!

Printer's, Publisher and Owner, Muntzir Jusabbhai.Sidatar and Printed Lok Sansar Prakashan, 356, Vibrant ind. park, Moti talav, Bhavnagar and Published from TF-29 Business Center, Ghogha Gate, Bhavnagar. Editor Muntzir Jusabbhai Sidatar